Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 23 OCTOBER, 2020 Vol. 16, No. 42 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## કોરોનાને લીધે ફેબ્રુઆરી ૨૦૨૦થી આંતરરાષ્ટ્રીય અવરજવર પર લદાયેલા પ્રતિબંધમાં છૂટછાટનો નિર્ણય

# ભારતે ટૂરિસ્ટ સિવાયના વિઝા પરથી રોક હટાવી

### ભારતમાં આવનારા નાગરિકોએ મંત્રાલયના દિશા-નિર્દેશોનું પાલન કરવું પડશે

નવી દિલ્હી : કોવિડ-૧૯ રોગચાળાને લઈને ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે ફેબ્રુઆરી, ૨૦૨૦થી આંતરરાષ્ટ્રીય મુસાફરોની આંતરિક અને બાહ્ય આવાગમનને રોકવા માટે અનેક પગલાં લીધાં હતાં. હવે તે પ્રતિબંધોમાં ક્રમશઃ છૂટછાટ આપવાનો સરકારે હવે નિર્ણય લીધો છે. તેથી, ટુરિસ્ટ વિઝા સિવાયના કોઈ પણ હેતુથી ભારતની મુલાકાતે આવવા માંગતા ઓસીઆઈ અને પીઆઈઓ કાર્ડ ધારકો અને અન્ય તમામ વિદેશી નાગરિકોને અધિકૃત વિમાની મથકો અને સી-પોર્ટ ઈમિગ્રેશન ચેક પોસ્ટ્સ દ્વારા હવાઈ અથવા જળ માર્ગો પર પ્રવેશવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમાં વંદે ભારત મિશન, એર ટ્રાન્સપોર્ટ બબલની વ્યવસ્થા હેઠળ અથવા નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા મંજૂરી મળેલી કોઈ પણ અનુસૂચિત વાણિજ્યિક ફ્લાઈટ્સ દ્વારા સંચાલિત ફ્લાઈટ્સ સામેલ છે. તેમ છતાં, આવા તમામ મુસાફરોએ આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકાનું સખત પાલન કરવું પડશે.

આ છૂટછાટ અંતર્ગત ક્રમશઃ ભારત સરકારે પણ તમામ હાલના વિઝા (ઈલેક્ટ્રોનિક વિઝા, ટૂરિસ્ટ વિઝા અને મેડિકલ વિઝા સિવાય) તાત્કાલિક અસરથી પુનર્સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. જો આવા વિઝાની માન્યતા સમાપ્ત થઈ ગઈ હોય, તો યોગ્ય કેટેગરીઝના નવા વિઝા સંબંધિત ભારતીય મિશન / પોસ્ટ્સથી મેળવી શકાય છે.

# H-1B સ્પેશિયાલિટી બિઝનેસ વિઝા બંધ કરવા USનો પ્રસ્તાવ

વોશિંગ્ટન : અમેરિકાના વિદેશ વિભાગે H-1B સ્પેશિયાલિટી વ્યવસાયો માટેના બિઝનેસ વિઝા જારી નહીં કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ટ્રમ્પ સરકારનો આ પ્રસ્તાવ સેંકડો ભારતીયોને અસર કરી શકે છે. અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું કે, જો ટ્રમ્પ સરકાર દ્વારા રજૂ કરાયેલો પ્રસ્તાવ મંજૂર કરી દેવાશે તો એચ પોલિસીના અવેજમાં જારી કરાતા B-1 વિઝા અંગેની ખોટી ધારણા દૂર થઈ જશે. કંપનીઓ એમ માને છે કે અમેરિકનો માટે સંસદ દ્વારા સ્થાપિત એચ નોન ઈમિગ્રન્ટ ક્લાસિફિકેશનને સંબંધિત નિયંત્રણોને અવગણીને આ વિઝા કેટેગરીમાં વિદેશમાંથી સ્કિલ્ડ લેબરને અમેરિકામાં લાવી શકાશે.

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

# ભારતમાં સૌપ્રથમ ૩ કરોડ કોરોના વોરિયર્સને રસી અપાશે

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com




નવી દિલ્હી : કેન્દ્રનાં ગૃહ મંત્રાલયના અધિકારીઓએ સંકેતો આપ્યા હતા કે દેશમાં વેક્સિન આવ્યા પછી પહેલા તબક્કામાં ૩ કરોડ લોકોને અપાશે. સરકારે આ માટે ૩ કરોડ વેક્સિનના સંગ્રહની વ્યવસ્થા કરી છે.

પહેલા તબક્કામાં જે ૩ કરોડ લોકોને વેક્સિન અપાશે તેમાં ૭૦થી ૮૦ લાખ ડોક્ટર અને ૨ કરોડ આરોગ્ય કર્મીઓ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ આવતા વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં દેશમાં વેકિસન આવી શકે છે.

આ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં કોરોના રસીના ૬૦ કરોડ ડોઝ ખરીદવામાં આવશે. જેમાં કોરોના વોરિયર્સને પ્રાથમિક્તા સાથે રસી અપાશે.

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

50th Anniversary Sale!
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Happy Navratri
Happy Diwali
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં કોરોના બેકાબૂ: વધુ ૨૪૯૩ કેસ, ૩૬ મોત

## સમગ્ર દેશમાં ૨૩૧૮૧ એક્ટિવ કેસ હોવાથી તંત્રની ચિંતા વધી: ૨૧૫ દર્દીઓની હાલત કટોકટ

ઓન્ટેરિયો : છેલ્લા ૨૦ દિવસથી કેનેડામાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું હોય તેમ દિન-પ્રતિદિન વાયરસનો ચેપ લોકોને ચપેટમાં લઈ રહ્યો છે. ગુરૂવારે સાંજે વિતેલા ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં ૨૪૯૩ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૩૬ લોકો વાયરસના ખપ્પરમાં હોમાઈ ગયા હતા. દેશમાં હજી પણ ૨૩૧૮૧ કોરોનાના એક્ટિવ કેસ છે, જે બાબત સરકાર, પ્રશાસન તેમજ પ્રજા માટે ચિંતાજનક બની છે. આ ઉપરાંત હોસ્પિટલમાં કોવિડ ૧૯ની સારવાર લઈ રહેલા ૨૧૫ની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવાર સાંજ સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં નવા ૮૪૧ કેસ નોંધાવા સાથે ૯ વ્યક્તિઓના મોત નિપજ્યાં હતા. જ્યારે ક્યુબેકમાં નવા ૧૦૩૩ દર્દી મળ્યા હતા. અહીં ૨૦ લોકોના મોત કોરોનાને કારણે થયા હતા. આ ઉપરાંત મેનિટોબામાં નવા ૧૪૭ કેસ સાથે ચારના મોત, ન્યુફાઉલેન્ડ અને લેબ્રાડોરમાં એક નવો કેસ તથા ન્યુ બ્રુન્સવીકમાં ૩ નવા કોરોનાના કેસ નોંધાયા હતા. આ ઉપરાંત સાશ્કેચ્વાનમાં ૬૨ દર્દીઓ કોરોના પોઝિટિવ હોવાની પૃષ્ટિ થઈ હતી.

સમગ્ર દેશમાં અત્યાર સુધી નોંધાયેલા કોરોનાના કેસમાં કુલ સંખ્યા ૨,૦૮,૪૪૭ થઈ ગઈ છે, જ્યારે કુલ મૃતાંક ૯૮૬૨ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં ૧,૭૫,૪૦૪ દર્દીઓને કોરોનામાંથી મુક્ત કરવામાં સફળતા મળી છે.

**અમેરિકામાં મહામારી કાબૂમાં નહીં આવતાં કેનેડા સરકારનો નિર્ણય**

# કેનેડા-અમેરિકા સરહદબંધીની સમયમર્યાદા ફરી વખત વધારાઈ

**મંત્રી બ્લેરેની જાહેરાત બાદ અમેરિકા દ્વારા નિર્ણયની પૃષ્ટિ કરાઈ**



ઓટાવા : કેનેડા અને અમેરિકા વચ્ચેની સરહદ બિનજરૂરી પ્રવાસ માટે ૨૧મી નવેમ્બર સુધી બંધ રહેશે એવી જાણકારી પબ્લિક સેફટી મિનિસ્ટર બિલ બ્લેરે સોમવારે સવારે આપી હતી. જે માર્ચથી અમલી બનેલી કોવિડ -૧૯ના પ્રસારને અટકાવવા માટેની પોલીસી મુજબ છે. સરહદ બંધ રાખવાના નિર્ણય પાછળનું કારણ અમેરિકામાં કોવિડની સૌથી વધુ અસર હજુ જોવા મળતી હોવાનું છે. જે વિશ્વમાં દરરોજ નોંધાતા કેસોની બાબતમાં બીજા ક્રમે છે.

કોવિડ-૧૯ને નાથવા માટે લેવાયેલા પગલાઓને કારણે પ્રાસંગિક પ્રવાસ, વેકેશન, એક બે દિવસની ટ્રીપ અને સીમાપારની ખરીદી પર માર્ચ માસથી પ્રતિબંધ લદાયો છે. આ પ્રતિબંધો આવશ્યક સેવાઓ પોતાના દેશમાં આપનારાઓ અને વ્યાપારી શીપમેન્ટસ અને સરહદ પારના કામદારોને લાગુ પડતા નથી. બ્લેરે નવા એક માસના વધારાની જાહેરાત ટ્વિટ્ર પર કરી હતી. અમેરિકાના હોમલેન્ડ સિકયુરીટી વિભાગે પણ આ સમાચારને ટ્વિટર પર સમર્થન આપ્યું હતું. અમેરિકાના કાર્યકારી હોમલેન્ડ સિકયુરીટી સેક્રેટરી ચેન્ડ વોલ્ફે ટ્વિટર પર જણાવ્યું હતું કે, કોવિડના પ્રસારને અટકાવવાના પ્રયાસ રૂપે અમેરિકા, કેકિસકો અને કેનેડાએ બિનજરૂરી સીમાપારના પ્રવાસ ઉપરના પ્રતિબંધને ૨૧મી નવેમ્બર સુધી લંબાવ્યો છે. જેથી પ્રતિબંધો ઘટાડવા માટેના સલામત ધોરણો નક્કી કરી નજીકના ભવિષ્યમાં પગલા લઈ શકાય. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, જયાં સુધી અમેરિકામાં મહામારી કાબુમાં આવવાના પુરાવાઓ નહીં મળે ત્યાં સુધી પ્રતિબંધો હટાવી ન શકાય. અમને સરહદ ખુલ્લી રાખવાનું ગમે છે પણ કેનેડિયનોના હીતમાં નહીં હોય, ત્યારે એવું કરી શકાતું નથી. એમ તેમણે સોમવારે રેડીયો પરની વાતચીતમાં જણાવ્યું હતું.















# ઓન્ટેરિયોમાં માત્ર 5% લોકો દ્વારા કોવિડ એપનો ઉપયોગ

- ઓન્ટેરિયોમાં અત્યાર સુધી ૨૫૦૦૦થી વધુ કોરોનાના કેસ અત્યાર સુધી નોંધાઈ ચુકયા છે
- કેનેડામાં અંદાજે ૪.૭ મિલીયન ફોનમાં કોવિડ એલર્ટ એપ ડાઉનલોડ કરાયું




ઓન્ટેરિયો: મહામારીના બીજા તબક્કામાં ઓન્ટેરિયોના કોરોના વાઈરસ કેસો પૈકી માત્ર ગણતરીના દર્દીઓએ જ કોવિડ એલર્ટ એપનો ઉપયોગ ચેપની જાણ માટે કર્યો હોવાનું બહાર આવતા આ એપની અસરકારકતા ઘટી રહી હોવાનું માનવામાં આવી રહયું છે. પ્રાંતિય સરકાર તરફથી મળતા આંકડાઓ મુજબ કોવિડ એલર્ટ એપનો ઉપયોગ કરનારા ૧૩૫૪ કેસોની જાણ જુલાઈની ૩૧મીએ એપ લોન્ચ થયા બાદ થઈ હતી. ઓન્ટેરિયોમાં ૨૫૦૦૦થી વધુ કોરોનાના કેસ અત્યાર સુધી નોંધાઈ ચુકયા છે. એટલે જો એપની અસરકારકતા જોવા જઈએ તો માત્ર ૫ ટકા લોકોએ જ તેમને ચેપ હોવાની જાણ એપ મારફતે કરી હતી. એપની રચના મુજબ જો કોઈ કોરોનાગ્રસ્ત વ્યકિત એપ ધરાવતો હોય તો એ બે મીટર દૂર હોય ત્યારે જ એપ ધરાવનારા અન્યને એની જાણ થઈ જતી હોય છે.

જો કે, આ આંકડાઓથી એવું પણ પુરવાર થતું નથી કે એપ બરાબર કામ નથી કરતું એમ પબ્લીક હેલ્થના નિષ્ણાંતો માને છે. યુનિર્વસિટી ઓફ ટોરોન્ટોની ડાલા લાના સ્કુલ ઓફ પબ્લિક હેલ્થના એપીડેમીયોલોજીના એસોસિયેટ પ્રોફેસર સુસાન બોન્ડી કહે છે કે, પબ્લિક હેલ્થની બાબતમાં એવી માન્યતા છે કે, કોઈ પણ પદ્ધતિ હંમેશા માટે સંપૂર્ણ સાચી કે અસરકારક હોતી નથી. એટલે આપણે એની ટીકા ન કરવી જોઈએ. મોબાઈલ ટેકનોલોજીનો આરોગ્ય માટે ઉપયોગ કરવાના નિષ્ણાંત અને યુનિર્વસિટી ઓફ ટોરોન્ટોની ઈન્સ્ટીટયૂટ ઓફ હેલ્થ પોલીસી, મેનેજમેન્ટ એન્ડ ઈવેલ્યુએશનના આસિસ્ટન્ટ પ્રોફેસર એમિલી સેટો કહે છે કે, એપ તો વાઈરસના પ્રસારને ઓછો કરવા માટેના ધારાધોરણોનો એક હિસ્સો જ છે. હું નથી માનતો કે એવું માની લેવુ યોગ્ય નથી કે આ એપ જ આપણા માટેનું મહત્વનું હથિયાર બની રહેશે. એ તો માત્ર એક સાધન છે. આપણે અત્યારે એવી પરીસ્થિતિમાં છીએ કે, આપણે દરેક સાધનનો ઉપયોગ કરવો જોઈએ, જે આપણા માટે ઉપયોગી બની શકે. આ એપને કેનેડામાં અંદાજે ૪.૭ મિલીયન ફોનમાં ડાઉનલોડ કરાયું છે.

કયા પ્રાંતમાં કેટલા લોકોએ ડાઉનલોડ કર્યુ છે એના વિગતવાર આંકડાઓ ઉપલબ્ધ નથી. છતાં એનો ઉપયોગ આઠ પ્રાંતોમાં થઈ રહ્યો છે.

## સંગઠનો, કામદારો અને વેપારીઓના હિત માટે ઓન્ટેરિયોમાં પગલાં ભરાશે

- પ્રાંતીય વિધાનસભામાં ખરડો રજૂ કરાયો, નાગરિકોના મહત્વના સૂચનોને સમાવાયા

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના એટોની જનરલ ડગ ડોવનીએ મંગળવારે પ્રાંતીય વિધાનસભામાં રજુ કરેલો પ્રસ્તાવ જો મંજુર થાય તો ઓન્ટેરિયો કેટલાક બિનનફાકારક સંગઠનો, કામદારો અને બિઝનેસમેનને કોવિડ -૧૯ને કારણે સર્જાયેલી આર્થિક જવાબદારીઓના રક્ષણ માટે કવચ પુરૂં પાડી શકશે.

ડાઉનીએ કહ્યું હતું કે, જો ખરડો પસાર થશે તો દરેક માટે જાહેર આરોગ્યની ગાઈડલાઈનનું પાલન જાહેર જીવનમાં કામ કરતી વખતે કે સ્વયંસેવા કરતી વખતે પ્રામાણિકપણે કરવાની ખાતરી મળી શકશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ ખરડો પસાર થવાથી એવા લોકો બચી શકશે નહીં જે જાણી જોઈને કે જેમની ભારે ગફલતથી બીજાને નુકસાન પહોંચાડયું હોય. આરોગ્ય કર્મચારીઓ અને આગળ પડતી જવાબદારી લઈને કામ કરનારા કામદારો, સખાવતી સંસ્થાઓ અને નોન પ્રોફિટ સંગઠનોને આ ખરડામાં સમાવી લેવામાં આવશે. આ કાનૂનથી કોચીસ, સ્વયંસેવકો અને નાના સહકારી એસોસિયેશનોને પણ આવરી લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, આ ખરડાનો ૧૭મી માર્ચ, ૨૦૨૦થી અમલ શરૂ થશે.

## ઓન્ટેરિયોમાં ક્રિસમસની અલગ પ્રકારથી ઉજવણી માટે લોકોએ તૈયાર રહેવું જરૂરી

ટોરોન્ટો: કોવિડ - ૧૯ના પ્રસારને ધીમો પાડવા માટે અમલી જાહેર આરોગ્યને લગતા કેટલાંક મહિનાઓના પ્રતિબંધો બાદ પણ પ્રાંતના અધિકારીઓ એમ માની રહ્યા છે કે, લોકોએ રજાઓ માણવા એક બીજાના ઘરે કે જાહેર સ્થળોએ એકત્રિત થવાની આશા રાખવી જોઈએ. જો કે, એક ઈન્ફેકશન નિષ્ણાંત કહે છે કે, ઓન્ટેરિયોવાસીઓએ આ વર્ષે ક્રિસમસ અલગ રીતે ઉજવવાની તૈયારી રાખવી જોઈએ.

આ મહિનાના આરંભે અધિકારીઓએ ઓન્ટારીયનોને માત્ર પોતાના પરિવાર સાથે જ એકત્ર મળીને ઉજવણી કરવા અપીલ કરી હતી. કેમકે પ્રાંતમાં કોવિડ -૧૯ના કેસોમાં ઘણો વધારો જોવા મળ્યો હતો. સોમવારે ઓન્ટેરિયોના ચીફ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થે ટોરોન્ટો, પીલ વિસ્તાર, ઓટાવા અને યોર્ક પ્રાંતના લોકોને મોટા પ્રમાણમાં એકત્ર થવાનું ટાળવા જણાવ્યું હતું. કેમ કે, સંક્રમણની ગતિ વધી રહી છે.

સોમવારે એક પત્રકાર પરિષદમાં પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, મિત્રો આપણે બધા જ જાણીએ છીએ કે, નિયમિત રીતે ઉજવાતા હેલોવીનના ઉત્સવને આ વખતે ઉજવી શકાશે. આપણે અત્યારે જે પગલા લઈશું એ જ આપણને ક્રિસમસની ઉજવણી માટે યોગ્ય વાતાવરણ આપી શકશે.

# ભૂખમરો-કુપોષણમાં દયનીય સ્થિતિ વિકાસશીલ ભારતની નગ્ન હકીકત

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

તાજેતરમાં જ ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં પાકિસ્તાન, નેપાળ અને બાંગ્લાદેશ કરતા પણ ભારતનો દેખાવ નબળો રહ્યો છે. આમ તો ભારતમાં ખાદ્યાન્નનું ઉત્પાદન તો મબલખ થાય છે. પરંતુ કંગાળ વિતરણ વ્યવસ્થાને પાપે અનાજનો મોટો હિસ્સો લોકો સુધી પહોંચવાના બદલે સરકારી ગોડાઉનમાં જ સડી જાય છે. ૭૦ વર્ષ સુધી રાજ કરનાર કોંગ્રેસ અને હવે ૭ વર્ષથી મોદી સરકાર પણ આ સ્થિતિને કાંઈ ઝાઝી સુધારી શકી નથી. વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં ભારતમાં ભૂખમરો મોટી સમસ્યા છે. સરકારના વિકાસના દાવાઓ વચ્ચે દેશમાં ભૂખમરો સતત વધી રહ્યો છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૨૦માં ૧૦૭ દેશોની યાદીમાં ભારત ૯૪મા સ્થાને છે અને ભૂખની ગંભીર શ્રેણીમાં છે. આ રેન્કિંગમાં બાંગ્લાદેશ અને શ્રીલંકા તો ઠીક, પાકિસ્તાન કરતા યે ભારત પાછળ છે. પાડોશી બાંગ્લાદેશ, મ્યાંમાર અને પાકિસ્તાન પણ ગંભીર શ્રેણીમાં છે. પરંતુ ભારત કરતા ઉપરના સ્થાને છે. બાંગ્લાદેશ ૭૫મા, મ્યાંમાર ૭૮ અને પાકિસ્તાન ૮૮મા સ્થાને છે. રિપોર્ટ અનુસાર નેપાળ ૭૩ અને શ્રીલંકા ૬૪મા સ્થાને છે. બંને દેશો મધ્યમની શ્રેણીમાં આવે છે. ચીન, બેલારુસ, યૂક્રેન, તુર્કી, ક્યૂબા અને કુવૈત સહિત ૧૭ દેશ ભૂખ અને કુપોષણ પર નજર રાખતા ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ટોચના સ્થાને છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા કન્સર્ન વર્લ્ડવાઈડ અને જર્મનીની પ્રતિષ્ઠિત સંસ્થા વેલ્ટ હંગર હિલ્ફ દ્વારા જાહેર થયેલા આ વર્લ્ડ હંગર ઈન્ડેક્સ અનુસાર આફ્રિકાના કેટલાંય દુષ્કાળ અને ભૂખમરાથી પીડિત દેશો કરતા પણ ભારતમાં વધારે ભૂખમરો છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ વૈશ્વિક, ક્ષેત્રીય અને રાષ્ટ્રીય સ્તરે ભૂખમરાનું આકલન કરે છે. આ ઈન્ડેક્સમાં બાળમૃત્યુદરની ગણતરી પણ કરાય છે. ભારતમાં ૧૪ ટકા વસતી કુપોષણથી પીડિત છે. વર્ષ ૨૦૦૦માં આ આંકડો ૧૮.૨ ટકા હતો. પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં વેસ્ટિંગ એટલે કે લંબાઈના પ્રમાણમાં વજનનું ઓછું હોવાની ટકાવારી ૨૦.૮ ટકા છે. જે વર્ષ ૨૦૦૦માં ૧૭.૧ ટકા હતી. એ જ રીતે પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં સ્ટંટિંગ એટલે કે ઉંમરના પ્રમાણમાં લંબાઈ ઓછી હોવાનું પ્રમાણ ૩૭.૯ ટકા છે.

જે વર્ષ ૨૦૦૦માં ૫૪.૨ ટકા હતું. પાંચ વર્ષથી ઓછી વયના બાળકોનો મૃત્યુદર ૩.૭ ટકા છે જે વર્ષ ૨૦૦૦માં ૯.૨ ટકા હતો. ભારત માટે આ પ્રદર્શન ચિંતાજનક એટલા માટે કહી શકાય કે વૈશ્વિક સ્તરે આ સૂચકાંકમાં ભૂખ અને પોષણમાં ખામીના સ્તરોમાં સુધારો જોવા મળ્યો છે. રિપોર્ટ અનુસાર ભારતની વધારે વસતીના કારણે દક્ષિણ એશિયાના બીજા દેશો કરતા અહીંયા પરિસ્થિતિ વધારે ખરાબ છે. ભારતમાં બાળકોમાં વેસ્ટિંગના દરને ખાસ કરીને અત્યંત ગંભીર ગણવામાં આવ્યો છે. ભૂખમરાની સીધી અસર પોષણ અને સ્વાસ્થ્ય ઉપર પડે છે. એ જોતાં ભારતની ભાવિ પેઢી કેટલી નબળી હશે એવી ચિંતા ઉભી થઈ છે. થોડા વખત પહેલાં યૂ.એન.ના રિપોર્ટમાં ઉલ્લેખ હતો કે, દુનિયાભરમાં ભૂખમરાથી પીડિત ૮૨ કરોડ લોકોમાંથી ૨૩ ટકા કરતાથી વધારે લોકો ભારતમાં છે. યૂ.એન.ના આ રિપોર્ટમાં દાવો કરાયો હતો કે ભારતની કુલ વસતીમાંથી આશરે ૧૪ ટકા વસતી ભૂખમરો ભોગવી રહી છે. ભૂખમરાના કારણોમાં યુદ્ધ, સંઘર્ષ, હિંસા, ક્લાયમેટ ચેન્જ, કુદરતી આફતો વગેરેનો સમાવેશ થાય છે. સવાલ એ છે કે ભારતમાં આમાંના કયા પરિબળોના કારણે ભૂખમરો વધારે છે? આફ્રિકા કે લેટિન અમેરિકી દેશોની જેમ ભારતમાં સંઘર્ષ, હિંસા જેવા પરિબળો નહિવત્ છે. ક્લાયમેટ ચેન્જ અને કુદરતી આફતોનું પ્રમાણ છે. પરંતુ દેશમાં ખાદ્યાન્નનું ઉત્પાદન પણ મબલખ થાય છે. તો પછી સ્થિતિ કેમ બગડી રહી છે. હકીકત તો એ છે કે વર્ષો પછી પણ ભારતમાં અનાજ વિતરણની સુચારુ સુવિધા નથી. ઉત્પાદન થયેલા અનાજનો એક મોટો હિસ્સો લોકો સુધી પહોંચવાના

અનુસંધાન પાના નં. ૧૨

# ભારતીય અર્થવ્યવસ્થાનું નબળું ચિત્ર મોદી સરકાર માટે પડકાર

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષે તાજેતરમાં ભારતની અર્થવ્યવસ્થા માટે કરેલી આગાહીથી સરકાર અને પ્રજાની ચિંતા વધી છે. આઈએમએફના અનુમાન અનુસાર આ વર્ષે ભારતની જીડીપી માઈનસ ૧૦.૩ ટકા રહેશે. વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક અનુસાર વર્ષ ૨૦૨૦માં બાંગ્લાદેશમાં પ્રતિ વ્યક્તિ જીડીપી ૪ ટકા વધીને ૧૮૮૮ ડોલર રહેવાની અપેક્ષા છે તો ભારતની પ્રતિવ્યક્તિ જીડીપી ૧૦.૩ ટકા ઘટીને ૧૮૭૭ ડોલર રહી શકે છે. જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછી છે. ભારતની અર્થવ્યવસ્થા માટે આઈએમએફનું આ અનુમાન અગાઉ જૂનમાં કરવામાં આવેલા પૂર્વાનુમાન કરતા ઘણું ઓછું છે. અગાઉ આઈએમએફએ કહ્યું હતું કે, કોરોનાને કારણે વિકાસશીલ બજારો સંકોચાઈ શકે છે. આઈએમએફએ જૂનમાં અનુમાન કર્યું હતું કે ભારતની અર્થવ્યવસ્થામાં ૪.૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. દક્ષિણ એશિયામાં શ્રીલંકા બાદ ભારતની અર્થવ્યવસ્થાને સૌથી ખરાબ અસર થવાની છે.

વિશ્વ બેંકે પણ કોરોના મહામારીને ભારત જેવા વિકાસશીલ દેશો માટે ભયાનક ઘટના ગણાવી છે. દેશની અર્થવ્યવસ્થાની હાલત કથળી ગઈ હોવાના દાવા તો ઘણાં સમયથી થઈ રહ્યાં છે. પરંતુ આઈએમએફના આકલન અનુસાર દેશની સ્થિતિ વધારે વણસવાના અણસાર છે. આ આંકડા ચોંકાવનારા એટલા માટે છે કે, હજુ પાંચ વર્ષ પહેલા ભારતની પ્રતિ વ્યક્તિ જીડીપી બાંગ્લાદેશ કરતા ૨૫ ટકા વધારે હતી. બીજા શબ્દોમાં કહીએ તો ભારત દક્ષિણ એશિયામાં ત્રીજો સૌથી ગરીબ દેશ બનવા તરફ અગ્રેસર છે. માત્ર પાકિસ્તાન અને નેપાળની પ્રતિવ્યક્તિ જીડીપી ભારત કરતા ઓછી હશે. જ્યારે બાંગ્લાદેશ, ભૂટાન, શ્રીલંકા અને માલદીવ જેવા દેશો ભારત કરતા આગળ હશે. થોડા વખત પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વાર્ષિક અહેવાલે ભારતની અર્થવ્યવસ્થા પર કોવિડ-૧૯ની અસરોનું અસલ ચિત્ર રજૂ કર્યું હતું. રિઝર્વ બેંકે જે સંકેતો આપ્યા તે જોતાં આર્થિક ગતિવિધિમાં અભૂતપૂર્વ મંદી આવવાના એંધાણ છે. લૉકડાઉન બાદ મે અને જૂનમાં અર્થવ્યવસ્થાએ ગતિ પકડી હતી. પરંતુ હજુ પણ ઘણાં રાજ્યોમાં કોરોનાની પરિસ્થિતિ વણસી હોવાના કારણે પાછી મંદીના લક્ષણો વર્તાવા માંડ્યા છે. આનો અર્થ એ કે આર્થિક ગતિવિધિ સંકોચાવાનું બીજા ક્વાર્ટરમાં પણ ચાલુ રહેશે. કોરોના મહામારી અને એના પગલે લાદવામાં આવેલા લૉકડાઉને અર્થવ્યવસ્થાને જે રીતે બેહાલ કરી છે એમાંથી બહાર આવતા લાંબો સમય લાગશે. ભારતમાં કરોડો લોકોની રોજીરોટી નાનામોટા વેપાર પર ટકી છે. કોરોના મહામારી અને લૉકડાઉનના કારણે લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા છે. માલસામાનનું ઉત્પાદન હજુ પાટે ચડયુ નથી. અનેક નાના મોટા એકમોને ત્વરિત સહાયની આવશ્યકતા છે.

અનુસંધાન પાના નં. ૧૨

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન





**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

દશેરા સ્પેશિયલ
ફાફડા ઝલેબી મળશે

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.





**Quarantine Special Package**

**$50 Per Day**





Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# કેનેડાની ખાધ જી-૨૦ના અન્ય દેશની સરખામણીમાં વધુ

## ૨૦૨૦ના નાણાંકીય વર્ષમાં કેનેડાના અંદાજપત્રમાં ખાધ વધીને ૩૩૦ બિલીયન યુએસ ડોલર થઈ

**એનબીએફના અર્થશાસ્ત્રી જોસેલિન પેકવેટ અને વોરેન લવલી તથા ટેલર શલેચિકે સાપ્તાહિક અહેવાલ પ્રસિદ્ધ કર્યો**



ઓટાવા : કેનેડાની સરકારી ખાધ કોવિડ -૧૯ની મહામારીથી અસર પામેલા અન્ય મોટા દેશોની સરખામણીમાં ખૂબ વધારે હોવાનો અહેવાલ સામે આવ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, આ વર્ષે કેનેડાની ખાધની રકમ લગભગ દેશના આર્થિક આઉટપુટના ૧૯.૬ ટકા જેટલો છે. નેશનલ બેંક ફાઈનાન્સીયલના વિશ્લેષકના મત મુજબ બીજા ક્રમે રહેલા યુકેથી આગળ છે અને ખાધ એના અર્થતંત્રથી લગભગ ૧૪.૬ ટકા જેટલી છે.

ફેડરલ સરકારના બેજટની ખાધ આ નાણાંકીય વર્ષમાં વધીને ૩૩૦ બિલીયન યુએસ ડોલર હોવાનું પાર્લામેન્ટરી બજેટ ઓફિસે જણાવ્યું હતું. જો કે, અન્ય દેશોની સરખામણીમાં કેનેડાએ આર્થિક રીતે વધુ સહાય કરીને દેશના અર્થતંત્રને ઝડપથી બેઠું કરવાનો પ્રયાસ કર્યો છે, એમ એનબીએફના અર્થશાસ્ત્રી જોસેલિન પેકવેટ અને વોરેન લવલી તથા ટેલર શલેચિકે સાપ્તાહિક અહેવાલમાં જણાવ્યું હતું.

આપણને એના કેટલાક સારા લાભો પણ જોવા મળી રહ્યા છે. કેનેડાના લેબર માર્કેટમાં મજબૂતી જોવા મળી રહી છે. જે અમેરિકાની સરખામણીમાં ઘણી વધુ છે. તેમણે એમ પણ નોંધ્યું હતું કે, કેનેડામાં મહામારી શરૂ થઈ ત્યારે સરકારી ખાધની સરેરાશ નીચલા સ્તરે હતી. પરંતુ જેમ જેમ એ આગળ વધી એમ ખર્ચનો બોજો વધતો ગયો હતો. જો કે, આ વર્ષે તો આઈએમએફ પણ કેનેડાની ચોખ્ખી સરકારી ખાધને ૫૦ ટકાથી ઓછી ગણશે. જે જી -૨૦ રાષ્ટ્રોમાં કદાચ સૌથી સારી ગણાશે.

# ઈલોન મસ્કની કંપનીના સેટેલાઈટ ઈન્ટરનેટના પ્લાનને તંત્રની મંજૂરી

- **કેનેડિયનોને સ્ટારલિન્કની સુવિધા ઉપલબ્ધ થવાના સમય અંગે હજી અવઢવ**

ટોરોન્ટો : ઈલોન મસ્કની માલિકીવાળી સ્પેસ એક્ષપ્લોરેશન ટેકનોલોજીસ કોર્પસ (સ્પેસેકસ)ના કેનેડાના ગ્રામીણ વિસ્તારોમાં લો અર્થ ઓર્બટિ સેટેલાઈટ ઈન્ટરનેટ સુવિધા પુરી પાડવાની યોજનાને ધી કેનેડીયન રેડીયો - ટેલિવિઝન એન્ડ ટેલિકોમ્યુનેકેશન્સ કમિશન તરફથી લીલીઝંડી મળી ગઈ હોવાની જાણ કંપનીના ચીફ ફાઈનાન્સીયલ ઓફિસર બ્રેટ જોન્સનને ગયા મંગળવારે પત્રથી કરવામાં આવી હતી. આ યોજના મુજબ કંપની દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારો સુધી હાઈ સ્પીડ ઈન્ટરનેટની સુવિધા પુરી પાડશે. જેને માટે તે હજારો નાના સેટેલાઈટસ પૃથ્વીથી માત્ર ૫૫૦ કી.મી.ની ઉંચાઈ પર ઘુમતા રાખશે. જે ગ્રાઉન્ડ પરના કોમ્પ્યુટર્સને હાઈ સ્પીડ ઈન્ટરનેટ સેવા આપશે. પરંપરાગત સેટેલાઈટસ પૃથ્વીથી ૨૦૦૦૦ કી.મી. દૂર હોય છે. સીઆરટીસી તરફથી મળેલી મંજુરી બાદ હવે કામ શરૂ થશે.

નોટીસમાં જણાવવામાં આવ્યું હતું કે, કમિશન સમક્ષ આ પ્રસ્તાવ વિશે ૨૫૮૫ અરજીઓ આવી હતી. જે સ્પેસ એકસપ્લોરેશન માટે હતી. બધી સમીક્ષાઓના અભ્યાસ બાદ કમિશને મંજુરી આપી હતી. આ પ્રસ્તાવ વિશે પ્રતિભાવ આપનારાઓ પૈકી મોટાભાગના કેનેડિયનો એવા હતા જે કેનેડાના ગ્રામીણ વિસ્તારમાં રહેતા હોય. સ્પેસેકસ કંપની દર મહિને બે વાર ૬૦ સેટેલાઈટસની ટ્રેન લોન્ચ મે ૨૦૧૯થી કરતી આવી છે.


ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor

Call: VIPUL SHAH

www.adsgas.ca

416.988.5784

Email:adsgasservice@gmail.com

WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT A STEP AHEAD

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.69%* High Ratio Only

5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. | Pranay Jani * | Nilesh Tailor * | Tushar Patel* | Bala Shah* | Vijay Rana*



Rajesh Khurana, MBA Principal Broker

Tel.: 289 521 6900

1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1

• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Cell : 416-616-1300

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President

* Some conditions apply

# ગુજરાતમાં કોરોનાના વધુ ૧૧૩૬ કેસ ૭નાં મોત, સુરતમાં રિકવરી રેટ વધ્યો

• ૨૪ કલાકમાં ૧૨૦૧ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા



ગાંધીનગર : રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૧૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. ગુરુવારે રાજ્યમાં ૧૧૩૬ નવા દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૨૦૧ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૬,૩૦૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૮૯.૧૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૯૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૪.૨૦ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૫,૮૫,૪૪૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૩,૬૮૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૩,૪૩૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૫૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૮.૧૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૧૪૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ૫૨ ૭૨ છે. જ્યારે ૧૪૦૭૧ લોકો સ્ટેબલ છે. ૧,૪૬,૩૦૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૭૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, અમદાવાદ ૧, છોટાઉદેપુર ૧, રાજકોટ ૧, રાજકોટ કોર્પોરેશન ૧ અને સુરત કોર્પોરેશનનાં ૧ દર્દી સહિત કુલ ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે.

## કોરોનાગ્રસ્ત નરેશ કનોડિયાની હાલત કથળી



ગાંધીનગર : ગુજરાતી ફિલ્મના સુપરસ્ટાર નરેશ કનોડિયાનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. લક્ષણો જણાતા ૭૦ વર્ષિય નરેશ કનોડિયાએ ટેસ્ટ કરાવ્યો હતો જે પોઝિટિવ આવતા ડોક્ટરોની સલાહથી તેઓ અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ થઇ ગયા છે. અહીં તેમની હાલત ગુરુવારે વધુ કથળી હતી. જ્યારે સંપર્કમાં આવેલા તેમના ઘરના અન્ય સભ્યોને ક્વોરેન્ટાઇન પણ કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ ઉપરાંત કોરોનાના વધુ ૩૮ કેસ નોંધાયા છે. જ્યારે માણસા તાલુકાના ધમેડાના કોરોના પોઝિટિવ દર્દીનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મોત પણ નિપજ્યું છે.

## ૫૦ ટકા રિપોર્ટ ખોટા હોવાનો ઘટસ્ફોટ

અમદાવાદની સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો.જે.પી. મોદીએ સોમવારે એવું ચોંકાવનારું નિવેદન આપ્યું છે કે, ૫૦ ટકા રેપિડ એન્ટિજન ટેસ્ટ રિપોર્ટ ખોટા હોવાની શક્યતા છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે, જો કોઈ વ્યક્તિનો રેપિડ એન્ટિજન ટેસ્ટ નેગેટિવ આવ્યો હોય, પરંતુ તેને કોરોનાના લક્ષણો–ચિહનો હોય તો આરટીપીસીઆર ટેસ્ટ અવશ્ય કરાવવો જોઈએ. અમદાવાદની સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું કે, રેપિડ એન્ટિજન ટેસ્ટ કોમ્યુનિટી લેવલે સ્ક્રીનિંગ માટેનો ટેસ્ટ છે, જે તે દર્દી પોઝિટિવ આવે તો તે દર્દી પોઝિટિવ જ કહેવાય.

## કોરોનામાં ટોળાં ભેગા કરતાં નેતાઓ સામે દંડ ફટકારવા હાઈકોર્ટમાં PIL

અમદાવાદ : કોરોના મહામારીમાં નિયમોની ઐસીતૈસી કરીને રાજકીય રેલીઓ અને કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, રેલીઓ યોજતા નેતાઓ સામે શા માટે કાર્યવાહી કરાતી નથી? આ બાબતની ફરિયાદ કરતી એક જાહેર હિતની રિટ ગુજરાત હાઈકોર્ટમાં થઈ છે. રિટમાં કહેવાયું છે કે, અનલોક–૫ની ગાઈડલાઈનમાં ધાર્મિક કાર્યક્રમોમાં ૧૦૦થી વધુ લોકોને ભેગા થવાની છૂટ અપાઈ છે, અલબત્ત વધુમાં વધુ વ્યક્તિ કેટલા હોવા જોઈએ તે નક્કી નથી. રિટમાં દાદ માગવામાં આવી છે કે, રેલીઓ, રાજકીય કાર્યક્રમોનું કડક મોનિટરિંગ થવું જોઈએ.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વિધાનસભાની ૮ બેઠકો માટે ૮૧ મૂરતિયા વચ્ચે જંગ

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણીમાં ૨૧ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા હવે કુલ ૮૧ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે, લીંબડીમાં ભાજપના કિરીટસિંહ રાણા સામે કોંગ્રેસના ચેતન ખાચર ઉપરાંત અખિલ ભારતીય રાજ્યસભાના ઉમેદવાર અને બીજાં ૧૧ અપક્ષોએ ઝૂકાવ્યું છે. અનુસૂચિત જાતિની અનામત બેઠક ગઢડામાં એક અપક્ષ ઉમેદવારે ફોર્મ પાછું ખેંચતાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અનુક્રમે આત્મારામ પરમાર તથા મોહનભાઈ સોલંકી ઉપરાંત રાષ્ટ્રીય જનચેતના પાર્ટીના એક ઉમેદવાર અને બીજાં ૯ અપક્ષો નસીબ અજમાવી રહ્યાં છે. ડાંગમાં ભાજપ અને કોંગ્રેસના અનુક્રમે વિજય પટેલ તથા સૂર્યકાંત ગાંવિત અને બીજાં ૬ અપક્ષો મેદાનમાં છે. કપરાડામાં ભાજપના જીતુ ચૌધરી અને કોંગ્રેસના બાબુભાઈ વરઠા વચ્ચે સીધો મુકાબલો થશે. મોરબીમાં ભાજપના બ્રિજેશ મેરજા અને કોંગ્રેસના જયંતિલાલ પટેલ, એક સ્થાનિક પક્ષના ઉમેદવાર ઉપરાંત બીજાં ૯ અપક્ષો ચૂંટણીજંગમાં રહ્યાં છે. અમરેલીની ધારી બેઠક ઉપર ભાજપના જે.વી. કાકડિયા, કોંગ્રેસના સુરેશ કોટડિયા ઉપરાંત સ્થાનિક પક્ષો સહિત બીજાં ૯ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. કચ્છની અબડાસા સીટ ઉપર ૯ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના પ્રદ્યુમનસિંહ જાડેજા, કોંગ્રેસના ડો. શાંતિલાલ સેંધાણી, ત્રણ સ્થાનિક પાર્ટીના અને બીજાં ૫ અપક્ષો ચૂંટણીજંગમાં રહ્યાં છે.

કરજણ બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ સહિત કુલ ૯ ઉમેદવારો વચ્ચે જંગ થવાનો છે.



## પેટાચૂંટણીને લઈ ગુજરાત કોંગ્રેસનું નવું અભિયાન, 'ગુજરાત નહીં સાંખે વિશ્વાસઘાત'

ગુજરાત પ્રદેશ કોંગ્રેસે પેટાચૂંટણીમાં નવું ચૂંટણી કેમ્પેઈન શરૂ કર્યું છે. ગુજરાતનું નવું ચૂંટણી કેમ્પેઈન 'વિશ્વાસઘાત' નામથી શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસે કેમપેઇનમાં હવે ગુજરાત નહિ સાંખે વિશ્વાસઘાત, ગુજરાતીઓની એક જ વાત વિશ્વાસઘાતીઓને આપશે માત, સૂત્ર લખવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસે નવું ચૂંટણી કેમ્પેઇન પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ચાલુ કર્યું છે. કોંગ્રેસના બાગી ઉમેદવારો સામે કોંગ્રેસ વધુ એક લડાઈ ઓલલાઇન લડશે. ગુજરાતના ૬.૫ કરોડના મનમા એક જ સવાલ છે કે, પેટાચૂંટણી કેમ આવી? ભ્રષ્ટાચારથી ભેગા કરેલ રૂપિયાથી ભાજપે ધારાસભ્યોને ખરીદ્યા છે અને લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે. બીજી બાજુ અમદાવાદ શહેર કોંગ્રેસના વિવાદનો મુદ્દો પણ બરાબરનો ગરમાયો છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, અમારામાં કકળાટ નથી. ટૂંક સમયમાં નવા વિપક્ષ નેતા આવશે. દિનેશ શર્માએ અંગત કારણોસર રાજીનામું આપ્યું હોવાનું રટણ અમિત ચાવડા કરી રહ્યા છે.

## ગઢડામાં કોંગ્રેસને મોટો ફટકો, બે નેતા ભાજપમાં જોડાયા

ગઢડા પેટાચૂંટણી પહેલા જ તોડજોડની નીતિ શરૂ થાઇ ગઈ છે. આજે કોંગ્રેસનાં બે મોટા નેતાઓ ભાજપનો ખેસ પહેરી લેતા કોંગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે. જો કે તેઓ કોંગ્રેસમાં ગઢડા બેઠક ા૨ પ્રથમ હરોળના દાવેદાર હતા. ગઢડા વિધાનસભાની પેટા ચૂંટણીના પ્રચાર-પ્રસાર પડઘમ ચાલુ છે તેવા સંજોગોમાં કોંગ્રેસના મોટા ગજાના બે નેતાઓ આજે ભાજપ ખેંચી લેતાં કોંગ્રેસને મોટો આચકો લાગ્યો છે. ભાવનગરના ભાણજીભાઓ સોસા કે જેઓ બી.જે સોસા તરીકે ઓળખાય છે અને તેઓ જી.એ.એસ કેડરના અધિકારી પણ રહી ચૂક્યા છે, તેમણે આજે ધોળા ખાતે ભાજપ કાર્યાલયના ઉદઘાટન સમયે ગોરધન ઝડફિયાના હસ્તે ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે.

## કોંગ્રેસે અમારા MLAને ખરીદવા ઓફર કરી : નીતિન પટેલ

ગાંધીનગરમાં કેબિનેટની બેઠક બાદ રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ જણાવ્યું હતું કે કોંગ્રેસની પાસે કોઈ મુદ્દો નથી. એટલે પાયાવિહોણા આક્ષેપો કરી રહી છે. ભાજપના ધારાસભ્ય ખરીદવા કોંગ્રેસ દ્વારા ઓફર કરાઈ હતી. રાજ્યસભા ચૂંટણીમાં ભાજપના ધારાસભ્યોને ઓફર કરાઈ હોવાનો ઘટસ્ફોટ નીતિન પટેલે કર્યો છે, તેમણે અમારા ધારાસભ્યોને પક્ષ વિરૂદ્ધ મતદાન કરવા ઓફર કરાઈ હોવાની વાત કરી છે. કોંગ્રેસ પાસે આક્ષેપ કરવા સિવાય કશું નથી. જૂથબંધીથી નારાજ ધારાસભ્યો રાજીનામું આપે રહ્યા છે.

## ગુજરાતમાં 'ગાંડો હાલશે પણ ગદ્દાર તો નહિં જ' : પરેશ ધાનાણી

વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ વધુ એક ટ્વીટ કરીને રાજકરણમાં ગરમાવો લાવી દીધો છે. આ પહેલા પણ ગુજરાત કોંગ્રેસે પેટાચૂંટણીને લઈને અભિયાન જાહેર કરી દીધું હતું. પેટાચૂંટણીઓમાં કોંગ્રેસના નવું અભિયાનનું નામ 'ગદ્દાર જયચંદો જવાબ આપો'ના નામે ચલાવ્યું હતું. વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી સોશિયલ મીડિયામાં ખુબ જ એક્ટિવ રહે છે અને તેઓ અવારનવાર પોતાના ટ્વીટના કારણે ચર્ચામાં આવી જાય છે અને તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી સરકાર પર પણ મોટા-મોટા આક્ષેપો કરતા રહે છે. ધાનાણીએ ફરી એક વાર સોશિયલ મીડિયામાં લખ્યું છે કે 'ગાંડો હશે તોય હાલશે, પણ ગદ્દાર તો નહીં જ'

## સીએમ રૂપાણી આઠેય બેઠક પર કરશે પ્રચાર

ગાંધીનગર : સીએમ રૂપાણી ૨૮ અને ૨૯ ઓક્ટોબરે સૌરાષ્ટ્રમાં જાહેર સભામાં જનમેદનીને સંબોધન કરશે. તેમની સાથે ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ પણ હાજર રહેશે. બીજી તરફ સરકારના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ ૨૯ અને ૩૦મી ઓક્ટોબરે ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ૨૩મી ઓક્ટોબરે ભાજપના સ્ટાર પ્રચારક કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની લીંબડી અને ધારીમાં ચૂંટણી પ્રચાર કરશે. તો કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા ૨૪-૨૫ ઓક્ટોબર અને ૩૦-૩૧ ઓક્ટોબરે સભાઓ કરશે. જ્યારે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા તમામ દિવસ પ્રચારમાં જોડાશે.


"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

We represent many insurance companies, we can shop around for best rates.

FF First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

અઘોર સમ્શાનિક, નૂરહજુરી સિપલી ઈલમના ખાસ જાણકાર
(તાંત્રિક સમ્રાટ - ગોલ્ડ મેડાલિસ્ટ) - ૧૭ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ
શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
અશક્ય કશું નથી, બધું શક્ય છે.
૧૫૧% કામની લાઈફટાઈમ ગેરંટી
બિઝનેસ પ્રોબ્લેમ, શત્રુથી હેરાનગતિ.
ચંદ્રમોહીની વશીકરણ સ્પેશ્યાલીસ્ટ
ઘરે બેઠા કામ
ખવડાવ્યા-પીવડાવ્યા વગર વશીકરણ થઈ શકે છે.
NRI ભાઈઓ બહેનો માટે ફોન પર માર્ગદર્શન
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો (વાત ગુપ્ત)
84/A, શ્રીકુંજ રો હાઉસ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
M:+91 99246 34078







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ઑસ્ટ્રેલિયામાં જર્મન મહિલાના હત્યા કેસમાં ગુનેગારોને શોધવા ૧૫ વર્ષ પછી પણ મથામણ

# ઑસ્ટ્રેલિયામાં મર્ડર કેસ ઉકેલવા 5 કરોડનું ઈનામ!

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ઑસ્ટ્રેલિયામાં ૨૦૦૫માં જર્મન મહિલાની હત્યા થવાના કેસમાં ગુનેગારને શોધવા માટે જર્મનીએ પણ ૮.૬ લાખનું ઈનામ જાહેર કર્યું છે. આ બાબતથી એટલું સ્પષ્ટ છે કે જર્મની આ કેસમાં ગુનાખોરીના મૂળ સુધી જવા પ્રતિબદ્ધ છે.

ભારતમાં રોજ હજારથી વધુ હત્યા થતી રહે છે. તેમાંથી મોટાભાગના કેસમાં મૂળ સુધી પોલીસ પહોંચી શકતી નથી. પોલીસ કાર્યક્ષમ નથી એ એક કારણ છે, બીજું કારણ એ પણ ખરું કે, દરેક કેસના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ પર દબાણ આવતું નથી. કોઈ હાઈ-પ્રોફાઈલ કેસ હોય તો પોલીસ પળવારમાં ગુનેગારને શોધી કાઢે છે.

બાકી તો હવે ટ્વિટર પર આખા ગામને સલાહો આપતા આઈપીએસ અધિકારીઓ પોતાના વિસ્તારના કેસ સમયસર અને કેટલાક કિસ્સામાં તો આજીવન ઉકેલી શકતા નથી. આ વાત કડવી છે પરંતુ ગુજરાત અને ભારતની સાંપ્રત સ્થિતિને બયાર કરી રહી છે. તેની સામે ઑસ્ટ્રેલિયામાં મર્ડરનો અનોખો કેસ નોંધાયો છે. તેમ એટલા માટે કહી શકાય કે, આ કેસની માહિતી આપનાર વ્યક્તિને ઑસ્ટ્રેલિયન પોલીસે અધધ નાણા ૧૦ લાખ ઑસ્ટ્રેલિયન ડૉલર (અથવા ૭ લાખ અમેરિકન ડૉલર અથવા ૫.૧૮ કરોડ રૂપિયા) ઈનામ આપવાની જાહેરાત કરી છે. ઈનામની રકમ મોટી હોવાથી કોઈને પણ સહજ રીતે થાય કે, કોઈ ફિલ્મ સ્ટાર, ક્રિકેટર, રાજનેતા કે ટોચના અધિકારીની હત્યા થઈ હશે. પણ એવુ નથી. હત્યા સાવ સામાન્ય છે. પણ ઑસ્ટ્રેલિયાની કર્મબદ્ધ પોલીસ તેને સામાન્ય ગણતી નથી. જેની હત્યા થઈ એ નાગરિક વળી ઑસ્ટ્રેલિયન પણ નથી!

૨૦૦૫માં ૨૫ વર્ષીય જર્મન મહિલા સિમોન સ્ટ્રોબેલ ઑસ્ટ્રેલિયા ફરવા ગઈ હતી. તેની સાથે તેના કેટલાક મિત્રો પણ હતા. ન્યુ સાઉથ વેલ્સ રાજ્યના લિઝમોર શહેરમાં એક કેમ્પિંગ વિસ્તારમાં સિમોન ઉતરી હતી. ૨૦૦૫ની ૧૧મી ફેબ્રુઆરીએ એ હોટેલની બહાર નીકળતી કેમેરામાં ઝડપાઈ હતી. એ પછી દેખાતી બંધ થઈ હતી.

તેના મિત્રોએ લિઝમોર પોલીસને તેની જાણ કરી. પોલીસે તુરંત તપાસ આદરી દીધી. છ દિવસ સુધી તે મહિલાનો કોઈ પતો ન મળ્યો. એ પછી કેમ્પિંગ સાઈટથી સો-દોઢસો મીટર દૂર એની લાશ મળી આવી. લાશ મળી ત્યારે છૂપાવેલી હતી. એટલે વધુ કોઈ તપાસ વગર એટલું તો સિદ્ધ થયું કે મામલો મર્ડરનો છે. પોતાના દેશની નાગરિક હોવાને કારણે જર્મન પોલીસે પણ પોતાની રીતે તપાસ આદરી. ઑસ્ટ્રેલિય પોલીસ તો સક્રિય થઈ જ હતી.

ન્યુ સાઉથ વેલ્સ ઑસ્ટ્રેલિયાનું સૌથી વધુ વસ્તી ધરાવતુ મહત્ત્વપૂર્ણ રાજ્ય છે. આ રાજ્યનો પોલીસ વિભાગ અંગ્રેજી ભાષી દેશોના સૌથી મોટા પોલીસ વિભાગો પૈકીનો એક છે. એટલે કે, જગતભરમાં નોંધપાત્ર છે. છેક ૧૭૮૯થી કાર્યરત આ વિભાગ પાસે પંદર વર્ષ પહેલા આ કેસ આવ્યો હતો.

મર્ડર તો સામાન્ય નાગરિકનું જ થયું હતુ. આમ છતાં તેના મૂળિયા સુધી પહોંચવાની ઑસ્ટ્રેલિયન પોલીસે ટેવ રાખી છે. એટલે આ કેસની પણ તપાસ થવા લાગી. સ્થિતિ એવી છે કે, આજે પંદર વર્ષ પછી પોલીસને કોઈ નક્કર સુરાગ મળ્યા નથી. સિમોનના સાથીદારો, જ્યાં ફરી હતી એ બધી જગ્યાઓ, જ્યાં ઉતરી હતી એ કેમ્પિંગ સાઈટ-હોટેલ અને બીજા અનેક સ્થળોએ છાનબિન કરી ચૂક્યા છે.

સંખ્યાબંધ લોકોની પુછપરછ પણ કરાઈ છે. છતાં હજી સુધી આ મર્ડર કેસમાં નાની સરખી કડી પણ મળી નથી. એટલે પોલીસે હવે કંટાળીને ૧૫મી ઓક્ટોબરે ઈનામની રકમ ૧૦ લાખ ઑસ્ટ્રેલિયન ડૉલર જાહેર કરી છે. આ જંગી રકમની લાલચે કોઈ કદાચ મહત્ત્વપૂર્ણ બાતમી આપી પણ દે તેવી પોલીસને આશા છે.

આ વિસ્તાર જે જિલ્લામાં આવે છે એ રિચમોન્ડ ડિસ્ટ્રીક પોલીસનું કહેવું છે કે, કેસ ઉકલતો નથી કેમ કે, ઑસ્ટ્રેલિયન અને મહિલા સાથેના જર્મન બન્ને નાગરિકો કંઈક છૂપાવે છે. હવે જો એમાંથી કોઈ સામે આવી સચ્ચાઈ બયાન કરે તો કેસનો ફેંસલો આવી શકે તેમ છે.

દુનિયાભરના પોલીસતંત્રમાં ફાઈલ બંધ કરવાની પ્રથા છે જ. તો પછી ઑસ્ટ્રેલિયન પોલીસ શા માટે પંદર વર્ષ વીતી ગયા પછી આ કેસ ઉકેલવા માંગે છે?

રિચમોન્ડ પોલીસનું કહેવું છે કે, અમારે તો જવાબ શોધવો જ છે, કોણે કેસ કર્યો. ભલે અમારી પાસેથી કોઈ જવાબ માંગતુ નથી.



**સતત તપાસનો દોર છતાં હજી સુધી કોઈ કડી મળી નહીં, હવે પોલીસ કહે છે કે, ભલે કોઈ જવાબ નહીં માંગે, પરંતુ તેમ છતાં કેસના મૂળ સુધી પહોંચવું જોઈએ. પુરાવા શોધવા માટે હજી પણ તે પ્રતિબદ્ધ છે**

અમારી એ ફરજ છે કે કેસના મૂળ સુધી પહોંચીએ. પોલીસે કહ્યું છે કે, અમે જનતાની મદદ લઈ રહ્યા છીએ અને એ મદદ નહીં મળે તો પણ કેસ ઉકેલવા માટે તો પ્રતિબદ્ધ છીએ જ. ભલે આજે કોઈ માહિતી આપનારું સામે ન આવે તો પણ આજે નહીં તો કાલે અમો ગુનેગાર સુધી ચોક્કસ જ પહોંચીશુ. એટલે જ મોટી રકમ ઓફર કરી છે, જે માહિતી આપનારનું જીવન બદલી શકે છે અને એ મૃતક સિમોનના પરિવાર-મિત્રોનું પણ જીવન બદલી શકે છે. જર્મનીના બાવેરિયા રાજ્યની વતની સિમોનના કેસની માહિતી આપવા માટે જર્મન પોલીસ પણ ૧૦ હજાર યુરો ડૉલર (૮.૬ લાખ રૂપિયા) જેવી રકમ જાહેર કરી ચૂકી છે. આજે પણ કોઈ માહિતી આપે તો તેમને આ રકમ મળવાપાત્ર છે. રસપ્રદ વાત એ છે કે, ઑસ્ટ્રેલિયાની રકમની ઑફર ગમે તે દેશના નાગરિક માટે ઓપન છે. એ સમયે ઑસ્ટ્રેલિયા ફરવા ગયા હોય એવા કોઈ પ્રવાસી પાસે વિગતો હોય તો એ પણ આવકાર્ય જ છે.

લાદેનની માહિતી આપનારને અમેરિકી સરકારે ૨.૫ કરોડ ડૉલરના તોતીંગ ઈનામની જાહેરાત કરી હતી. એ અત્યાર સુધીના ઈતિહાસનો સૌથી મોટો ઈનામી પ્રોગ્રામ હતો. એ રકમ કોઈને મળી ન શકી એ અલગ વાત છે. પરંતુ આવી જાહેરાતો લાભદાયી સાબિત થતી હોય છે.

ઑસ્ટ્રેલિયામાં જ આ વર્ષે બે લાખ ઑસ્ટ્રેલિયાઈ ડૉલરના ઈનામની જાહેરાત પછી ૩૨ વર્ષ જૂનો કેસ ઉકેલાયો હતો. એટલે આ કેસમાં આશા રાખવી કંઈ ખોટી વાત નથી.

લિઝમોરના મેયરે પણ કહ્યું કે, અમારે ત્યાં આવેલા મહેમાનની હત્યાનો કેસ ન ઉકેલાય એ વાતની અમને ભારે શરમ છે. જ્યારે કેસ ઉકેલાશે ત્યારે એ યુવતીના આત્માને શાંતિ મળશે. એમ તો પોલીસને શંકા છે, પરંતુ માત્ર શંકાના આધારે ગુનેગાર ન ઠેરવી શકાય. જે શકમંદો છે, એનકા વિરૂદ્ધ જ કોઈ પુરાવા મળે કે પછી અન્ય પુરાવા મળે એ માટે આ કવાયત કરવામાં આવી રહી છે. વિશ્વના અનેક દેશોમાં સામાન્ય નાગરિક સાથે સંકળાયેલા કેસને પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે, જેટલું તે દેશના કોઈ અમીર નાગરીક સાથે ઘટેલી ઘટનામાં તંત્ર ગંભીર બને છે. ભારત સહિતના કેટલાક દેશોને બાદ કરીએ તો પોલીસ હજી પણ નિષ્પક્ષતાથી ફરજ બજાવી રહી છે. ઓસ્ટ્રેલિયામાં અન્ય દેશની નાગરિકના હત્યા કેસમાં ૧૫ વર્ષ પછી પણ પોલીસ ગુનેગારોને શોધવા મથામણ કરી રહી છે તે બાબત પણ તેની ફરજનિષ્ઠાને ઉજાગર કરી રહી છે.

સ્વદેશ
FRIDAY 23 OCTOBER 2020



## કેન્સર સામે જંગ જીત્યાનું સંજય દત્તનું એલાન

મુંબઈ: સંજય દત્ત છેલ્લા કેટલાક સમયથી ફેફસાના કેન્સરથી ઝઝુમી રહ્યો હતો, પરંતુ સંજય દત્તે કેન્સરના આ યુદ્ધમાં જીત મેળવી લીધી છે. જી હા, સંજય દત્તનું કેન્સર ઠીક થઈ ગયું છે અને તેણે ખુદ આ વાતની જાહેરાત કરી છે. સંજયના જુડવા બાળકોનો આજે જન્મદિવસ છે અને આ અવસર પર સંજય દત્તે ખુશખબર પોતાના ફેન્સ સાથે શેર કરી છે. પોતાની આ જંગમાં તેનો સાથ આપવા માટે અને તેની સાથે રહેવા માટે સંજયે તમામનો આભાર માન્યો છે.

## પ્રીતિ ઝિન્ટાએ ૩૫ દિવસમાં ૨૦ વખત કોરોના ટેસ્ટ કરાવ્યો



કોરોના મહામારી વચ્ચે આઈપીએલની ૧૩મી સીઝન દુબઇમાં ચાલી રહી છે જ્યાં કિંગ્સ ઈલેવન પંજાબની માલિક અને અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા પણ ટીમ સાથે હાજર છે. પ્રીતિએ એક વીડિયો શેર કર્યો છે જેમાં તેણે ખુદને કોવિડ ટેસ્ટ ક્વીન ગણાવી છે. આવું એટલા માટે કે તે દુબઇ પહોંચ્યા પહેલાંથી લઈને ૨૦ ઓક્ટોબર સુધી ૨૦ વખત કોરોના ટેસ્ટ કરાવી ચૂકી છે. દરેક વખત રિઝલ્ટ નેગેટિવ જ આવ્યું છે. પ્રીતિ ૧૫ સપ્ટેમ્બરથી UAEમાં છે. પ્રીતિએ આ વીડિયો સાથે લખ્યું છે, દરેક મને પૂછે છે કે IPL બાયો બબલમાં હોવાનો અર્થ શું છે. તો હું જણાવવા ઈચ્છું છું કે આ ૬ દિવસના ક્વોરન્ટીનથી શરૂ થાય છે. દર ૪ દિવસે કોવિડ ટેસ્ટ થાય છે. કોઈ બહાર નથી જતું, તમારો રૂમ, ગાડી, રેસ્ટરાં, જીમ અને સ્ટેડિયમ બસ. ડ્રાઈવર, કુક પણ બાયો બબાલમાં છે.

## કંગના રનૌત અને રંગોલીની મુશ્કેલી વધી, રાજદ્રોહ કેસમાં મુંબઈ પોલીસ દ્વારા સમન્સ



મુંબઈ: બાંદ્રા પોલીસે રાજદ્રોહ કેસમાં બોલીવુડ અભિનેત્રી કંગના રનૌત અને તેની બહેન રંગોલી ચંદેલને સમન્સ પાઠવ્યા છે. બંને બહેનોને સોમવાર અને મંગળવારના ક્રમશ: પોલીસ સ્ટેશન બોલાવવામાં આવી છે. એક વકીલ તરફથી દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર બાંદ્રા કોર્ટના મેજિસ્ટ્રેટના આદેશ પર આ કેસ નોંધવામાં આવ્યો છે.

મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ૧૭ ઑક્ટોબર ૨૦૨૦ના મુન્નવર અલીની ફરિયાદ પર અભિનેત્રી કંગના રનૌતની વિરુદ્ધ એક કેસ નોંધવામાં આવ્યો હતો, જેમાં આઈપીસીની કલમ ૧૫૩-છ, ૨૯૫-છ, ૧૨૪-છ અંતર્ગત કંગના રનૌતને આરોપી બનાવવામાં આવી છે. રાજદ્રોહના આ કેસમાં અદાલતે પોલીસને તરત આગળની કાર્યવાહી અને તપાસના આદેશ આપ્યા છે. હવે પોલીસે કંગના રનૌત અને તેની બહેન રંગોલી ચંદેલને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવ્યા છે. બંને બહેનોને સોમવાર અને મંગળવારના બોલાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બાંદ્રા કૉર્ટે કાસ્ટિંગ ડાયરેક્ટર સાહિલ અશરફ સૈયદની ફરિયાદ બાદ હાલમાં જ કંગના અને તેની બહેનની વિરુદ્ધ કેસ દાખલ કરવાના આદેશ આપ્યા હતા.

કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતુ કે કંગના રનૌત સતત બોલીવુડને બદનામ કરવાના પ્રયત્નો કરી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી લઈને ટીવી સુધી દરેક જગ્યાએ તે બોલીવુડની વિરુદ્ધ બોલી રહી છે. તે સતત બોલીવુડને નેપોટિઝ્મ અને ફેવરેટિઝ્મનો અડ્ડો ગણાવી રહી છે.

## હિંદુ સેનાએ સૂચના પ્રસારણ મંત્રીને લક્ષ્મી બોમ્બનું શીર્ષક બદલવા માંગ કરી

મુંબઈ: અક્ષય કુમાર અને કિયારા અડવાણીની આવનારી ફિલ્મ લક્ષ્મી બોમ્બ રિલીઝ પહેલા જ વિવાદમાં આવી ગઈ છે. હિંદુ સેનાએ ફિલ્મની કાસ્ટ, ક્રૂ અને પ્રમોટર્સના વિરુદ્ધ ફરિયાદ કરતો એક પત્ર લખ્યો છે. આ પત્ર સૂચના પ્રસારણ મંત્રી પ્રકાશ જાવેડરને સોંપવામાં આવ્યો છે. જો તેમની માંગણી સ્વીકારવામાં નહીં આવે તો ફિલ્મને રિલીઝ કરવા દેવામા આવશે નહીં. આ ફિલ્મને ૯ નવેમ્બર ૨૦૨૦ના રોજ રિલીઝ કરવાની યોજના છે. આ પત્રમાં ફિલ્મમેકર્સ પર આરોપ મુકવામાં આવ્યો છે કે તેમણે ફિલ્મમાં




માતા લક્ષ્મીનો ખોટી રીતે ઉપયોગ કરીને હિંદુઓની ભાવનાને ઠેસ પહોંચાડવાનું કામ કર્યુ છે. જેથી આ ફિલ્મનું ટાઇટલ બદલવાની માંગણી કરવામાં આવી છે. હિંદુ સેનાના પ્રેસિડન્ટે જણાવ્યું છે કે, જો ફિલ્મનું ટાઇટલ બદલવામાં નહીં આવે તો તેઓ હાઈકોર્ટના દરવાજા ખખડાવશે અને ફિલ્મને રિલીઝ નહીં થવા દે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર શેમ ઓન અક્ષય કુમાર ટ્રેન્ડ થવા લાગ્યું હતું. ફિલ્મ પર માતા લક્ષ્મીનું અપમાન ઉપરાંત લવજેહાદને ઉત્તેજન આપવાનો પણ આક્ષેપ મુકવામાં આવ્યો છે. ફિલ્મમાં અક્ષયના પાત્રનું નામ આસિફ છે તો કિયારાના પાત્રનું નામ પ્રિયા છે.

## નાચ મેરી રાની ગીતને ૨.૫૦ કરોડ વ્યૂઝ મળ્યા



ફિલ્મોમાં ડાન્સ કરીને લોકોનાં દિલ જીતી લેનારી નોરા ફતેહીના ગાયક ગુરુ રંધાવા સાથેના નવા વીડિયો ગીત નાચ મેરી રાનીને રિલીઝ કર્યા બાદ એક જ દિવસમાં સોશિયલ મીડિયા પર ૨.૫૦ કરોડ વ્યૂઝ મળ્યા હતા. આ ગીતને આટલો પ્રેમ અને સહયોગ મળતા નોરા ફતેહીએ ઇન્સ્ટાગ્રામ પર તેના પ્રશંસકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સુશાંત કેસમાં બધા સત્ય ઇચ્છે છે, પરંતુ પ્રમાણિક નથી બનવું : રિતિકની માતા



મુંબઈ: રિતિક રોશનની માતા પિન્કી રોશને ગુરુવારે સુશાંતસિંહ રાજપૂતના નિધનના કેસને સંબંધિત એક પોસ્ટ રજૂ કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, ‘બધા સચ્ચાઈ ઇચ્છે છે, પરંતુ કોઈને પ્રમાણિક નથી બનવું.’ આ પોસ્ટથી સ્પષ્ટ રીતે ખ્યાલ આવતો નથી કે, તેઓ કોને નિશાન બનાવવા માગે છે અને કોણ સુશાંતના કેસમાં પ્રમાણિક નથી. નોંધપાત્ર છે કે, સુશાંતના મૃત્યુને ચાર મહિના કરતાં વધારે સમય થયો છે. આ મામલે સીબીઆઈના અહેવાલની રાહ જોવામાં આવી રહી છે. સુશાંતના નિધનના સમાચાર મળતાં જ ૧૪મી જૂને રિતિકે ટ્વિટર પર લખ્યું હતું કે, ‘સુશાંત વિશે જાણીને મને ખૂબ દુ:ખ થયું અને આઘાત લાગ્યો હતો. તેના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે મારી સહાનુભૂતિ.’

## બે સિક્વલ બાદ ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસ સિરીઝ બંધ થશે

હોલિવૂડની ખૂબ ચાહકો ધરાવતી સિરીઝ ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસની લોકો ખૂબ જ રાહ જુએ છે, એવી સ્થિતિમાં યુનિવર્સલ પિક્ચર્સે બુધવારે ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસ સિરીઝ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સ્ટુડિયોએ જાહેરાત કરતાં કહ્યું કે, લાંબા સમયથી ચાલતી રહેલી ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસ ફ્રેન્ચાઇઝીને ૧૧મા ઇન્સ્ટોલમેન્ટ બાદ બંધ કરી દેવાશે. જસ્ટિન લી દ્વારા આગામી બે સિરીઝને ડાયરેક્ટ કરાશે. વિન ડીઝલની નેતૃત્વવાળી ફ્રેન્ચાઇઝીએ ૨૦૦૧માં પહેલી ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસ ફિલ્મની શરૂઆત થયા બાદ અત્યાર સુધીમાં નવ ફિલ્મોનું નિર્માણ કરાયું છે. રિપોર્ટ મુજબ વિન ડીઝલ નવી ફિલ્મમાં આખી કાસ્ટ સાથે ફરી વખત પુનરાગમન કરશે.








MEGH
FRESH & HEALTHY
MEGH GIVES YOU A VERY CAREFULLY CRAFTED DELICACY THAT PROVIDES YOU AN INTRICATELY TASTE OF INDIA
SABUDANA
THIN POHA
CORN MAMRA
GJ 17 RICE
MIX FRYUMS
RAW PANIPURI
BAJRI FLOUR
ROASTED CHANA
DISCO PAPAD
DESI JAGGERY
JAGGERY
AAM PAPAD
Kesar Mango Pulp
MAMRA, POHA, CHANA, DALIYA, TRADITIONAL RICE, RICE PAPAD, URAD PAPAD
MANGO PULP, JAGGERY, ALL FLOUR, FRYUMS, FARALI AND MANY MORE...
DISTRIBUTED BY: MEGH FOODS CANADA BRAMPTON ON L6V 4R3,
289 946 1976 / 289 946 1936 | EMAIL MEGHFOODSCANADA@GMAIL.COM



# રાવણ દહનની સાથે માનવીય દોષોનું દહન કરવાનો ઉત્સવ

# વિજયાદશમી

આસો સુદ દશમના રોજ શ્રી રામે રાવણનો વધ કર્યો તેથી તેના આનંદમાં સૌ દશેરાનો તહેવાર ઉજવે છે. આ દશેરાનો તહેવાર અધર્મ પર જ ધર્મનો, અંધકાર પર પ્રકાશનો, અહંકાર પર સારપનો, અસત્ય પર સત્યના વિજયનો દિવસ છે. દશાનન એટલે દશ માથાંવાળો જે રાવણ તેનો આ દિવસે નાશ થયો માટે દશેરા. તેથી આજના દિવસને દશેરા તરીકે ઉજવવામાં આવે છે. આ દશેરાના દિવસે ઠેર ઠેર વર્ષોથી રાવણનું દહન કરવામાં આવે છે. પરંતુ જાણે રાવણ બળતો જ ના હોય અને વૃધ્ધિ પામતો હોય તેમ આજેય સમાજમાં રાવણવૃત્તિ વધતી જતી હોય તેમ દેખવામાં આવે છે. આપણે આપણામાં રહેલા દોષોનું દશેરાના પર્વ ઉપર દહન કરવું જોઈએ અને તો જ આપણે દશેરા ઉજવી એ સાર્થક બનશે. આજે માણસની ઈચ્છાનો ભંગ થતાં માણસ તરત ક્રોધ કરી ઉઠે છે. આ ક્રોધે કંઈકના ઘર સળગાવ્યા છે. પતિ અને પત્ની વચ્ચે સ્હેજ બોલાચાલી થાય અને ઘર સંસાર સળગી જાય છે. આવા ક્રોધથી સૌ કોઈએ સાવધાન થવાની જરૂર છે. લોભ રુપી દોષ માણસોના સદ્ગુણોને ડુબાડી દે છે. પૈસાના લોભે કરીને આજે માણસ લાંચ રુશ્વત લે છે. આજે લાંચ રુશ્વત એ આપણા દેશની મોટી બદી બની ચૂકી છે. આપણે તેમાંથી બહાર આવવાની જરુર છે. ભગવાન સૌને પેટ ભરવા પૂરતું આપી જ રહે છે. સંતોષ રુપી ગુણ આવે તો આ લોભમાંથી બહાર નીકળી શકાય તેમ છે. અહંકાર રુપી દોષ પણ માનવે માનવે જોવા મળે છે. પોતાનો સ્હેજ ઈગો ઘવાય કે, તરત જ માણસ ઝઘડો કરી બેસે છે. કોઈકનું કાંઈ પણ બોલેલું આપણે સહન કરી શક્તા નથી. તેના પરીણામે ઘર અને સમાજમાં ઝઘડા થાય છે.

## રાશિ મુજબ લાભ મેળવી શકાય?

(૧) મેષ અને વૃશ્ચિક રાશિના જાતકોએ કુળદેવીની ભક્તિ ઉપરાંત મંગળના મંત્રની એક માળા અવશ્ય કરવી. ભોજનમાં ઘઉંની વાનગી વિશેષ સફળતા અપાવે છે.

(૨) વૃષભ અને તુલા રાશિના જાતકોએ કુળદેવી-માતાજીની ભક્તિ ઉપરાંત શુક્રના મંત્રની એક માળા કરવી. ભોજનમાં ખીર લેવાથી અવરોધ હળવા થાય. લાભ થાય છે.

(૩) મિથુન, કન્યા રાશિના જાતકોએ કુળદેવીની ભક્તિ સાથે બુધના મંત્રની એક માળા કરવી અથવા વિષ્ણુસહસ્ર નામાવલિનો એક પાઠ કરવો.

(૪) કર્ક રાશિના જાતકોએ માતાજીની ભક્તિ ઉપરાંત ચંદ્રના મંત્રની એક માળા કરવી. ભોજનમાં દૂધપૌંઆ લેવાથી માનસિક તથા આરોગ્ય બાબતે લાભ થાય છે.

(૫) સિંહ રાશિના લોકોએ માતાજીની ભક્તિ ઉપરાંત સૂર્ય કે ગાયત્રીના મંત્રની એક માળા કરવી. ભોજનમાં સુખડી લેવાથી પ્રગતિ અનુભવાય છે.

(૬) ધનુ તથા મીન રાશિના લોકોએ કુળદેવીની ભક્તિ ઉપરાંત ગુરુના મંત્રની એક માળા કરવી. ભોજનમાં ચણાની વાનગી લેવી. જ્ઞાનવૃદ્ધિ તથા પદપ્રાપ્તિ (પ્રમોશન) બાબતે યોગકારક નીવડે.

(૭) મકર તથા કુંભ રાશિના જાતકોએ કુળદેવીની ભક્તિ ઉપરાંત શનિ મંત્રની એક માળા કે સુંદરકાંડનો પાઠ કરવો. ભોજનમાં તલવટ કે સીંગપાકનો સમાવેશ કરવો.

## દશેરાએ અન્ય લાભદાયી પ્રયોગ

(૧) વિજયાદશમીના દિવસે કુળદેવીની ભક્તિ ઉપરાંત ગાયત્રી મંત્ર કે સૂર્યના જપ કરવાથી નિર્બળ સૂર્યનું બળ વધે છે.

(૨) કુળદેવીની ભક્તિ સાથે બુધના જપ કે આનંદના ગરબાનો પાઠ કરવાથી બુધનું બળ વધી શકે. વાણી-વાચા અંગેની તકલીફમાં રાહત મળી શકે.

(૩) કુળદેવીની ભક્તિ ઉપરાંત મંગળના જપ કરવાથી કાર્યક્ષેત્રમાં આવતા અવરોધ હળવા બને છે. જમીન કે મિલકત અંગેના પ્રશ્નમાં રાહત મળે છે.

(૪) આ દિવસે કુળદેવીની ભક્તિની સાથે રાહુના જપ કરવાથી રાત્રે આવતાં અશુભ સ્વપ્ન તથા મલિન વિચારોથી મુક્તિ મળે છે.

# ટેલ સેપ્ટોનને મેક માસ્તર યુનિ.માં મહાત્મા ગાંધી સ્કોલરશીપ અપાઈ

## ટેલ સેપ્ટોનને પીસ સ્ટડીસ, પોલીટીકલ સાયન્સમાં ડીગ્રી

હેમિલ્ટન : રામનરીન સહદેવે ૨૦૧૭માં પ્રખ્યાત ભારતીય સ્વતંત્ર્યતાની લડતના નેતા મહાત્મા ગાંધીને નામે શિષ્યવૃત્તિ યોજના ચાલુ કરી હતી. મહાત્મા ગાંધી કે જેમણે બ્રિટીશ શાસન સામે લડતા અહિંસક સવિનય કાનૂન ભંગ કર્યો તો. અને સમગ્ર વિશ્વમાં નાગરિક અધિકારો અને સ્વતંત્રતા ચળવળને પ્રેરણા આપી હતી. રામનરીન સહદેવ ગાંધીજીની હત્યાના નવ માસ પહેલા લેગુઆન ગુઆઆના ટાપુ ઉપર જન્મ્યા હતા.

રામનરીન નાના, આત્મપુરક, બહુસાંસ્કૃતિક સમુદાયને સ્વીકારે છે અને તેમના સમાજના સિદ્ધાંતોનો અમલ કરાય તો સમાજમાં બદલાવ આવી શકે છે. રામનરીન સહદેવ ગાંધીજીના જીવન ઉપર સંશોધન કરી રહ્યા છે.

હાલમાં મેક માસ્તર યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધી સ્કોલરશીપ એવોર્ડ ૨૦૨૦ ટેલ સેપ્ટોનને એનાયત કરાયો છે. તેમણે પીસ સ્ટડીસ અને પોલીટીકલ સાયન્સમાં ડીગ્રી મેળવી છે. અને તેમણે ચોથા વર્ષમાં પ્રવેશ કરીને મહાત્મા ગાંધી શિષ્યવૃત્તિ પ્રાપ્ત કર્યા બાદ સંસ્થાનો આભાર માન્યો હતો. આ જ સ્કોલરશીપ અંગે વધુ માહિતી માટે Deanna Tigani, McMaster University, 1280 Main St. West OJN 432, Hamilton, ON, L8S 4L8 ઉપર સંપર્ક કરો.


LIFE INSURANCE

MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies

★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)

★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614

Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,

Toll : 1866.623.0865 Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS

SUPER VISA INSURANCE

HARD TO BEAT OUR PREMIUMS


અનુસંધાન પાના ૪નું ચાલુ

## ભૂખમરો-કુપોષણમાં સ્થિતિ

બદલે સરકારી ગોદામોમાં સડી જાય છે. યૂ.એન.ના રિપોર્ટ પ્રમાણે દેશનું લગભગ ૨૦ ટકા અનાજ સંગ્રહક્ષમતાના અભાવે બરબાદ થઈ જાય છે. તો લાખો ટન અનાજ અને ફળો તેમજ શાકભાજી યોગ્ય વિતરણ વ્યવસ્થાના અભાવે સડી જાય છે. ગ્રાહક વિતરણ ખાતાના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૧થી ૨૦૧૭ દરમિયાન ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનોમાં ૬૨ હજાર ટન અનાજ બગડી ગયું. એ જ રીતે ૨૦૧૬થી ૨૦૧૭ દરમિયાન ૮૬૦૦ ટન અનાજ ગાયબ થઈ ગયું. એક અંદાજ અનુસાર સરકારી બેદરકારીના કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ગોડાઉનોમાં ૭.૮૦ લાખ ક્વિન્ટલ અનાજ સડી ગયું. મતલબ કે રોજિંદા સરેરાશ ૪૩ હજાર લોકોના હિસ્સાનું અનાજ બરબાદ થઈ રહ્યું છે. આમ તો ભારતમાં ભુખમરા અને કુપોષણને ડામવા સરકાર અનેક યોજનાઓ અમલમાં તો લાવે છે. પરંતુ અમલદારશાહી અને ભ્રષ્ટાચારના કારણે આવી યોજનાઓનો લાભ જરૂરતમંદ લોકો સુધી પહોંચી શકતો નથી. ઉપરથી વધતી જતી મોંઘવારી અને ખાદ્ય પદાર્થોની કીંમતોમાં ઉછાળાના કારણે ગરીબો અને ઓછી આવક ધરાવતા લોકો વધુને વધુ નિઃસહાય બની રહ્યાં છે. સરકારે પોતાની વાહવાહી કરવાને બદલે હવે હકીકતને ધ્યાનમાં રાખીને ભૂખમરા અને કુપોષણને નાથવા માટે અસરકારક પગલાં લેવાની જરૂર છે. ગરીબો અને મધ્યમવર્ગ માટેની યોજનાઓના અમલીકરણ માટે પારદર્શક અને જડબેસલાક વ્યવસ્થા કરવાની જરૂર છે.

## ભારતીય અર્થવ્યવસ્થાનું....

જોકે ઉદ્યોગોમાં ઉત્પાદન શરૂ કરવા કરતાયે મોટી સમસ્યા માલસામાન અને સેવાઓની માંગ પેદા કરવાની છે. બેરોજગારી કે પગારમાં કપાત પણ દેશની અર્થવ્યવસ્થા માટે ભયાવહ સાબિત થઈ શકે એમ છે. સૌથી મોટો પડકાર બેહાલ ઔદ્યોગિક એકમોને ફરી પાટા પર ચડાવવાનો છે. એક રિપોર્ટ અનુસાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી કાયદો એટલે કે મનરેગા અને બિનસંગઠિત ક્ષેત્રોમાં કામ કરનારા લોકોને લૉકડાઉનના કારણે એક લાખ સોળ હજાર કરોડ રૂપિયાથી વધારેનું નુકસાન થશે. કોલસા, વીજળી, લોખંડ, ઉર્જા જેવા મોટા ક્ષેત્રોમાં પણ ઉત્પાદન ઠપ્પ છે. કારખાના બંધ થઈ જવાના કારણે નિર્માણ ઠપ્પ છે જેના કારણે વીજળીની માંગમાં ભારે ઘટાડો નોંધાયો છે. પર્યટન, હોટલ, રેસ્ટોરન્ટ અને મનોરંજન જેવા ક્ષેત્રો બંધ પડી ગયાં છે. ભારતમાં પર્યટન ઉદ્યોગથી મોટી આવક થાય છે. વિદેશી પર્યટકોના ધસારાના કારણે અનેક લોકોને રોજી મળે છે. પરંતુ પર્યટકો ન હોવાના કારણે અનેક લોકો પાસે કામ નથી. કોરોનાના કારણે સપ્લાઈ પર સૌથી માઠી અસર થઈ છે. આવશ્યક ચીજવસ્તુઓની કેટેગરીમાં ન આવતા ઉત્પાદનોનું વિતરણ સાવ ઠપ્પ થઈ જવાના કારણે અનેક ઉદ્યોગોને માઠી અસર થઈ છે. ભારતની અર્થવ્યવસ્થા બજારલક્ષી છે. કારણ કે બજારની શક્તિ દ્વારા જ આર્થિક માપદંડો નક્કી થાય છે. લૉકડાઉનના કારણે ભાંગી પડેલા અર્થતંત્રને ફરીથી ઊભું કરવા માટે બજારમાં રોકડનો પ્રવાહ ચાલુ થવો જોઈએ. આ રોકડ રકમ જ્યાં સુધી જનતાના હાથમાં નહીં આવે ત્યાં સુધી બજારમાં રોકડનો પ્રવાહ નહીં વહે. જાણકારોના મતે આઈએમએફ સરકારો પાસેથી લીધેલા ડેટા પરથી આંકડા રજૂ કરતા હોય છે જેના કારણે આ આંકડા અને વાસ્તવિક પરિસ્થિતિમાં મોટો ફરક હોઈ શકે છે. એટલા માટે કે ભારત સરકાર પાસે પણ વિશાળ અસંગઠિત ક્ષેત્રના કોઈ ડેટા ઉપલબ્ધ નથી અને ઉત્પાદન ક્ષેત્રની મોટી કંપનીઓ અને કૃષિ ક્ષેત્રના ડેટા પણ સરકાર પાસે નથી. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર એપ્રિલથી જૂન દરમિયાન ભારતની જીડીપી ૨૩.૯ ટકા નીચે આવી ગઈ હતી. જોકે ઘણાં જાણકારોનું માનવું છે કે આ સમયગાળા દરમિયાન જીડીપીમાં વાસ્તવિક ઘટાડો તો ૪૦થી ૫૦ ટકાની વચ્ચે રહ્યો હશે. આર્થિક વિશ્લેષકોના મતે આ નાણાકીય વર્ષમાં જીડીપી ૧૦ ટકા નહીં પરંતુ ૩૦ જેટલી ઘટશે. સરકાર સમક્ષ સૌથી મોટો પડકાર બચત, ખપત અને રોકાણના અસંતુલનને દૂર કરવાનો છે. આવા સંજોગોમાં મોદી સરકાર આમ જનતાના હિતમાં શું કામગીરી કરે છે તે પણ મહત્વનું બની રહેશે.

# સ્નો કલિયરીંગ કોન્ટ્રાકટમાં ૩૧ મિલીયન ડોલરનો દુર્વ્યય

## ટોરોન્ટોમાં શરતોના પાલન બાબતે સત્તાધીશોએ બેદરકારી દાખવી હોવાનો ઓડિટર જનરલનો અહેવાલ



ટોરોન્ટો : ટોરોન્ટોના ઓડિટર જનરલના કહેવા મુજબ જો શહેરના સત્તાવાળાઓએ સ્નો કલીયરીંગના ખર્ચ ઉપર બરાબર ધ્યાન આપ્યું હોત તો છેલ્લા પાંચ વર્ષમાં લાખો મિલીયન ડોલરની બચત થઈ હોત. કોન્ટ્રાકટરો સાથેની શરતોનું યોગ્ય પાલન થાય છે કે નહીં અને નિયમોનો અમલ થાય છે કે નહીં એનું બરાબર ધ્યાન રખાયું નથી.

શુક્રવારે રજુ થયેલા અહેવાલ મુજબ જો શહેરના સત્તાવાળાઓએ છેલ્લા પાંચ વર્ષમાં કોન્ટ્રાકટરો સાથેની બીલીંગની શરતોનું બરાબર ધ્યાન રાખ્યું હોત તો અંદાજે ૨૪ મિલીયન યુએસ ડોલરની બચત થઈ શકી હોત. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, જો કોન્ટ્રાકટ મુજબ કામના કલાકો પર ધ્યાન આપી એ મુજબ ચુકવણું કરાયું હોત તો અંદાજિત ૭.૧ મિલીયન યુએસ ડોલરનું વધારાનું ચુકવણું ટાળી શકાયું હોત.

આ કુલ રકમ શહેરના વિન્ટર રોડ મેન્ટેનન્સના ૪૧૧ મિલીયન યુએસ ડોલરના લગભગ ૭.૫ ટકા જેટલી થાય છે. ઓડીટર જનરલ બેવલી રોમિયો બીહલરે એમ પણ નોંધ્યું હતું કે, જો જીપીએસ ટેકનોલોજીની મદદથી કામ ઉપર ધ્યાન રખાયું હોત તો પણ સારૂં થઈ શકયું હોત. એક ઉદાહરણ તરીકે ૮૫૦ વાહનોનો નવેમ્બર ૨૦૧૮ અને જાનયુઆરી ૨૦૨૦ સુધીના કોન્ટ્રાકટમાં ૨૨૭ વાહનોનો કોઈ જીપીએસ ડેટા જ ઉપલબ્ધ નથી. કેમ કે વાહનોનો ઉપયોગ એના વિના કરાયો હતો અથવા તો જીપીએસ યુનિટસમાં ગોટાળો કરાયો હતો. જેના પરિણામે આપણે કોન્ટ્રાકટરોના કામની ક્ષમતાના લેવલને પારખી શકતા નથી. જયારે જીપીએસ ડેટા ઉપલબ્ધ હોય છે ત્યારે ટ્રાન્સપોર્ટેશન સર્વિસીઝ સ્ટાફ એને ચકાસવાની દરકાર પણ લેતા નહોતા. વધુમાં ઓડીટરની ટીમે કેટલાક કોન્ટ્રાકટર્સ કામની શરતોનું પાલન પણ કરતા નહોતા. દાખલા તરીકે કામની શિફટ શરૂ કરવાના અને પુરી થવાના સમયનું ધ્યાન રખાતુ ન હોવાને કારણે વધારાના કામનો જીપીએસ રેકોર્ડ પણ જોવા મળતો નહોતો. પરિણામે કાઉન્સીલના ધારાધોરણ મુજબનું કામ જોવા મળ્યું નહોતું. શુક્રવારે શહેરના મેયર જોન ટોરીએ અહેવાલનો પ્રતિભાવ આપતા કહ્યું હતું કે, તેમણે આખો અહેવાલ રસપૂર્વક વાંચ્યો છે અને સમજાયું છે કે, સારા ઓડીટર જનરલ હોવાથી શું લાભ થાય છે. ઓડીટ કમિટી અને ઓડીટની પ્રક્રિયાની સાચી જરૂરીયાત આવા અહેવાલથી જ સમજાઈ શકે છે.

# અર્બન હિરો: મહામારી સમયે સ્કારબોરોના ઝાકિર પટેલ જરૂરીયાતમંદોની વહારે આવ્યા

- માર્ચ મહિનાથી અમલી લોકડાઉનમાં વિદેશી વિદ્યાર્થીઓ અને વરિષ્ઠોને ભોજન અપાયું



સ્કારબોરો : માર્ચના અંતે જયારથી કોવિડ -૧૯ને કારણે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ ત્યારથી ઝાકિર પટેલ અને તેના કેટલાક મિત્રોએ સ્કારબોરો મુસ્લિમ એસોસિયેશન સાથે મળીને જરૂરતમંદ આંતરરાષ્ટ્રીય વિદ્યાથીઓ અને વયસ્ક નાગરિકોને ભોજન પુરૂ પાડવાની યોજના બનાવી હતી.

એસોસિયેશનના મેનેજમેન્ટને આ વિચાર પસંદ આવી ગયો અને ચાર મિત્રોએ સાથે મળીને આ કામ શરૂ કર્યુ હતુ. ઝાકિર પટેલ એક સ્કુલના ટ્રસ્ટી અને લાંબા સમયથી સ્કારબોરોમાં રહે છે. તેમણે કહ્યું કે આ પ્રોજેકટ ભોજન પુરૂ પાડવાનો હતો. જેમાં બે મહિના સુધી દરરોજ તાજું ભોજન હજારો લોકો સુધી પહોંચાડવાનું હતું. વિદેશી વિદ્યાથીઓ, સિનીયર સિટીઝન્સ અને કવોરન્ટાઈનમાં રહેનારા લોકોને માટે દરરોજ અંદાજે ૬૦૦ ફુડ પેકેટસ ઝાકીર તેના મિત્રો સાથે મળીને તૈયાર કરતા અને જરૂરતમંદો સુધી એને પહોંચાડતા હતા. માર્ચના અંતથી મે માસ સુધી તેમણે આ પ્રોજેકટ ચલાવ્યો હતો. એ ઉપરાંત જીવન જરૂરી ચીજો, દવાઓ પણ સિનીયર સિટીઝન્સ સુધી પહોંચાડવામાં આવતી હતી.

તેમણે કહ્યું કે, એકવાર મારા ફેસબુક પેજ પર સ્કારબોરોના એક રહિશ મહિલાની રીકવેસ્ટ આવી અમે તેમનું સરનામુ માંગ્યુ અને તેઓ એમના સુધી મદદ પહોંચી હતી. ત્યારે એમના ચહેરા પર જે સંતોષ જોવા મળ્યો એનાથી અમને પણ ખુશી થઈ હતી. તેમણે હેમિલ્ટન અને વોટરલુમા પણ ઘરવપરાશની ચીજો પહોંચાડી હતી. સ્ટાર મેટ્રોલેન્ડ મીડીયાએ ૪૫ વર્ષીય ઝાકિર પટેલને સામાજિક યોગદાન બદલ અર્બન હીરો એવોર્ડથી નવાજ્યા હતા. ઝાકિર પટેલ નાના રીયલ એસ્ટેટ એજન્ટ છે અને શાળાના ટ્રસ્ટી પણ છે.

# કેનેડીયન્સ ફોર ઈન્ડિયન્સ દ્વારા જરૂરિયાતમંદોને વ્યાજમુક્ત લોન

ટોરોન્ટો - ટોરોન્ટો સ્થિત 'કેનેડીયન્સ ફોર ઈન્ડિયન્સ' તરફથી ભારતમાં મુંબઈ અને વાપી ખાતે ત્રણ મહિલાઓ સહિત સાત વ્યક્તિઓને રૂપિયા ૫,૦૦૦ની વ્યાજમુક્ત લોન આપવામાં આવી હતી. મુંબઈની રિલાયેબલ એનજીઓ અને વાપીની 'હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ' ના સહયોગથી આ લોન જરૂરતમંદોને પહોંચાડવામાં આવી હતી. આ ગ્રુપના પ્રેસિડેન્ટ ફિરોઝ ખાને માહિતી આપતાં કહ્યું હતુ કે, કોરોનાના લીધે ઘણા લોકોએ પોતાના રોજગાર ગુમાવ્યા છે. અમુક લોકોને સહાયરૂપ થવાના ઈરાદાથી અમારા ગ્રુપે 'રોજગાર ચેઈન' શરુ કરી છે. અમારી સ્કીમ હેઠળ અમે લોન માંગનારને સ્વરોજગાર માટે રૂપિયા ૫,૦૦૦ આપીએ છીએ. આ પૈસા લોન લેનાર વ્યક્તિએ દર મહિને રૂપિયા ૩૦૦ના હિસાબે પાછા કરવાના હોય છે. આ પાછા મળેલા પૈસા અમે અન્યોને આપી એમને પગભર કરવા સહાય કરીયે છીએ. અત્યાર સુધી જે લોકોને લોન આપી છે એમણે નાના બાળકોના કપડાં વેચવાની, ફ્રૂટ વેચવાની લારીઓ શરુ કરી છે. મહિલાઓએ ઘરમાં સિલાઈકામ શરુ કર્યુ છે. એક બહેને ચાઈનીઝ ભેળ વેચવાનું શરુ કર્યુ છે. આ બધા લોકો ખુશ છે કેમ કે એમના ઘરમાં આવક શરુ થઈ ગઈ છે. ફિરોઝ ખાન એ જણાવ્યું કે વાપીની સેવાભાવી સંસ્થા 'હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ' વતી યુસુફ ઘાંચીએ લારીઓ અપાવી દીધી. એમણે આગળ કહ્યું કે આ તો અમારી શરૂઆત છે. આવનાર દિવસોમાં અમે વધુ લોકોને સહાય કરવા માંગીએ છીએ.

# ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગા દ્વારા ફુડ બેંકને દાન



ઓન્ટેરિયો : આઠ મહિનાથી સમગ્ર વિશ્વમાં આવેલા કોરોના સંકટને કારણે કરોડો લોકોએ નોંકરી ધંધા અને રોજગાર ગુમાવવાની નોબત આવી છે. ત્યારે ગુજરાતી સમાજ ઓફ મિસિસાગા દ્વારા સેવાભાવનાને ઉજાગર કરવા બીડુ ઝડપ્યું છે. જેમાં પ્રમુખ કલાબેન પટેલ, ઈન્દિરાબેન સામૈયાને ફુડ બેંક પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

તેઓએ પોતે તથા કમિટી નિમીને કાર્યને આગળ ધપાવ્યું છે. ઈન્દિરાબેનના પુત્ર સચીને પોતાનું ગેરેજ આ કાર્યમાં ચીજવસ્તુઓ મુકવા માટે આપ્યું છે. આ સેવાભાવી લોકોએ જરૂરિયાતમંદો માટે દરેક ચીજવસ્તુઓ લાવી આપી છે. વધુમાં પુરષોત્તમ માસમાં અન્નદાનમાં જે સીધુ આવ્યું હતુ તેની પૂજા ચંદ્રકાંતભાઈ શુકલના હસ્તે કરાવી હતી. ૧૦-૧૦-૨૦૨૦ના રોજ કલાબેન, કનુભાઈ પટેલ, ઈન્દિરાબેન, સુરેન્દ્ર સામૈયા, સચીન, મધુબેન, તથા તેમનો પરિવાર અને અંબાલિકા મહેશ, હર્ષિકાબેન, બિપીનભાઈ, સરયુબેન દેસાઈ, જૈમિનીબેન પટેલ, ભૂપેન્દ્ર પટેલ, કૈલાસબેન દેસાઈ, વિજયાબેન હુક્કા, જયશ્રીબેન ભટ્ટ, વગેરેએ સેવા આપી હતી. સંગઠન તરફથી ૮૦૪૦ પાઉન્ડ સામાગ્રી ફુડ બેંકને આપવામાં આવી હતી.

# સીક કીડ્સ ફાઉ.ના લાભાર્થે બોલીવુડ ટ્યૂન્સ દ્વારા રાસ ગરબાની રમઝટ

- રાસગરબા અને ડીસ્કો ડાંડીયાને વિશ્વભરના ૧૨૦૦૦થી વધુ લોકોએ માણ્યા




ટોરોન્ટો : બોલીવુડ ટ્યૂન્સ અને કોમ્યુનિટિ પાર્ટનર્સ (Halton Community & Culture Association, Kadva Patidar Samaj, Indo Canadian Cultural Events of Cambridge, Gujarati Samaj of Montreal) ના સયુંક્ત ઉપક્રમે સીક કીડ્સ ફાઉન્ડેશનના લાભાર્થે યોજાયેલા ઓનલાઈન રાસ ગરબા રમઝટ ૨૦૨૦નો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ધ્રુવ શાહ દ્વારા કરવામાં આવ્યું હતુ. દર વર્ષે નોર્થ અમેરિકાના સુનિલ પટેલ નવરાત્રિમાં શાનદાર કાર્યક્રમ કરે છે. પરંતુ આ વખતે કોવિડને કારણે તેમણે ફેસબુક લાઈવ દ્વારા મનોરંજન પુરુ પાડ્યું હતુ. જેમાં કો-સિંગર તરીકે તુલસી રાડિયા, માનસી પંડ્યા, બોલીવુડ ટ્યૂન્સની ઓરકેસ્ટ્રા ટીમ જીગ્નેશ પટેલ, જીગર વ્યાસ, પ્રતાપ સોલંકી, કેવિન પટેલ વગેરેએ નવરાત્રિ ઉત્સવની ઉજવણી ૧૭મી ઓકટોબરે સાંજે ૮ કલાકે ટીવી ચાર સ્ટુડિયોના પ્લેટફોર્મ પરથી કર્યુ હતુ. ફેસબુકના લાઈવ પ્રોગ્રામમાં જૂના ગુજરાતી ગરબા સાથે ફિલ્મના ગીતો પણ ગૂંજ્યા હતા. જેને કારણે દર્શકો, શ્રોતાજનો રસતરબોળ થઈ ગયા હતા. હોસ્ટ લલિત ઠાકર દ્વારા આવા કાર્યક્રમનું રસમય એન્કરિંગ કરાયું હતુય

સાડા ત્રણ કલાક સુધી ચાલેલા રાસગરબા અને ડીસ્કો ડાંડીયાના કાર્યક્રમને વિશ્વભરના ૧૨૦૦૦થી વધુ લોકોએ માણ્યો હતો. જેમાં ૧૫૦૦થી વધુ દર્શકોએ સુંદર પ્રતિભાવ આપ્યો હતો. કાર્યક્રમમાં ૪૫૦૦ ડોલરનું ફંડ સ્પોન્સર્સ અને દાતાઓની ઉમદાસેવા ભાવનાને કારણે એકત્ર કરવામાં સફળતા મળી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકોએ સ્પોન્સર્સ, ગોલ્ડ સ્પોન્સર્સ, (i.e. vrajwater.com) દાતાઓ, દર્શકો તેમજ મીડિયા પાર્ટનર સ્વદેશ સહિતના અખબારનો આભાર માન્યો હતો. આ ઉપરાંત સતત સહકાર આપનારા ભારતીબેન ગાંધી, શ્રીકાંત ગાંધી, સંદીપ શાહ (નાયગ્ર રિજ્યન)નો પણ આભાર વ્યક્ત કરાયો હતો.

કાર્યક્રમના સંચાલનમાં અરુણા નટોલા, પીટર પટેલ, દીપીકા પટેલ નિમિષ મહેતા, સુનિલ પટેલ તથા ધ્રુવ શાહે જહેમત ઉઠાવી હતી.

# દુમાડ ફાયરિંગ કેસ : ગુનામાં ઉપયોગી દેશી તમંચો અને કાર હજી મળતી નથી

**• ઐયુબઅલી કહે છે, ફાયરિંગ કર્યા પછી મેં કોને રિવોલ્વર આપી તે ખબર નથી !**

વડોદરાઃ શહેરની દુમાડ ચોકડી પાસે સોમવારે થયેલા કોમી અથડામણમાં ઘવાયેલા ભરવાડ યુવકના હાથમાંથી આજે ગોળી કાઢવામાં આવી હતી. જે સમા પોલીસે તપાસના ભાગરૂપે કબજે લીધી હતી. આ ઉપરાંત પોલીસે ઘટના સમયે હાજર ૮ લોકોના નિવેદન પણ લીધા હતા. બંને પક્ષના આરોપીઓ હાલ બે જુદી – જુદી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આરોપી ઐયુબે પોલીસને એમ જણાવ્યું હતું કે, ફાયરીંગ કર્યા પછી મેં કોને રિવોલ્વર આપી હતી, તે મને ખબર નથી. ઐયુબઅલીના ભઠ્ઠા પર કામ કરતાં શ્રમજીવી દંપતિને જબરજસ્તીથી દુમાડ ચોકડી પાસેથી ટ્રકમાં બેસાડી પરત ભઠ્ઠા પર ઐયુબના માણસો લઈ જતા હતા. એક શખસે મજૂરને માર મારતાં તેની પત્નીએ નજીકમાં ઉભેલા ભરવાડ સમાજના રીક્ષા ચાલકોની મદદ માંગી હતી. જેથી તેમણે દંપતિને મદદ કરતાં ઐયુબઅલી પઠાણે તેની અદાવત રાખી પાંચથી છ રાઉન્ડ ફાયરીંગ કરી દીધું હતું. જેમાં વજુ જોગરાણા (ઉં.વ.૨૪)ને હાથમા ગોળી વાગી હતી. ભરવાડએ પણ હથિયારો વડે હુમલો કર્યો હતો. અથડામણમાં ત્રણ મુસ્લિમો તથા બે ભરવાડોને ઈજા થઈ હતી. બનાવ અંગે બંને પક્ષોએ સામસામે હત્યાની કોશિષની ફરિયાદ નોંધાવી હતી.

# અમૂલ ડેરીના ચેરમેનની ચૂંટણીના પરિણામો ઉપર હાઈકોર્ટની રોક

**• ભાજપની કૃત્રિમ બહુમતી ઉભી કરવા સરકારે ત્રણ પ્રતિનિધિ નીમ્યાનો આક્ષેપ**

આણંદ : અમૂલ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનનીની નિયુક્તિ માટે ૨૩મી ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીના પરિણામો હાઈકોર્ટની આગામી સુનાવણી કે આગામી આદેશ સુધી જાહેર ન કરવાનો આદેશ ગુજરાત હાઈકોર્ટે કર્યો છે. જસ્ટિસ બિરેન વૈષ્ણવે આદેશ કર્યો છે કે સરકાર દ્વારા નીમવામાં આવેલા ત્રણ પ્રતિનિધિઓના મત પણ અલગ સીલબંધ કવરમાં રાખવામાં આવે અને ચૂંટણીના પરિણામો હાઈકોર્ટના આદેશને આધિન રહેશે. કોર્ટે આ અંગે રાજ્ય સરકાર સહિતના પ્રતિવાદીઓને નોટિસ પાઠવી છે. જેની વધુ સુનાવણી ૨૪મી નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

અમૂલ ડેરીના કોંગ્રેસ સમર્થિત ત્રણ ડિરેક્ટરો કાંતિભાઈ સોઢા પરમાર (ધારાસભ્ય-આણંદ), રાજેન્દ્રસિંહ પરમાર ( ધારાસભ્ય - બોરસદ) અને સંજયભાઈ પટેલે હાઈકોર્ટમાં પિટિશન કરી અમૂના નિયામક મંડળમાં સરકાર દ્વારા નીમવામાં આવેલા ત્રણ ડિરેક્ટરની નિમણૂકને પડકારી છે. તેમની રજૂઆત હતી કે ૨૩મી ઓક્ટોબરના રોજ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી છે, જેમાં કૃત્રિમ બહુમતી ઉભી કરવા માટે આ નિમણૂક કરવામાં આવી છે. હાઈકોર્ટે અરજદારોને સાંભળી આદેશ કર્યો છે કે ચૂંટણીની પ્રક્રિયા તેના શિડયુલ પ્રમાણે કરી શકાય તેમ છે.

## વડોદરાઃ બેફામ દોડતી બસે ૫ વાહનો મારી ટક્કર, બે બાળકોના ઘટનાસ્થળે જ મોત

વડોદરા- પાદરામાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જ્યાં બેફામ બસ ચાલકે ૫ વાહનને ટક્કર મારી છે. આ ઘટનામાં બે લોકોના મોત નિપજ્યા છે. પાદરા જંબુસર હાઈવે પર પાદરાના ફુલબાગ પાસે રોડ પર બેફામ ગતિએ ચાલતી લકઝરી બસે ૫ વાહનોને અડફેટે લેતા મોટો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે બાળકોના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. ત્યાં જ ૧ મહિલાનો આબાદ બચાવ થયો હતો. ડભાસા તરફથી આવતી લકઝરી બસે પાદરાના ફુલબાગ પહેલા આઈસર, અને અન્ય પાર્ક કરેલા અન્ય બે ફોરવ્હીલર વાહન બાદ રોંગ સાઈડના બે બાઈકને પણ અડફેટમાં લઈ મોટો અકસ્માત સર્જ્યો હતો. આ ઘટનાનાં પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

# વડોદરામાં રાજવી પરિવારની મિલકતનો વિવાદઃ કોર્ટમાં એક લાખ કરોડનો દાવો

વડોદરા - રાજવી ગાયકવાડ પરિવારની અબજો રૂપિયાની સ્થાવર-જંગમ મિલકતનો વિવાદ ફરી ગરમાયો છે. વડોદરાના મૂળ રાજવીના પરિવારના વારસદારોએ તાજેતરમાં કોર્ટમાં ૧ લાખ કરોડ રૂપિયાનો દાવો દાખલ કરી મિલકતોનો ૫૦ ટકા હિસ્સાની માંગણી કરી છે. આમ તો સયાજી ઘરાનાની કરોડોની સંપત્તિને લઈને ભાઈઓ વચ્ચે વર્ષોથી વિવાદ બાદ વર્ષ ૨૦૧૩માં સમાધાન થયું હતું. એ પ્રમાણે પ્રોપર્ટીની વહેંચણી પણ થઈ ગઈ હતી. જો કે હવે આ વહેંચણી યોગ્ય રીતે ન થઈ હોવાના આક્ષેપ સાથે મામલો કોર્ટમાં પહોંચ્યો છે.

વડોદરાના રાજવી પરિવારની રૂ.૧ લાખ કરોડની મિલકતનો વિવાદમાં રાજવી પરિવારના દિલજીતસિંહ ગાયકવાડે મોટા આરોપ લગાવીને રેવન્યુ રેકર્ડમાં ગોલમાલ કર્યાના આક્ષેપો કરતાં ખળભળાટ મચી જવા પામી છે. દિલજીતસિંહ જણાવ્યું છે કે અમે સીધા વારસદાર તરીકે આજે પણ વારસાથી વંચિત છીએ. પેલેસના જમીન સંપાદનના નાણાં પણ મળ્યા નથી. રેવન્યુ અધિકારીઓ ગાંઠતા ન હોવાનો આરોપ પણ તેમને લગાવ્યો છે. અકોટાની જમીનના રૂપિયા ૭ કરોડ ન મળ્યાનો દાવો પણ પરિવારના દિલજીતસિંહે કર્યો છે. હાલ રાજવી સમરજીતસિંહ ગાયકવાડ દત્તક પુત્ર છે.

વડોદરાના રાજવી પરિવારની કુલ મિલકત ૧ લાખ કરોડની છે, જે રાજવી પરિવારની છે. દિલજીતસિંહ ગાયકવાડને પેલેસના જમીન સંપાદનના હજુ સુધી નાણાં પણ નથી મળ્યા તેનો ઉલ્લેખ કર્યો છે. હાલ રાજવી સમરજીતસિંહ ગાયકવાડ દત્તક પુત્ર તરીકે છે.

## વડોદરાથી વાપી વચ્ચે રેલવે લાઈન નાખવા રૂ.૨૪૯૦૦ કરોડ ખર્ચાશે

વડોદરાઃ અમદાવાદ થી મુંબઈ વચ્ચેના બુલેટ ટ્રેન પ્રોજેકટમાં વડોદરા થી વાપી વચ્ચેના ૨૩૭ કિ.મી સુધીની એલીવેટેડ રૂટ માટેની રેલવે લાઇન, ચાર રેલવે સ્ટેશન, સુરતમાં ડેપો અને ૭ મોટા બ્રિજ માટેનું દેશનું સૌથી મોટુ ટેન્ડર બહાર પડયુ હતુ. આ ટેન્ડર ૨૦,૦૦૦ કરોડનો એસ્ટીમેટ રાખવામાં આવ્યો હતો. આ કામ માટે ૮ કંપનીઓએ રસ દાખવ્યો હતો. જેમાં ૨૩મી સપ્ટેમ્બરના રોજ ત્રણ કંપનીઓએ ફાયનાનસીયલ બીડ કરી હતી. જે ટેન્ડર આજે ખુલ્યા હતા. જેમાં લાર્સન એન્ડ ટયુબ્રો કંપનીએ ૨૪,૯૦૦ કરોડનુ સૌથી લોએસ્ટ ટેન્ડર ભર્યુ હતુ. હવે ૧૫ દિવસમાં ટેકનીકલ પ્રોસેસ આટોપી લીધા બાદ તેને કામગીરી માટેની લીલી ઝંડી આપી દેવામાં આવશે. જયારે એક અંદાજ મુજબ એક મહિનામાં બુલેટ ટ્રેન પ્રોજેકટના વડોદરા થી વાપી સુધીની કામગીરીનો પ્રારંભ થઈ શકે છે. આ કામગીરીમાં વડોદરાથી વાપી સુધીની ૨૩૭ કિ.મીની એલીવેટેડ રૂટ માટેની લાઇન તેમજ ૭ મોટા બ્રિજ બનાવવામા આવશે.

## કરજણમાં કંકાસ : નવી જીથરડીમાં અક્ષય પટેલ ઉપર મતદાર વિફર્યા

વડોદરાઃ કરજણ મતવિસ્તારની પેટા ચૂંટણીમાં ૯ ઉમેદવાર વચ્ચે ખરાખરીનો ખેલ જામશે. ભા.જ.પ.ના પટેલ ઉમેદવાર સામે કોંગ્રેસના ક્ષત્રિય ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં ગદ્દાર, વિશ્વાસઘાતી, દગાબાજ, મતદારોના પવિત્ર મતનો સોદો કરનાર, આઉટ સાઈડર સહિતનો વાણી-વિલાસ શરુ થયો છે. તાજેતરમાં જ કરજણના નવી જીથરડી ગામે ચૂંટણી પ્રચાર અર્થે ગયેલા ભા.જ.પ.ના ઉમેદવાર અક્ષય પટેલને ગામના આગેવાનોએ કહ્યું હતું કે તમો ગત ચૂંટણીમાં આવ્યા પછી ક્યારે આવ્યા હતા ? શું લાવ્યા ? એવા શબ્દવેધી બાણનો સામનો કરવો પડયો હતો. જે સામે અક્ષય પટેલે પ્રત્યુત્તર વાળ્યો હતો કે દર સોમવારે અને ગુરુવારે તાલુકા પંચાયતની કચેરીએ આવી નાગરિકોના પ્રશ્નો સાંભળતો હતો. કરજણની પેટાચૂંટણી પૂર્વે તરકટબાજે પરપ્રાંત સંભવિત મધ્યપ્રદેશનો ગત ચૂંટણીનો વીડિયો વાઈરલ કર્યો છે. જેમાં અક્ષય પટેલ જેવા દેખાતા વ્યક્તિને લોકસંપર્ક દરમિયાન વૃધ્ધ મતદાર જુતાનો હાર પહેરાવતો હોવાનું દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે.

# આસો માસમાં આવતી દિવાળીના દિવસે સંધ્યા સમયે અનેક પ્રકારે સુખ-સમૃદ્ધિ, લક્ષ્મી આપતું પંદરો યંત્ર બનાવવાની લોક ઉપયોગી માહિતી




આ યંત્રને પંદરો યંત્ર કહેવામાં આવે છે તેને લક્ષ્મી યંત્ર પણ કહે છે. જેનો ઊભો-આડો-ત્રાસો કે નીચે થી ઉપર ગણથા અંકોનો સરવાળો પંદર થાય છે. જેમાં ૧ થી ૯ સુધીના અંકોનો સમાવેશ થયેલો હોય છે. આ અંકોનો જ અંક જ્યોતિષમાં ઉપયોગ થાય છે.

સામગ્રી : લાલ રંગનું કંકુ (કુમકુમ), દાડમ (અનાર)ના વૃક્ષની ડાળી, ભોજપત્ર, સફેદ કોરો કાગળ

ક્યા દિવસે લખવું :- આસોમાસની અમાસ એટલે દિવાળીના દિવસે લકવું કે તિજોરી ઉપરના મુખ્ય દરવાજાની ઉપરની બાજુએ ચિતરવું અને યંત્ર પાસે રાખવાનું હોય તો ભોજત્ર કે સફેદ કોરા કાગળ્ પર અંકિ (લખવું) કરવાનું હોય છે.

સમય :-દિવાળીના દિવસે સંધ્યાકાળે સાંજે ૭ થી ૮ની વચ્ચે લખવું જેમાં ૧ થી ૯ અંકો જુદા જુદા ખાનામાં લકવાના હોય છે.

યંત્ર લખવાની સમજ : લાલરંગના કંકુમાં જોઈતા પ્રમાણમાં પાણી ઉમેરવું ત્યાર બાદ દાડમની ડાળીથી સૌ પ્રથમ ૪ ઈંચ બાય ૪ ઈંચના માપનું એક ચોરસ બનાવવું તેમાં ૨ ઉભી લાઈન અને ૨ આડી લાઈન દોરવી તેનાથી એક સરખા "૯" ચોરસ બનશે સૌ પ્રથમ ૮ ૧ ૬ ઈસાન ખૂણાથી અગ્નિખૂણા તરફ લખવું ત્યારબાદ ઉત્તરદિશાથી દક્ષિણ દિશા તરફ ૩ ૫ ૭ લખવા ત્યારબાદ વાયવ્ય ખૂણાથી નૈરૂત્ય ખૂણા તરફ ૪ ૯ ૨ અંક લખવા.

અંક ચોરસોના મધ્યમાં સંસ્કૃત અંક પ્રમાણે લખવા કોઈ પણ અંક ચોરસ ખાનાને અડે નહીં કે ચહેરાઈ જાય નહીં કે નાના મોટી થાય નહીં તેની ખાસ કાળજી લેવી યંત્ર લખતી વખતે મહાલક્ષ્મી માતાજીનો મંત્ર "ૐ મહાલક્ષ્મૈય નમઃ" બોલતા રહેવું યંત્ર લખાી જાય પછી ધૂપ કે અગરબત્ત કરીને યંત્રની ચારે બાજુ ફેરવવી જો ભોજપત્ર કે સફેદ કોરા કાગળ ઉપર લખેલું હોય તો દિવાળીની રાત્રે માતાજીની પાસે મુકી રાખવું. ત્યાર બાદ બીજે દિવસે નૂતન વર્ષથી તમારી પાસે રાખવું અથવા દુકાનના ગલ્લામાં મુકિવું જેનાથી વેપાર-ધંધામાં વૃધ્ધિ થાય છે. પાસે રાખવાથી આવકમાં વૃધ્ધિ થાય છે. ધંધા-નોકરીના કામમાં આર્થિક સફળતા ખૂબ સારા પ્રમાણમાં મળે છે.

(એ) ઈશાન ખૂણામાં લક્ષ્મીનો વાસ હોય છે. લક્ષ્મીનું આગમન આ ખૂણામાંથી થાય છે. માટે ઈશાન ખૂણાનો અંક પ્રથમ લખવાનો હોય છે. અંક "૮" (આઠ)

(બી) પૂર્વ દિશા નારાયણ - વિષ્ણુ ભગવાનનો વાસ હોય છે. ત્યાર બાદ ઉપલા મધ્યનો અંક લખવાનો હોય છે. અંક "૧" (એક)

(સી) અગ્નિ ખૂણામાં : અગ્નિ નારાયણનો વાસ હોય છે. હોમ હવન, યજ્ઞ મકાનના રસોડામાં કાયમને માટે અન્ન અને રસોઈ બનતી રહે અંક "૬" (છ) લખવો.

(ડી) ઊત્તર દિશામાં : કુરેબનો વાસ હોય છે જેની પાસે દેવિ-દેવતાની ધન સંપત્તિ હોય છે ત્યારબાદ અંક "૩" (ત્રણ) બીજી લાઈનમાં પ્રાથમ લખવો.

(ઈ) યંત્રની મધ્યમાં યંત્રનું આધાર બિન્દુ અને તેમાં શ્રી મહાત્રિપુર સુંદરી માતા બિરાજમાન હોવાથી "૫" (પાંચ) લખવો.લક્ષ્મી, ધન, વૈભવ, રૂપ આપે છે.

(એફ) દક્ષિણ દિશા : આ દિશામાં પીત્રુઓનો વાસ હોય છે. જેનાથી સંતતિ-લક્ષ્મી પ્રાપ્ત થાય છે. જેથી બીજી લાઈનમાં અંક ૭ (સાત) લખવો.

(જી) વાયવ્ય ખૂણો : આ દિશા (ખૂણો) નીચે પહેલો છે. જેના દેવતા વિશ્વકર્મા જેની કૃપાથી સુંદર મકાન બાંધકામનોમાં સહાયક છે. જેનો અંક "૪" (ચાર) છે તે લખવો.

(એચ) પશ્ચિમ દિશા : પશ્ચિમ દિશાના દેવતા વરૂણ હોવાથી સારી ખેતીવાડી અને ધાન્યની પ્રાપ્તિ થતી હોઈ નીચેની લાઈનના મધ્યમાં અંક ૯ (નવ) લખવો.

(આઈ) નૈરૂત્ય ખૂણો : આ ખૂણાના દેવતા ઈન્દ્ર જે દેવોના રાજા હોવાથી સુખ-સમૃદ્ધિ, આનંદ, પ્રમોદમાં જીવન પસાર થાય માટે નીચેની લાઈનમાં અંક "૨" (બે) લખવો.



આ મુજબ પંદરો યંત્રના સ્થાન અને અંકોનું ગુઢ રહસ્યની જાણકારી આપેલ છે. લોકોની સુગમતા માટે સંસ્કૃતના અંકોની ઓળખના ના કરી શકતા હોય તે માટે સરળ અંકોમાં દર્શાવેલ છે.

આ અંકો તેના સ્થાન દિશા-ખૂણા અને દેવિ-દેવતાની અનોખી ઊર્જા આપતું હોવાથી આપણા ઋષિ મુનિઓએ ગહન અભ્યાસ કરીને આ યંત્રની રચના કરેલી છે. જે અનેક પ્રકારે લાભકારક છે.

આ યંદ્ર બનાવવાથી કે અંકિત કરવાથી, લક્ષ્મી, અન્ન, રૂપ, સંતતિ, મકાન સુખ, સારી ખેતીવાડી, ધાન્યની પ્રાપ્તિ, વંશ વૃધ્ધિ, સુખ સમૃધ્ધિ, આનંદ-પ્રમોદ, ઊત્તમ, વેપાર, નોકરી, આપનાર સર્વ પ્રકારે સુખ આપનારૂ છે. આ વર્ષે આસો મહિનો અધિક માસ હોવાથી વિક્રમ સંવત ૨૦૭૬ આસો કૃષ્ણપક્ષની અમાસ તારીખ ૧૬-૧૧-૨૦૨૦ને રવિવારે દિવાલી આવે છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
**બીપીન એસ્ટ્રોલોજર**
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm


PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca
સર્વે ભાઈ અને બહેનોને વિજયાદશમીના
પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ
DIWALI
SALE STARTS
NOW
6th Location
OPENING
SOON
1255 Markham Road Scarborough M1H 2Z5
દશેરા નિમિત્તે
ફાફડા-જલેબી
મળશે
Design by Gujarat Abroad
Now Hiring
Cook,
Cashier,
General help
Send your
Resume at :
PVSTUXEDO@GMAIL.COM
MISSISSAUGA
169 Dundas St. E,
Unit# 1 to 4, Mississauga,
ON L5A 1W8
Call : 905-232-3955
BRAMPTON
8814 The Gore Road,
Unit 4-8, Brampton,
ON L6P 0B1
Call : 905-794-5372
SCARBOROUGH
2141 Ellesmere Road,
Behind Scotia Bank
Scarborough, ON M1G 3M6
Call : 416-439-9393
ETOBICOKE
3-45 Woodbine Downs Blvd,
Etobicoke,
ON M9W 6N5
Call : 416-213-9394
AJAX
18, Harwood Ave.
South, Ajax,
ON L1S 6N2
Call : 905 426 2499

# કચ્છમાં પતિએ પત્નીને ઝેર પીવડાવી ૩ પુત્રીને રહેંસી નાખી

માંડવી : કચ્છના માંડવી તાલુકાના જખણિયા ગામમાં સંઘાર પરિવારના મોભીએ બુધવારે સવારે ઘરમાં ત્રણ માસૂમ દીકરીઓને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને તેમજ પત્નીને ઝેર પીવડાવ્યા બાદ ગળુ દબાવી હત્યા કરતા સમગ્ર ગુજરાતમાં અરેરાટી ફેલાઈ છે. બે દીકરીઓને બીમારીના કારણે આર્થિક સંકડામણથી તંગ આવેલા પિતાએ આવુ હેવાનિયતભર્યુ કૃત્ય કર્યુ છે. હત્યા બાદ નાસી તે નાસી છુટયો હતો. ગ્રામજનોના કહેવા મુજબ, દિકરીઓને અનહદ પ્રેમ કરતાં અને સારવાર માટે દોડાદોડી કરતાં પિતાના કૃત્યથી તેઓ પણ સ્તબ્ધ છે.



કાળજુ કંપાવનારી ઘટનામાં શિવજી ઉર્ફે જખુ પંચાણ સંઘાર(ઉ.વ. ૩૫)ના પત્ની ભાવનાબેન કોઈ કામસર ગામના વથાણ ચોકમાં ગયા હતા. ઘરના એક રૂમમાં શિવજીએ તીક્ષ્ણ હથિયારથી દીકરી તૃપ્તિ(ઉ.વ. ૧૦), કિંજલ (ઉ.વ. ૫) અને ધર્મિષ્ઠા (ઉ.વ. ૨)ની કરપીણ હત્યા કરી રૂમને લોક કરી નાખ્યું હતું. બીજી બાજુ ભાવનાબેન(ઉ.વ. ૩૫) વથાણમાંથી પરત ઘરે આવતાં તેને પણ ઝેરી દવા પિવડાવવાની સાથે ગળેટૂંપો આપ્યો હતો. શિવજી ઉર્ફે જખુએ પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભાવનાબેનની બૂમાબૂમ સાંભળીને ગ્રામજનો આવી જતાં તે ફરાર થઈ ગયો હતો. હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં જ ભાવનાબેને પણ દમ તોડી દીધો હતો. એક સાથે ચાર-ચાર હત્યાના બનાવને અંજામ આપી આરોપી શિવજી ઉર્ફે જખુ જંગલ તરફ નાસી છુટયો હતો. આ ઘટનાની જાણ થતા જ એફએસએલ, એલસીબીની ટુકડી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જઈને આગળની કાર્યવાહી કરી છે.

### ફરાર થઇ ગયેલા આરોપીને પકડવા માટે પોલીસે ૬ ટીમ બનાવી

બનાવ બાદ આરોપી જખણિયાથી નીકળીને હરિપર રોડથી તલવાણા વાડી અને સીમ વિસ્તારમાં નાસી છૂટયો હતો. હજુ પણ આરોપી આજ વિસ્તારમાં છુપાયો હોવાની શક્યતાઓ છે. તેને પકડવા માટે બે માંડવી, એસઓજી, એલસીબી અને આરઆર સેલ તથા સાયબર ક્રાઇમની ટીમ દ્વારા તપાસ શરૂ કરાઇ છે.

### આરોપી સામે માંડવી પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાઈ

માંડવી પોલીસ મથકે હત્યાની કલમ ૩૦૨ મુજબ ફરિયાદમાં જણાવાયું હતું કે, આરોપી આર્થિક તથા માનસિક રીતે ભાંગી પડતાં તીક્ષ્ણ હથિયારથી ત્રણેય દીકરીઓ અને પત્નીનું ગળું દબાવી હત્યા કરી હતી.

# ભાવનગરના સામુહિક આપઘાતની ઘટનામાં નવો વળાંક, મૃતક યુવાનનો વીડિયો વાઈરલ

**• પત્નિના કારણે પગલું ભર્યુ; ન્યાય માટે યુવાનનો ભાઈ પોલીસ મથકે પહોંચ્યો**

ભાવનગર : મુળ કરદેજ ગામના વતની અને નવાગામ (ચિરોડા) ખાતે છેલ્લા ત્રણ વર્ષથી રહી પરિવારનું ગુજરાન ચલાવતા લાલજીભાઈ નાગજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૨)ના પત્ની પાયલબેન ઘરકંકાસના કારણે પિયર જતા રહ્યાં હતાં. જેના પગલે લાલજીભાઈએ તેના બે માસુમ સંતાન અઢી વર્ષનો દિકરો માનવ અને ૪ વર્ષની દિકરી પ્રતિક્ષાને મકાનના છાપરાના પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો આપી હત્યા કરી પોતે પણ પંખા સાથે લટકાઈ અંતિમ પગલું ભરી લેતા ભારે અરેરાટી છવાઈ જવા પામી હતી. દરમિયાન પત્ની પાયલબેન ઘરકામ બાબતે ઝઘડો થતા બંને સંતાનને છોડી પોતાના પિયર ઉંડવી ગામે જતા રહ્યાં હોય અને લાલજીભાઈ સાથે છુટાછેડા લેવાની તજવીજ ચાલતી હોય જેના કારણે તેના ભાઈએ બંને બાળકોને ફાંસો આપી પોતે પણ આપઘાત કરી લીધો હોવાનું ખુલ્યું હતું. ઉક્ત કરૂણાંતિકાના પગલે મૃતક યુવાન લાલજીભાઈના પત્નિ પાયલબેન (ઉ.વ. ૨૫)એ તેના પતિ લાલજીભાઈ ઉર્ફે ગટીયો લાલજીભાઈ ચૌહાણ તેના પતિ તેણીના ચારિત્ર્ય પર શંકા કુશંકા કરી વહેમ કરતા અવારનવાર જગડાઓ થતા હતા. જેના કારણે તેઓ પોતાના પિયર જતા રહ્યા હતા. બાદ તેના પતિએ તેના અઢી વર્ષના દિકરા માનવ અને ૪ વર્ષની દિકરી પ્રતિજ્ઞાને લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળાફાંસો આપી બન્નેના મોત નિપજાવી પોતે પણ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધા સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં એક જ દિવસમાં ભૂકંપના ૧૨ આંચકાથી ગભરાટ

રાજકોટ : સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે એક જ દિવસમાં હળવા-મધ્યમ તિવ્રતાના એક ડઝનથી વધુ આંચકા આવતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પોરબંદરમાં ૭, જામનગરમાં ૨ અને કચ્છમાં ૩ આંચકા નોંધાયા હોવાનું ગાંધીનગર સિસ્મોલોજી કચેરીએ જણાવ્યું હતું. પોરબંદરમાં ગત મધરાતથી આજ સાંજ સુધીમાં ૭ આંચકા અનુભવાયા હતા. મધ્યરાત્રિના ૨:૫૪ કલાકે ૨.૯ની તીવ્રતાના આંચકાથી લોકો નિંદરમાંથી જાગી ગયા હતા. પોરબંદર પંથકમાં ત્રણ કલાકના અંતરે ઉપરા છાપરી ૭ આંચકા આવ્યા હતા. આંચકાથી કોઈ જાનહાની નુકસાની નથી. આંચકાનું એપી સેન્ટર પોરબંદરથી ૨૯થી ૪૦ કિમી દૂર નોંધાયું હતું. હળવા ભારે આંચકાની અસર પોરબંદર, અડવાણા, બરડા પંથક સુધી અનુભવાઈ હતી. જામનગરના લાલપુરમાં પણ ૪૫ મીનીટમાં બે આંચકા નોંધાયા હતા.



# રાજકોટ એઈમ્સમાં ૧૯ બિલ્ડીંગ બનશે, માસ્ટર લે-આઉટ મંજૂર

રાજકોટ : રાજકોટ સહિત સૌરાષ્ટ્રવાસીઓને અદ્યતન મેડીકલ સારવારનું સ્વપ્ન સાકાર થવાની અણી ઉપર છે. સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ નજીક એઈમ્સમાં ૧૯ બિલ્ડીંગ બાંધવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા માસ્ટર લે-આઉટ પ્લાનને રૂડાએ મંજૂરી આપી છે. રૂડાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ખંઢેરી-પરાપીપીળીયાની ૧૬૦ એકર જમીનમાં અલગ અલગ ૧૯ બિલ્ડીંગ બાંધવા માટે આરોગ્ય વિભાગે પરવાનગી માંગી છે જેમાં મુખ્ય હોસ્પિટલ, મેડીકલ કોલેજ, ઓપરેશન થિયેટર, સ્ટાફ ક્વાર્ટર સહિતની સુવિધા ઉભી કરવા માટે મંજુરી માંગવામાં આવી છે. એઈમ્સમાં એન્ટ્રી અને એકઝીટ માટે એક જ રસ્તો મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત રસ્તા-કોમન પ્લોટ સહિતનો લે-આઉટ પ્લાન રજૂ કરવામાં આવ્યો છે જેને રૂડાના સતાવાળાઓ દ્વારા પરવાનગી આપી દેવામાં આવી છે. નવા વર્ષના પ્રારંભે બિલ્ડીંગનું કામકાજ શરૂ થશે. રૂડાના સૂત્રોએ જણાવ્યું હતું કે, એઈમ્સનું નિર્માણ કાર્ય શરૂ થઈ ચૂક્યું છે અક્યારે પ્રથમ તબક્કામાં બાઉન્ડ્રી વોલનું કામ શરૂ થઈ ગયું છે. હવે માસ્ટર લે-આઈઉટને શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા મડીકલ કોલેજને મંજૂરી આપવામાં આવી હોવાથી સૌ પ્રથમ એક વર્ષમાં મેડીકલ કોલેજ ઉભી કરવામાં આવશે.

# સેલ્સમેનની આંખમાં મરચું છાંટી ૪૨ લાખની લૂંટ કેસમાં બે શખ્સ ઓળખાયા

**• સેલ્સમેને થેલો ન મૂકતા લૂંટારુઓએ તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંક્યો**

જેતપુર : ધોરાજીના હિરપરા વાડી પાસે રહેતા ચીમનભાઈ વેકરીયા જેતપુરના સોની વેપારીઓના ઓર્ડર મુજબ સોના ચાંદીના દાગીના રાજકોટ ખાતે બનાવડાવી લાવવાનું સેલ્સમેનનું કામ કરે છે. તેઓ આજે સવારે દશેક વાગ્યાની આસપાસ નાના ચોક પાસે શ્રી હરિ ગોલ્ડમાં દાગીનાની ડીલેવરી કરી સોની બજારના બાજુના રમાકાંત માર્ગ પરથી મતવા શેરી બાજુ જતા હતા. ત્યારે



ત્યાં પહેલાંથી જ કાળા કલરનો શર્ટ પહેરીને બેસેલા એક શખ્સે ઉભા થઈ ચીમનભાઈની આંખમાં મરચાનો પાવડર છાંટયો. ત્યાં તરત જ સફેદ કલરનો શર્ટ અને માથા પર હેમલેટ પહેરેલો શખ્સ કાળા કલરનું બાઈક લઈને આવી પહોંચ્યો હતો. અને કાળા કલરના શર્ટ પહેરેલો શખ્સ બાઈક પર પાછળ બેસી જઈને ચીમનભાઈના હાથમાંથી થેલો આંચકયો. પરંતુ ચીમનભાઈએ થેલો મજબુતીથી પકડી રાખ્યો હોવાથી તેઓ બાઈક પાછળ ઢસડાયા હતા. પળવારમાં લૂંટ કરીને ભાગવાનો મનસૂબો લૂંટારાઓના મનમાં હતો. ચીમનભાઈ બાઈક પાછળ ઢસડાયા છતાંય થેલો મુકતા ન હોવાથી કાળા કલરનો શર્ટ પહેરેલા શખ્સે કોઈ તીક્ષ્ણ હથિયાર પગમાં મારતા થેલો હાથમાંથી મુકાય ગયો અને લૂંટારાઓ લૂંટ કરી નાસી છૂટયા હતા. આ કેસમાં પોલીસે બે આરોપીની ઓળખ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

# કચ્છમાં ૩ દિવસમાં વીજળી પડતા ત્રણ લોકોના જીવ ગયા

ભુજ: છેલ્લા ત્રણ-ચાર દિવસથી કચ્છમાં આસો માસમાં સર્જાયેલા અષાઢી માહોલ વચ્ચે આકાશી વીજળીએ ઢોરીમાં એક યુવાન તેમજ પલાંસવા નજીકના જાવાવાંઢમાં આધેડ ઉપરાંત દુધઈ બ્રાન્ચની મોરગર નર્મદા કેનાલ પર મજૂરી કામ કરતા ત્રણ મજૂરો પર વીજળી ત્રાટકતાં તેમાંના ૨૦ વર્ષીય પરપ્રાંતીય મજૂર અભિજિત નીતાઈ બારાઈનો ભોગ લીધો છે. ગત રવિવારે સાંજે દુધઈની બાજુમાં મોરગર નર્મદા કેનાલની સાઈટ પર કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક આવેલા વરસાદી ઝાપટાંના દોર વચ્ચે ત્રણ મજૂરો પર મોત બનીને આકાશી વીજળી ખાબકી હતી. આકાશી વીજળીનો ભોગ બનેલા મૂળ પશ્ચિમ બંગાળના અભિજિત સહિત ત્રણેય મજૂરને સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડાતાં ત્યાનાં ફરજ પરના તબીબે અભિજિતને મૃત જાહેર કર્યો હતો. વીતેલા બે દિવસ દરમ્યાન આકાશી વીજળીએ કચ્છમાં ત્રણ વ્યક્તિનો ભોગ લીધો છે.

# ગોંડલમાં ૨૫ લાખનો વીમો, જમીનની લાલચમાં પત્નીએ પતિની હત્યા કરી

રાજકોટઃ જૂનાગઢ રહેતા રમેશભાઈ કલાભાઈ બાલધા તેની પત્ની મંજુ ઉર્ફે મરિયમ અને રમેશભાઈના સાળા એટલે કે મંજુનો ભાઈ નાનજી ઉર્ફે નાસીર ભીમા ત્રણ દિવસ પહેલાં ચોટીલા ચામુંડા માતાનાં દર્શન કરવા જવાનું આયોજન કરી જૂનાગઢના અશ્વિનભાઈ પ્રેમજીભાઈ પરમારની કાર ભાડે કરી ચોટીલા ગયાં હતાં. બાદમાં પરત ફરતી વખતે મંજુ ઉર્ફે મરિયમ ગોંડલ ઊતરી ગઈ હતી. એ સમયે મંજુનો ભાઈ નાનજી ઉર્ફે નાસીરે ડ્રાઈવર અશ્વિનને કાર વેકરી તરફ લેવાં જણાવ્યું હતું. રસ્તામાં નાનજી ઉર્ફે નાસીરે પોતાના બનેવી રમેશભાઈ તથા કારચાલક અશ્વિનને દારૂ પિવડાવ્યો હતો. બંને દારૂ પીને ચિક્કાર થઈ જતાં નાનજીએ વેકરી નજીક ડેમ પાસે કાર ઊભી રાખી દારૂના નશામાં ચૂર બનેલા રમેશભાઈ અને અશ્વિન સહિત કારને પુલ નીચે ધક્કો મારી ગબડાવી દેતાં કાર ૨૦ ફુટ ઊંડા પાણીમાં ગરક થતાં રમેશભાઈ અને અશ્વિનભાઈનાં મોત નીપજ્યાં હતાં. ત્રણ દિવસથી રમેશભાઈ લાપતા હોઈ તેના ભાઈએ જૂનાગઢ પોલીસમાં જાણ કરતાં થયેલી તપાસમાં મરિયમ તથા તેના ભાઈ નાનજી ઉર્ફે નાસીરે રમેશભાઈની જમીન તથા વીમા પોલિસી હડપ કરવા કારસો રચી રમેશભાઈને દારૂ પીવડાવી હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો હતો.

# કોળીયાકના દરિયામાં ડુબી જતા ૩ના મોતથી અરેરાટી

ભાવનગર : ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના માલપરા ગામના વતની અને હાલ અમદાવાદ જિલ્લાના ધોળકા રેલ્વે સ્ટેશનના કર્વાટરમાં રહેતા લાભુભાઈ રમતુભાઈ નાયક (ઉ.વ.૪૦) તેના પરિવાર સાથે આજે રવિવારે કોળીયાકના દરિયા કિનારે નિષ્કલંક મહાદેવના દર્શન કરવા માટે આવ્યા હતાં. લાભુભાઈ, સરોજબેન લાભુભાઈ નાયક (ઉ.વ.૧૭) અને જયેશ લાભુભાઈ નાયક (ઉ.વ.૧૩) વગેરે દરિયામાં સાંજના સમયે ન્હાવા પડયા હતાં. આ દરમિયાન પિતા, પુત્ર અને પુત્રી દરિયામાં ડુબી જતા દોડધામ મચી ગઈ હતી. ત્રણેય વ્યકિતઓએ બચાવો બચાવોની બુમો પાડતા સ્થાનકી તરવૈયાઓએ દરિયામાં છલાંગ લગાવી હતી અને ત્રણેય વ્યકિતઓની શોધખોળ હાથ ધરી હતી. શોધખોળના અંતે ત્રણેય વ્યકિતઓની લાશ દરિયામાંથી મળી આવતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. ત્રણેય વ્યકિતઓના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે કોળીયાક સીએચસી સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતાં.

# સુરતની બસ ખીણમાં ખાબકીઃ 5ના મોત

● જે બસને ટક્કર વાગી એ બસ પણ સુરતની હતી



વ્યારા ; સુરતની શુભમ ટ્રાવેલ્સની લકઝરી બસ મંગળવારે મહારાષ્ટ્રના બુલધાણા જિલ્લાનાં મલકાપુરથીથી સુરત આવવાં નીકળી હતી, બસ ચાલક વરડીચંદ સોહનલાલભાઈ મેઘવાલ (રહે.સુરત, મૂળ રહે.રાજસ્થાન) સાથે આગળ ક્લીનર ગણેશ ઉર્ફે પપ્પુ મરાઠી (રહે.ચીખલી, તા.જી. બુલધાણા) બેઠો હતો. બસમાં જલગાંવ, નંદુરબાર જિલ્લામાંથી બાળકો સહીત કુલ ૩૭ મુસાફરો સવાર હતા. રાત્રે ધુલીયા નંદુરબાર હાઈવે નં.૩ પરથી બસ પસાર થતી હતી રાત્રિનો સમય હોવાથી મુસાફરો પણ ઘસઘસાટ ઉંઘમાં હતા. દરમિયાન વીસરવાડી તાલુકામાં રાત્રે ૨ વાગ્યાના સુમારે બસ કોંડાઈબારી ઘાટમાથી પસાર થતી હતી ત્યારે ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને આગળ જતી સુરતની જ કિંગ ટ્રાવેલ્સની બસને પાછળથી જમણી તરફ ટક્કર મારી તેનું પતરૂં ફાડીને કોંડાઈબારી ઘાટ ઉપર બનેલાં પુલની રેલિંગ તોડી ૪૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી હતી. અકસ્માતમાં કેબિનમાં દબાયેલા ચાલક વરડીચંદ મેઘવાલ, ક્લીનર ગણેશ મરાઠી સહીત નીચે દબાયેલી સુરતના સારોલીની મહિલા,ભુસાવળના કામૌલા ગામના મુસ્લિમ શખ્સ અને જલગાંવના યુવાન મળી પાંચના ઘટના સ્થળે મોત થયા હતા. જેઓની લાશને સવારે ગેસ કટરથી પતરૂં ફાડી બહાર કાઢવામાં આવી હતી, બસમાં સવાર ૩૪ મુસાફરોને ઈજા થઈ હતી.

# સુરતમાં ખેડૂતોએ ટ્રેકની કામગીરી અટકાવી, અધિકારીઓનો ઘેરાવ

સુરતઃ ઉમરાથી ઉધના ડિવિઝન સુધીના વિસ્તારમાં ગુડઝ ટ્રેન કોરિડોરનું જમીન સંપાદન ચાલી રહ્યું છે. જોકે એના વિરોધમાં ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે. ગત રોજ બાદ આજે પણ વિરોધ કરી કામગીરી અટકાવવામાં આવી હતી. ખેડૂતોએ જમીન સંપાદન કરનારા અધિકારીને સ્થળ પર બોલાવવા માગ કરી છે. જ્યારે ખેડૂતોએ સ્થળ પર હાજર પોલીસ અને રેલવે અધિકારીઓનો ઘેરાવ કરી ધરણાં પર બેસી વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતો કલેક્ટરને મળવા પહોંચ્યા હતા. ખેડૂતોએ આવેદન પત્ર પાઠવી કલેક્ટરને રજૂઆત કરી હતી. ઉમરાથી ઉધના ડિવિઝન સુધીના વિસ્તારમાં ગુડઝ ટ્રેન કોરિડોરનું જમીન સંપાદન ચાલી રહ્યું છે. જમીન સંપાદનના વિરોધમાં ખેડૂતોએ ભાવ માટે સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી છે. સુપ્રીમ કોર્ટે ખેડૂતોને બજારભાવ પ્રમાણે રૂપિયા ચૂકવવા આદેશ કર્યો છે. જિલ્લા કલેક્ટર, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત ચાલ્યા બાદ ડીએફસીસી કંપનીએ કામગીરી શરૂ કરી છે, જેનો વિરોધ કરતાં ખેડૂતોએ કહ્યું હતું કે અમને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન્સ પ્રમાણે બજારભાવ ૧૫૭૦૦ની જગ્યાએ માત્ર ૨૨૦૦થી ૨૫૦૦ રૂપિયા આપવામાં આવી રહ્યા છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મોડી થશે તો પણ વહીવટદાર નહીં મુકાઈ

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી ૩ મહિના સુધી મોકૂફ રાખવામાં આવી છે, ત્યારે મુદત પૂરી થતી જશે ત્યારે મહાપાલિકા, પાલિકા કે પંચાયતમાં વહીવટદારનું શાસન લાદવું પડશે અથવા જે ચૂંટાયેલી બોડી છે તેની ટર્મ વધારવી પડશે. આ વિકલ્પમાં રાજ્ય સરકાર હાલ વર્તમાનમાં જે સત્તામાં છે તેની મુદત વધારી દેવાની તૈયારીઓ કરી રહી છે.

સચિવાલયના એક અધિકારીએ સ્વીકાર્યું છે કે સ્થાનિક ચૂંટણીઓ મોકૂફ રાખવાનો નિર્ણય ચોક્કસ વિચારણા વગર જ લેવાયો હતો અને ચૂંટણીપંચને 'સૂચના' આપી દેવામાં આવી હતી. હવે સરકારે થોડા જ સમયમાં જ્યાં ચૂંટાયેલી બોડીની મુદત પૂરી થાય છે ત્યાં વહીવટદાર મૂકવો કે સંસ્થાની મુદત વધારવાનો નિર્ણય લેશે, જેમાં ચાલુ બોડીની મુદત વધારવાની હિલચાલ ચાલી રહી છે. સૂત્ર કહે છે, જો વહીવટદાર નિમાય તો પછી તમામ જવાબદારી ગાંધીનગર પર જ આવી જશે અને ચૂંટણી સુધી વહીવટદાર મારફત પ્રજાનાં કામો થાય એ જોવું પડશે. તેથી વહીવટદાર મૂકવાની સરકારની કોઈ દાનત નથી. ૭ મહાપાલિકા- ૫૫ નગરપાલિકા અને ૩૧ જિલ્લા પંચાયત તથા ૨૩૧ તાલુકા પંચાયતો પર સીધું ગાંધીનગરથી શાસન સરળ પણ નથી.

# દાંતીવાડામાં મૂકબધિર સગીરા સાથે હિંચકારૂં કૃત્ય, લાશ પાસેથી મળ્યો લોહી ભરેલો ગ્લાસ

બનાસકાંઠાઃ ડીસા શહેરના શિવનગર વિસ્તારમાં રહેતી એક બાર વર્ષની મૂકબધિર કિશોરીનું ગત શુક્રવારે સાંજે અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચર્યા બાદ છરી વળે તેનું ગળું કાપી હત્યા કરી લાશને દાંતીવાડાના ભાખર ગામ નજીક આવેલ અવાવરું જગ્યાએ ફેંકી દીધી હતી. જોકે સવારે બાળકીની લાશ પડી હોવાની ગ્રામજનોને જાણ થતાં જ તેમણે પોલીસને જાણ કરતાં તાત્કાલિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ કરતા આરોપી તેનો પિત્રાઈ ભાઈ હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે તાત્કાલિક આ કૃત્ય આચરનાર નિતીન માળીની અટકાયત કરી હતી મુકબધિર સાથે રેપ વિથ મર્ડરનો કેસનું હવે તાંત્રિક એંગલ સામે આવ્યું છે. તાંત્રિક વિધિ માટે સગીરાની બલી ચડાવ્યાની શક્યતાઓ સામે આવી રહી છે. બાળકીની લાશ પાસેથી લોહીથી ભરેલો ગ્લાસ પણ મળી આવ્યો હતો. અમાસની રાત્રે બાર વર્ષની મૂકબધિર કિશોરીનું માથું કાપી હત્યા કરવામાં આવી હતી.

## કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચાલશેઃ ચુડાસમા

દાંતીવાડા : બનાસકાંઠામાં સગીરાની હત્યા– દુષ્કર્મના કેસને પ્રદિપસિંહ જાડેજાએ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની મંજૂરી આપી દીધી છે. તેમણે તેના માટે સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યૂટરની નિમણૂંક કરવાની જાહેરાત કરી છે. પ્રદીપસિંહ જાડેજાએ આ ઘટના વિશે જણાવ્યું હતું કે નરાધમોને ફાંસી આપવા સરકાર કટિબદ્ધ છે. દુષ્કર્મની ઘટના મુદ્દે દર પંદર દિવસે રિવ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, તમામ ઘટનામાં પોલીસે લીધેલા પગલાં બાબતે પણ રિવ્યુ કરાશે.

# ગુજરાતમાં શાળા શરૂ કરવા કવાયતઃ અભિપ્રાયને અંતે નિર્ણય

અમદાવાદઃ ગુજરાતમાં શાળાઓ ફરી શરૂ કરવા અંગેનો અંતિમ નિર્ણય લેતા પહેલા તેમનો વિભાગ દરેકનો અભિપ્રાય લેશે. એવું ગુજરાતના શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સોમવારે જણાવ્યું હતું. ગાંધીનગરમાં આરોગ્ય અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજીને ૭ મહિનાથી બંધ રહેલી શાળાઓ ફરીથી ખોલવા અંગે વિશદ ચર્ચા કર્યા બાદ પત્રકારો સાથે વાત કરતા ચુડાસમાએ સંકેત આપ્યો હતો કે શાળાઓ કાયમ બંધ ન રહી શકે. કોવિડ-૧૯ ફાટી નીકળ્યા બાદ રાજ્યમાં શાળાઓ અને કોલેજો બંધ છે. શૈક્ષણિક સત્ર ચાલુ રાખવા માટે ઘણી શૈક્ષણિક સંસ્થાઓ ઓનલાઈન વર્ગો અને પરીક્ષાઓ લેતી હોય છે. ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાઈરસને કારણે શાળાઓ બંધ થયાને ૭ મહિના થયા છે. અમારે કોઈ દિવસ શાળાઓ ખોલવી પડશે. પરંતુ, રાજ્ય સરકાર આ નિર્ણય લેશે નહીં.

# દક્ષિણ આફ્રિકામાં લાપતા યુવતીનું વલસાડના પરિવાર સાથે મિલન

વલસાડ : દક્ષિણ આફ્રિકામાં મુસ્લિમ યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ થોડા સમયમાં જ યુવતીને ઘરમાંથી કાઢી મૂકતાં માનસિક અસ્વસ્થ થઈ હતી. પાસપોર્ટ સહિતના દસ્તાવેજ પણ ન આપતાં છેલ્લાં ૧૨ વર્ષથી લાપતા થયેલી ૩૬ વર્ષીય યુવતી સાથે દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયેલા વલસાડના સેવાભાવી મુસ્લિમ ટ્રસ્ટના સભ્યનો ભેટો થયા બાદ વલસાડ પાલિકાના સભ્યને જાણ કરી હતી, જેની મદદથી સુરત રહેતા યુવતીનાં માતા-પિતાને શોધી કાઢ્યાં હતાં. હવે તેમનું મિલન થયું છે. વલસાડથી આશરે ૧૫ વર્ષ પહેલાં દક્ષિણ આફ્રિકા ભણવા ગયેલી એક ક્રિશ્ચિયન યુવતી બે વર્ષ ભણી લીધા બાદ નોકરી કરતી હતી. દરમિયાન તેની સાથે નોકરી કરતાં મુસ્લિમ યુવાનના પ્રેમમાં પડતાં લગ્ન કર્યા હતા. બાદમાં ખબર પડી કે તે યુવાન પહેલેથી જ પરિણીત હતો. જેથી બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતા. જે બાદ પતિએ યુવતીને દોઢેક વર્ષ રાખ્યા બાદ કાઢી મૂકતા તેની માનસિક સ્થિતિ અસ્વસ્થ થઈ હતી. આઠેક મહિના પહેલાં જોહાનિસબર્ગમાં રહેતા સેવાભાવી મુસ્લિમ ટ્રસ્ટના શોએબ વલી, સાજીદ ટેલર તથા હફીઝ દાઉદને દાસુના સંપર્કમાં આ યુવતી આવી હતી. આખરે ટ્રસ્ટે વલસાડ રહેતા પરિવારના સગડ મેળવી તે યુવતીને ભારત પરત મોકલી આપી હતી.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે એકતાદિનની તૈયારીઓ શરૂ

રાજપીપળા : સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રતિમાના સ્થળ કેવડિયા કોલોની ખાતે આગામી તા. ૩૧મી ઓક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સાનિધ્યમાં એકતાદિનની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે જેના એક ભાગરૂપે કેવડિયાના વિશાળ પ્લોટમાં અંદાજે પાંચ લાખથી પણ વધુ દેશી પરદેશી ફૂલોથી મહેકતી ફ્લાવરવેલી કહો કે, આંખ અને આંતરડીને ઠારતો રંગબેરંગી ગાર્ડન ઊભો કરવામાં આવી રહ્યો છે અને એ માટે ભારતના બેંગલોર, કાશ્મીરથી માંડી પરદેશથી પણ જાતજાતના ફૂલો ફ્લાવરવેલીના સ્થળે ખડકવામાં આવી રહ્યા છે. ૨૯મી ઓક્ટોબર એટલે કે, વડા પ્રધાન મોદીના આગમનના બે દિવસ પહેલાં આ ફ્લાવર શો ખુલ્લો મૂકવામાં આવશે. પરંતુ ૨૭મી ઓક્ટોબરથી ૨જી નવેમ્બર સુધી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવનાર હોવાથી ફ્લાવર શો ૩જી નવેમ્બરે પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવશે.

# અમદાવાદમાં વિપક્ષી નેતાના રાજીનામાથી સમર્થકોએ કર્યા દેખાવો

અમદાવવાદઃ મહાનગર પાલિકાના વિપક્ષી નેતા દિનેશ શર્માએ વિધાનસભાની પેટા ચૂંટણીના ટાણે જ નેતા પદેથી રાજીનામું આપી દેતા કોંગ્રેસમાં આંતરિક કલહ સપાટી પર આવ્યો છે. જોકે, તેમના સમર્થકોએ આજે કોંગ્રેસના કાર્યાલય ખાતે શર્માએ રાજીનામું સ્વેચ્છાએ નહીં પણ પક્ષની કહેવાથી આપ્યું હોવાના મામલે દેખાવો યોજ્યાં હતા. દિનેશ શર્માની ટર્મ ૯ ડિસેમ્બરે પૂરી થાય છે. મ્યુનિ. ચૂંટણીને હવે બહુ સમય બાકી નથી ત્યારે રાજીનામાથી કોંગ્રેસને માઠી અસર થઈ શકે છે. દરમિયાન દિનેશ શર્માએ કહ્યું, મેં પક્ષના હિતમાં મોવડીમંડળને મારું રાજીનામું આપી દીધું છે.

# નવસારીમાં સિનિયર સાથે શરીર સંબંધ બાંધવા મજબૂર કરાતા નર્સનો આપઘાત

નવસારી : નવસારી સિવિલની નર્સે હાલ આપઘાત કરી લીધો છે. નર્સે આપઘાત કરતા પહેલા એક સ્યુસાઈડ નોટપણ લખી છે, જેમાં તેણે સિવિલના ઉચ્ચ અધિકારીઓનો ત્રાસ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. સ્યુસાઈટ નોટમાં મેટર્ન અને સિવિલ સર્જન પર મોટા આરોપ પણ મૂક્યા છે. પોતાની દીકરીએ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓના કારણે આપઘાત કરતા મૃત્તકના પરિજનોએ પણ આરોપ લગાવ્યો છે. વિજલપોર પોલીસેતપાસ હાથ ધરી છે.

વિજલપોરમાં જલારામ સોસાયટીમાં રહેતી અને નવસારી સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી ૨૮ વર્ષીય યુવતીએ આપઘાત કરી લીધો છે. આ અંગે જાણ થતા વિજલપોર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. હાલ, તો મૃતદેહને નવસારી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો છે. પોલીસ તપાસ પછી આપઘાતનું કારણ સામે આવી શકે છે.

નવસારી નર્સ આપઘાત પ્રકરણમાં ૨૮ વર્ષીય નર્સે ડિપ્રેશનમાં આત્મહત્યા કર્યા હોવાનું બહાર આવ્યું છે. સિવિલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો પરિવારજનો પણ આક્ષેપ કરી રહ્યા છે. મેઘાએ આત્મહત્યા કરતા પહેલા એક સ્યુસાઈટ નોટ લખી છે. હાલ વિજલપોર પોલીસે સ્યુસાઈડ નોટ કબજે કરી છે. સ્યુસાઈડ નોટમાં મેટર્ન તારા અને સિવિલ સર્જન દુબેના નામ હોવાનો પરિવારે ઘટસ્ફોટ કર્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાના વિજલપોર શહેરમાં ૨૮ વર્ષીય યુવતીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. જોકે ઘટના અંગે પોલીસ હરકતમાં આવી ગઈ છે અને ગંભીરતાપૂર્વક તપાસ કરી રહી છે.

# અમદાવાદીઓને સી-પ્લેન બાદ ફ્લોટિંગ રેસ્ટોરન્ટની ગિફ્ટ મળવાની આશા

અમદાવાદ : છેલ્લાં દસેક વર્ષથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અટકેલી ફ્લોટિંગ રેસ્ટોરન્ટની કામગીરી ફરી શરૂ થાય એવી સંભાવનાઓ જણાઈ રહી છે. આ પહેલાં ઘણીવાર નદીમાં પાણી સ્થાયી રહેતું ના હોવાના સહિતનાં કારણોથી ફ્લોટિંગ રેસ્ટોરન્ટનો પ્રોજેક્ટ પાસ કરવામાં આવતો ન હતો, પરંતુ હવે રિવરફ્રન્ટ ખાતે સી-પ્લેન સેવા શરૂ થતાં ફરીથી ફ્લોટિંગ રેસ્ટોરન્ટ શરૂ થવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રિવરફ્રન્ટ ખાતે સી-પ્લેસ સેવા શરૂ થતાં હવે મ્યુનિ.એ સતત નદીમાં પાણીની સપાટીને લેવલમાં રાખવી પડશે. આ માટે એએમસીએ અત્યારસુધી કામગીરી શરૂ કરી દીધી છે.

# ભારતમાં કોરોનાના નવા ૫૫૮૩૮ કેસ, ૭૦૨ના મોત, રિકવરી રેટમાં સુધારો

• છેલ્લા ૩ દિવસથી એક્ટિવ કેસની સંખ્યા ૧૦ ટકાથી ઓછી

દેશમાં એક્ટિવ કેસની સંખ્યા સતત ઓછી થઈ રહી છે. છેલ્લાડ દિવસથી સક્રિય કેસોની સંખ્યા ૧૦ ટકાથી નીચી રહી છે. જ્યારે પોઝિટિવિટી રેટ પણ ઘટીનેપ ટકાથી નીચે રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૨૪,૨૭૮નો ઘટાડો થયો છે જ્યારે ૭૯,૪૧૫ લોકોને સાજા થવાથી ઘરે જવા રજા અપાઈ છે. દેશમાં કોરોનાનું સંક્રમણ ધીમું પડયું છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૫૫,૮૩૮ કેસ પ્રકાશમાં આવતા કુલ કેસની સંખ્યા વધીને ૭૭,૦૬,૯૪૬ થઈ છે. એક જ દિવસમાં વધુ ૭૦૨ દર્દી કોરોનાનો ભોગ બન્યા છે. પરિણામે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક વધીને ૧,૧૬,૬૧૬ થયો છે. દેશમાં રિકવરી રેટ વધીને ૮૯.૨૦ ટકા થયો છે જ્યારે મૃત્યુદર ઘટીને ૧.૫૧ ટકા નોંધાયો છે. દેશભરમાં હજી ૭,૧૫,૮૧૨ દર્દીઓ પોતાનાં ઘરે કે હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે. સારવાર પછી ૬૮,૭૪,૫૧૮ દર્દીઓ સાજા થયા છે. કેન્દ્રના આરોગ્યપ્રધાન ડો. હર્ષવર્ધને જણાવ્યું હતું કે, સિરમ ઈન્સ્ટિટયૂટ અને ભારત બાયોટેક દ્વારા આવતા મહિને નાકથી આપવામાં આવનાર વેક્સિનની અંતિમ ટ્રાયલ શરૂ કરાશે. આ ટ્રાયલમાં સ્વેચ્છાએ ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ લોકો જોડાશે.

## દેશી કોરોના વેક્સિનને ત્રીજા ટ્રાયલ માટે મંજૂરી

દેશી કોરોના વેક્સિન Covaxinનું છેલ્લા તબક્કાનું ટ્રાયલ આવતા મહિને શરૂ થઈ શકે છે. ભારત બાયોટેકને ડ્રગ રેગ્યુલેટર તરફથી ત્રીજા તબક્કાની ટ્રાયલ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ડીસીજીઆઈની નિષ્ણાત સમિતિની મંગળવારે બેઠક મળી હતી. તેમાં રસીના છેલ્લા ટ્રાયલને મંજૂરી આપવામાં આવી હતી. ડીસીજીઆઈએ પ્રોટોકોલમાં થોડો ફેરફાર કર્યો છે. ભારતમાં રસીના ટ્રાયલમાં ૨૫,૦૦૦થી વધુ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. તેમને ૨૮ દિવસના અંતરે રસીના બે ડોઝ આપવામાં આવશે. પ્રારંભિક ટ્રાયલમાં રસીના પરિણામોએ અપેક્ષા વધારી છે. કોવાક્સિને કોરોના વાયરસની પ્રથમ સ્વદેશી રસી છે.

## કોરોના ક્યાંય નથી ગયો, સાવચેતી રાખો : પીએમ મોદી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોના સામેની લડાઈમાં જનતા કર્ફ્યુથી શરૂ કરી આપણે લાંબો પ્રવાસ ખેડયો છે. આપણામાંથી મોટાભાગના લોકો પોતાની જવાબદારીઓ પૂરી કરવા રોજ ઘરમાંથી બહાર નીકળે છે. તહેવારોના સમયમાં બજારોમાં પણ ધીમે ધીમે ઉત્સાહ પાછો ફરી રહ્યો છે. આમ છતાં આપણે એ ન ભૂલવું જોઈએ કે લૉકડાઉન ભલે જતું રહ્યું હોય, પરંતુ કોરોના વાઈરસ નથી ગયો.

## સુશીલ મોદી, રૂડી અને શાહનવાઝ કોરોના પોઝિટિવ

બિહારના ડેપ્યુટી સીએમ સુશીલ મોદી કોરોના પોઝિટિવ જણાયા છે. તેમણે ટ્વિટ દ્વારા કોરોના થયો હોવાની જાહેરાત કરી હતી. ભાજપના અન્ય ૩ નેતાઓ રાજીવ પ્રતાપ રૂડી, શાહનવાઝ હુસેન અને બિહારના આરોગ્યપ્રધાન મંગલ પાંડે પણ કોરોના પોઝિટિવ જણાયા છે. અગાઉ બિહાર ભાજપના નેતા રાજીવ પ્રતાપ રૂડી તેમજ શાહનવાઝ હુસૈન પણ કોરોનાની ઝપેટમાં આવ્યા હતા .

## આંધ્રપ્રદેશ જીત તરફ અગ્રેસર, સૌથી વધુ રિકવરી રેટ, ૯૫% લોકો સાજા

આંધ્રપ્રદેશમાં કોરોના વાયરસ સામેની લડતમાં એક મહત્વપૂર્ણ તબક્કો વટાવી લીધો છે. બુધવારે રાજ્યમાં અત્યાર સુધીનો સૌથી વધુ રિકવરી રેટ ૯૫% જોવા મળ્યો હતો. તેની સાથે જ આંધ્રપ્રદેશ દેશનું પહેલું એવું રાજ્ય બન્યું છે જેને મે બાદ આ પ્રકારની સફળતા પોતાને નામ કરી છે. અગાઉ કેરળની સ્થિતિ પણ સારી થતી જોવા મળી હતી પરંતુ અચાનક કેસ ઝડપથી વધતા જતાં તે આંધ્રનો દરજ્જો પ્રાપ્ત કરવામાં ચૂકી ગયું.

# તેલંગણામાં સપ્તાહમાં વરસાદથી ૭૦ના મોત : હજારોનું સ્થળાંતર

• તામિલનાડુએ ૧૦ કરોડની સહાયની જાહેરાત કરી

હૈદરાબાદ : તેલંગાણામાં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલા અવિરત વરસાદના કારણે રાજ્યમાં માર્યા ગયેલાઓની સંખ્યા વધીને ૭૦ પર પહોંચી ગઈ હતી, એમ તેલંગાણાના મંત્રી કેટી રમારાવે કહ્યું હતું.

આજે તો શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં સેંકડો ઘરોમાં પાણી ઘુસી ગયા હતા તેમજ હાજારો લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. તો આ તરફ હવામાન ખાતાએ રાજ્યમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરી હતી. દરમિયાન તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવે જાહેરાત કરી હતી કે રાજ્યના વરસાદથી પ્રભાવિત થયેલા દરેક પરિવારને સહાય પેટે રૂપિયા દસ હજાર અપાશે. તો આ તરફ તામિલનાડૂ સરકારે તેલંગાણાને રૂપિયા દસ કરોડની સહાય આપવાની પણ જાહેરાત કરી હતી. પત્રકારો સાથે વાત કરતીં કેટીઆરએ કહ્યું હતું કે રાજ્યમાં ૧૯૦૮ પછી પહેલા જ વાર અતિ બારે વરસાદ પડયો હતો. આવી ભયંકર સ્થિતિ જોતાં રાજ્ય સરકારે આશરે ૩૭૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડયા હતા.

# ૬,૭૩,૭૩૬ કરોડના બજારમૂલ્ય સાથે HDFC દેશની નંબર ૧ બેન્ક

• એસબીઆઈ ચોથા અને પીએનબી ૧૦મા ક્રમ પર

નવી દિલ્હી : માર્કેટ કેપિટલાઈઝેશનના મોરચે ટોચની ત્રણ બેન્કોમાં એક પણ જાહેર ક્ષેત્રની(પીએસયુ) બેન્ક નથી અને ટોચની ૧૦ બેન્કોની ગણતરી કરવામાં આવે તો પણ તેમાં ફક્ત બે જાહેર ક્ષેત્રની બેન્કોનો સમાવેશ થાય છે. એસીઈ ઈક્વિટીએ બજાર મૂલ્ય અને વર્ષની શરૂઆતથી અત્યાર સુધીના દેખાવના સંદર્ભમાં દેશની ટોચની ૧૦ બેન્કોની યાદી તૈયાર કરી છે. એચડીએફસી બેન્ક ૬,૭૩,૭૩૬ કરોડ રૂપિયાના બજાર મૂલ્ય સાથે દેશની નંબર એક બેન્ક બની છે. ખાનગી ક્ષેત્રની જૈંઝૈંઝૈં બેન્ક રૂપિયા ૨,૮૫,૯૦૪ કરોડના બજાર મૂલ્ય સાથે દેશની બીજા ક્રમની સૌથી મોટી બેન્ક બની છે. અને ત્રીજા ક્રમ પર પણ ખાનગી ક્ષેત્રની બેન્ક કોટક મહિન્દ્રા બેન્ક છે.

દેશની સૌથી મોટી સરકારી બેન્ક ભારતીય સ્ટેટ બેન્કનું બજાર મૂલ્ય રૂપિયા ૧,૧૮,૧૧૭૦ કરોડ છે. ઘણી બધી બેન્કોનું તેમાં વિલિનિકરણ થયું છે તે પછી તેનું કદ વધ્યું છે. તેનો ક્રમ ટોચની ૧૦ બેન્કોમાં આવે છે અને તેની સાથે ફક્ત અન્ય પીએસયુ બેન્ક પીએનબી જ આ યાદીમાં સ્થાન ધરાવે છે. એસબીઆઈનો ક્રમ ચોથો છે જ્યારે પીએનબીનો ક્રમ ૧૦મો છે.

# મધ્યપ્રદેશમાં દેવી માને ખુશ કરવા માતાએ પુત્રની બલી ચઢાવી દીધી

• અંધશ્રદ્ધાના પગલે માતાએ પોતાના દીકરાનું હુહાડી વડે ગળું કાપી નિર્મમ હત્યા કરી દીધી હતી : માતાની ધરપકડ

પન્ના : અત્યારે પવિત્ર નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો છે. ભક્તો આદ્યશક્તિ દેવીમાની આરાધના કરી રહ્યા છે. દેવીમાને ખુશ કરવા માટે ઉપવાસથી લઈને અલગ અલગ આરાધનાઓ કરી રહ્યા છે. પરંતુ નવરાત્રીમાં દેવીમાને ખુશ કરવા માટે બલી આપવાની કેટલીક ઘટનાઓ પણ બનતી હોય છે. આવી જ એક અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા સમાન એક ઘટના મધ્ય પ્રદેશમાં બની છે. અહીં એક માતાએ દેવીને ખુશ કરવા માટે પોતાના ૨૪ વર્ષના પુત્રની બલી ચઢાવી હતી. અંધશ્રદ્ધાના પગલે માતાએ પોતાના પુત્રનું હુહાડી વડે ગળું કાપીને નિર્મમ હત્યા કરી દીધી હતી.

મળતી માહિતી પ્રમાણે મધ્ય પ્રદેશના પન્નામાં બનેલી આ ઘટના પગલે મોટી સંખ્યામાં પોલીસ પહોંચી હતી અને લાશનો કબજો લઈનો પોસ્ટમોર્ટ માટે મોકલી આપી હતી. અને તપાસ હાથધરી છે. પોલીસે આરોપી માતાની ધરપકડ કરી છે. ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં સનસની ફેલાઈ ગઈ હતી. મળતી માહિતી પ્રમાણે પન્નાના એક ગામમાં રહેતી ૫૦ વર્ષીય સુનિયા બાઈ લોધી છેલ્લા ૪-૫ વર્ષથી માતાજી આવતા હતા.

# બિહારમાં મફતમાં કોરોનાની રસીના ભાજપના વચન પર રાજકીય ઘમસાણ

નવી દિલ્હી : બિહાર વિધાનસભાની ૩ તબક્કામાં યોજાઈ રહેલી ચૂંટણી માટે ભાજપે ગુરુવારે પાર્ટીનો ઢંઢેરો જારી કર્યો હતો. ઢંઢેરો જારી કરતાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, આઈસીએમઆર દ્વારા કોરોના રસીને મંજૂરી અને મોટાપાયે ઉત્પાદનની સાથે જ બિહારના દરેક વ્યક્તિને વિનામૂલ્યે કોરોનાની રસી આપવામાં આવશે. અમારા ચૂંટણી ઢંઢેરાનું આ પહેલું વચન છે. રાજદના તેજસ્વી યાદવે બિહારના મતદારોને ૧૦ લાખ નવી નોકરી આપવાનું વચન આપ્યા બાદ ભાજપે તેના સંકલ્પ પત્રમાં બિહારના લોકોને



૧૯ લાખ નવી નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું.

ભાજપે તેના સંકલ્પ પત્રમાં બિહારના મતદારોને કોરોનાની રસી વિનામૂલ્યે આપવાની જાહેરાત કરતાં જ મોટો વિવાદ સર્જાયો હતો. વિરોધી પાર્ટીઓએ ભાજપ પર જાહેર આરોગ્યનું રાજકીયકરણ કરવાનો આરોપ મૂક્યો હતો. એક્ટિવિસ્ટ સાકેત ગોખલેએ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી કે ભાજપ દ્વારા બિહારના મતદારોને વિનામૂલ્યે કોરોનાની રસી આપવાનું વચન ચૂંટણી દરમિયાન કેન્દ્ર સરકારની શક્તિઓનો દુરુપયોગ છે. આ જાહેરાત કોઈ રાજકીય નેતા દ્વારા નહીં પરંતુ દેશના નાણા મંત્રી દ્વારા કરાઈ છે. અત્યાર સુધી ભારત સરકાર દ્વારા કોરોનાની રસીના વિતરણ અંગે સત્તાવાર કોઈ જાહેરાત કરાઈ નથી જેનાથી નક્કી થઈ શકે કે કોરોનાની રસીના વિતરણના માપદંડ કેવા પ્રકારના હશે.

# પંજાબ વિધાનસભામાં કેન્દ્રના કૃષિ કાયદા વિરુદ્ધ ચાર બિલ પસાર કરાયા

ચંડીગઢ : પંજાબ વિધાનસભામાં મંગળવારે કેન્દ્રના નવા કૃષિ કાયદાઓને નકારી કાઢતો એક ઠરાવ અને આ કાયદાઓને અર્થહીન બનાવતા ત્રણ બિલ સર્વાનુમતે પસાર કરાયા હતા. આ સાધે કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં બિલ પસાર કરનાર પંજાબ દેશનું પહેલું રાજ્ય બન્યું છે. આ બિલો મંજૂરી માટે મુખ્યમંત્રી અમરિંદર સિંહ અન્ય નેતાઓ સાથે રાજ્યપાલ વી.પી. સિંહ બાડનોરેને મળ્યા હતા. સૂચિત બિલોમાં રાજ્યમાં લઘુત્તમ ટેકાના ભાવથી નીચી ખરીદી પર ત્રણ વર્ષની કેદ અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. પંજાબ સરકારે કૃષિ સંબંધિત ચાર બિલો રજૂ કરવા માટે વિધાનસભાનું બે દિવસનું વિશેષ સત્ર બોલાવ્યું હતું. વિશેષ સત્રના બીજા દિવસે કેન્દ્ર સરકારના ત્રણ કાયદાઓને નિષ્પ્રભાવી કરવા માટે ત્રણ બિલ રજૂ કરાયા હતા.

# હવે મહારાષ્ટ્રમાં તપાસ માટે CBIને રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે

• આંધ્ર, રાજસ્થાન, પ.બંગાળ, છત્તીસગઢમાં પણ સીબીઆઈને રાજ્યની મંજૂરી લેવી પડે છે

નવી દિલ્હી : હવે મહારાષ્ટ્રમાં પણ સીબીઆઈએ તપાસ શરૂ કરતા પહેલા રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે કારણકે મહારાષ્ટ્રે પણ સીબીઆઈ પાસેથી જનરલ કન્સેન્ટ પરત લઈ લીધી છે. સીબીઆઈની જનરલ કન્સેન્ટ પરત લેનાર મહારાષ્ટ્ર પાંચમું રાજ્ય બની ગયું છે.

મુંબઈ પોલીસની તપાસ ચાલુ હોવા છતાં સીબીઆઈએ ટીવી ચેનલોના ટીઆરપી કૌભાંડની તપાસ શરૃ કરી દેતા મહારાષ્ટ્ર સરકારે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી વિરોધ પક્ષો આક્ષેપ કરી રહ્યાં છે કે કેન્દ્ર સરકાર સીબીઆઈનો દુરુપયોગ કરી રહી છે અને કેન્દ્રના ઈશારે સીબીઆઈ તપાસ કરી રહી છે. આ અગાઉ આંધ્ર પ્રદેશ,પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, છત્તીસગઢે પણ સીબીઆઈની જનરલ કન્સેટ પરત લઈ લીધી હતી. એટલે કે આ રાજ્યોમાં સીબીઆઈ રાજ્ય સરકારની મંજૂરી વગર તપાસ કરી શકતી નથી.

એનઆઈએની જેમ સીબીઆઈ રાજ્યોની મંજૂરી વગર તપાસ કરી શકતી નથી. સીબીઆઈને ડીપીએસઈની કલમ ૬ હેઠળ રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે.

# ભાજપની ઉમેદવારને આઈટમ કહેવા બદલ કમલનાથને ઈસીની નોટીસ

ભોપાલ : મધ્ય પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપનીએક ઉમેદવાર ઈમરાતી દેવીને 'આઈટમ' કહેનાર મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથને ચૂંટણી પંચે કારણ બતાવ નોટીસ મોકલીને ૪૮ કલાકમાં ખુલાસો કરવા કહ્યું હતું. પંચે કહ્યું હતું કે મહિલા ઉમેદવાર માટે કરેલી ટીપ્પણી આદર્શ આચાર સંહિતાનો ભંગ છે. 'તમે કરેલી ટીપ્પણી અંગે પંચ તમને આ નોટીસ મળ્યાના ૪૮ કલાકમાં તમે કરેલા નિવેદનનો ખુલાસો કરવાની તક આપે છે, જો તમે આ સમય મર્યાદામાં જવાબ નહીં આપો તો પંચ તમને પૂછ્યા વગર આગળની કાર્યવાહી કરશે'એમ પંચે કહ્યું હતું.રવિવારે ગ્વાલિયરનના ડાબરા મત વિસ્તારમાં એક ચૂંટણી સભાને સંબોધતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ભાજપની ઉમેદવારને 'આઈટમ' કહી હતી.

# ભારતમાં વાયુ પ્રદૂષણથી એક જ વર્ષમાં ૧૬ લાખનાં મોત : કોરોના કરતાં વધુ

• PM ૨.૫'નું સૌથી વધુ પ્રમાણ ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ : વિશ્વમાં મૃત્યુનું મોટું કારણ હવા પ્રદૂષણ

નવી દિલ્હી : હવા પ્રદૂષણની વૈશ્વિક સ્થિતિ રજૂ કરતો અહેવાલ 'સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર ૨૦૨૦' આજે રજૂ થયો હતો. એ અહેવાલ પ્રમાણે ભારતનો સમાવેશ સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા દેશોમાં થાય છે. આ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૯ના એક જ વર્ષમાં ભારતમાં હવા પ્રદૂષણથી ૧૬.૬૭ લાખ મોત થયા હતા. એમાં વળી ૧.૧૬ લાખ તો નવજાત શીશુ હતા. જન્મતાં જ બાળકોના શ્વાસમાં અશુદ્ધ હવા જાય છે. આ રિપોર્ટ અમેરિકાની 'હેલ્થ ઈફેક્ટ ઈન્સ્ટિટ્યૂટ', 'કેનેડાની યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા' અને અમેરિકાની 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ મેટ્રીક્સ એન્ડ ઈવોલ્યુશન' દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો હતો.

હવામાં રહેલા રજકણોના પ્રમાણને આધારે પ્રદૂષણ માપવામાં આવે છે. હવામાં રહેલા રજકણો 'પર્ટિક્યુલર મેટર (પીએમ)' તરીકે ઓળખાય છે. હવાના દસ લાખ કણોમાં ક્યા પ્રકારના પીએમ કેટલા છે, તેના આધારે હવા પ્રદૂષણ માપવામાં આવે છે. હવામાં રહેલા વિવિધ કણોને 'પીએમ-૨.૫', 'પીએમ-૧૦' એ રીતે માપવામાં આવે છે. એ ઉપરાંત હવાનું પ્રદૂષણ હવામાં રહેલા સલ્ફર, કાર્બન, નાઈટ્રોજનના કણો વગેરેના આધારે માપવામાં આવે છે. હવાના દસ લાખ કણોએ જેટલા આ બધા પ્રદૂષકો વધારે પ્રદૂષિત ગણાય.

સૌથી વધુ પીએમ-૨.૫ ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. ભારત પછી પીએમ-૨.૫ પ્રદૂષણ ધરાવતા હોય એવા દેશોમાં નેપાળ, નાઈજર, કતાર વગેરેનો સમાવેશ થાય છે.

# પોખરણમાં ભારત દ્વારા એન્ટી ટેન્ક મિસાઈલ 'નાગ'નું સફળ પરીક્ષણ



પોખરણ : ભારતે આજે ગુરૂવારે સવારે રાજસ્થાનના પોખરણમાં એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ નાગનું સફળ પરીક્ષણ કર્યુ હતું. આ મિસાઈલ સંપૂર્ણપણે સ્વદેશી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન સંપૂર્ણપણે સ્વદેશી સાધન સામગ્રી દ્વારા આ મિસાઈલ તૈયાર કર્યુ હતું. આજે ગુરૂવારે સવારે પોણા સાત વાગ્યે આ ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ થયું હતું. આ પ્રકારના મિસાઈલ્સની આ ત્રીજી પેઢી હતી. ડીઆરડીઓ દ્વાર અવારનવાર આ મિસાઈલના જુદા જુદા પ્રયોગો કરવામાં આવતા હતા. અત્યાર અગાઉ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં નાગ મિસાઈલના વિવિધ પરીક્ષણો કરાયાં હતાં. આ મિસાઈલ વજનમાં તદ્દન હલકી છે. એ અચૂક નિશાન સર કરે છે અને શત્રુની ટેન્કના ટુકડે ટુકડા કરી નાખે છે. અત્રે એ જાણવું રસપ્રદ થઈ પડશે કે માત્ર ટેન્ક નહીં, શત્રુનાં બીજાં શસ્ત્રોને પણ આ મિસાઈલ નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.

# ઇડીએ ઇકબાલ મિરચીના પરિવારની ૨૨.૪૨ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

• ૨૨.૪૨ કરોડની સંપત્તિમાં સિનેમા હોલ, હોટેલ, જમીન, બેંક ડિપોઝીટ સામેલ

નવી દિલ્હી : મની લોન્ડરિંગ કેસના સંબધમાં ગેંગસ્ટર ઇકબાલ મિરચીના પરિવારની મુંબઇ સ્થિત હોટેલ અને એક સિનેમા હોલ સહિત કુલ ૨૨ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટ(ઇડી) એ એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૩માં લંડનમાં ઇકબાલ મિરચીનું અવસાન થયું હતું.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ સંપત્તિ ટાંચમાં લેવાનો પ્રોવિઝનલ ઓર્ડર ઇશ્યુ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં એક સિનેમા હોલ, મુંબઇમાં એક હોટેલ, એક નિર્માણાધીન હોટેલ, એક ફાર્મ હાઉસ, બે બંગલા અને પંચગીનીમાં ૩.૫ એકર જમીનનો સમાવેશ થાય છે.

ટાંચમાં લેવામાં આવેલી મિલકતોનું કુલ મૂલ્ય ૨૨.૪૨ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે અને તેમાં સાત બેંક ખાતાઓમાં મૂકવામાં આવેલી ડિપોઝીટનો પણ સમાવેશ થાય છે.

# હાથરસકાંડથી દલિત, વાલ્મિકી સમુદાય નારાજ: ૨૩૬એ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

લખનઉ : હાથરસમાં દલિત યુવતી સાથે થયેલ હેવાનિયત બાદ વાલ્મિકી સમુદાયનાં લોકો ખુબ જ દુઃખી છે. યુપી સરકાર અને પ્રશાસનની નારાજગીના કારણથી ૧૪ ઓક્ટોબરે ગાઝિયાબાદ જિલ્લામાં વાલ્મિકી સમુદાયના ૨૩૬ લોકોએ હિન્દુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરી લીધો છે. આ સમગ્ર મામલો ગાઝિયાબાદના સાહિબાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના કરહેડાનો છે. જ્યાં ડો.બી.આર. આંબેડકરના પ્રપૌત્ર રાજરત્ન આંબેડકરે ૫૦ પરિવારોને બૌદ્ધ ધર્મની દીક્ષા અપાવી હતી.

પરિવારનો આરોપ છે કે આ લોકો હાથરસ કાંડથી ખુબ જ વધારે દુઃખી થયા છે. સતત આર્થિક તંગીથી ઝઝૂમ્યા છતાં, તે લોકોને કોઈ સાંભળતું નથી અને દરેક લોકો તેઓની અવગણના કરે છે. ગત ૧૪ તારીખનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં રાજરત્ન આંબેડકર આ લોકોને બૌદ્ધ ધર્મની શિક્ષા આપી રહ્યા છે. હિંડન એરબેઝની પાસે સાહિબાબાદ ક્ષેત્રમાં વાલ્મિકી સમાજની વસ્તી છે.અહી મોટી સંખ્યામાં દલિત અને વાલ્મિકી સમાજના લોકો રહે છે. ગત ૧૪ તારીખે અહીં લગભગ ૨૩૬ લોકોએ હિન્દુ ધર્મનો ત્યાગ કરીને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. જેમાં મોટા ભાગનાં લોકો વાલ્મિકી સમાજના છે. જ્યારે અમુક દલિત સમાજના પણ છે. આ તમામને ભારતીય બૌદ્ધ મહાસભા તરફથી એક સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું છે. બૌદ્ધ ધર્મ અપનાવનાર લોકોમાં હાથરસમાં થયેલ ઘટનાને લઈ ખુબ જ નારાજગી છે. આ ઉપરાંત પોલીસે જે રીતે રાત્રે અંધારામાં પીડિતાના અંતિમ સંસ્કાર કરી દીધા, તેને લઈને પણ લોકોમાં ખુબ જ નારાજગી છે.

# ઓપિનિયન પોલમાં નીતિશ કુમારનો ઘોડો આગળ, ૧૩૩થી ૧૪૩ બેઠક મળવી સંભવ

•રાજદના તેજસ્વી યાદવનું બ્લડ પ્રેસર વધી ગયું

પટણા : બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન આડે થોડા દિવસો રહ્યા છે ત્યારે એક ઓપિનિયન પોલમાં હાલના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને ફરી બહુમત મળશે એવી આગાહી કરાઇ હતી. દેખીતી રીતેજ એનડીએને પરાજિત કરવાના સપનાં જોઇ રહેલા પક્ષો માટે આ સમાચાર ટેન્શન વધારનારા હતા.

બિહાર વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો છે. ઓપિનિયન પોલના વર્તારા



મુજબ નીતિશ કુમાર ૧૩૩થી ૧૪૩ બેઠકો જીતે એવી શક્યતા હતી. એનડીએને ૩૮ ટકા મતો મળવાની શક્યતા આ વર્તારામાં કરાઇ હતી. બિહાર વિધાનસભામાં બહુમતી માટે ૧૨૨ બેઠકોની જરૂર હોય છે.

આ ઓપિનિયન પોલમાં જો કે નીતિશ કુમાર માટે ચિંતા વધારે એવો વર્તારો પણ કરાયો હતો. આ વર્તારા મુજબ નીતિશ કુમારની લોકપ્રિયતામાં ઘટાડો નોંધાયો હતો. ૨૦૧૫ની ચૂંટણી વખતે ૮૦ ટકા લોકોએ નીતિશ કુમારની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. આ વખતે એ આંકડો ઘટીને ૫૨ ટકા થઇ ગયો હતો. ૨૦૧૫માં માત્ર ૧૮ ટકા લોકો એમના કામથી નારાજ હતા. અત્યારે એવા લોકોનો આંકડો ૪૪ ટકાનો થઇ ગયો હતો. એ હકીકત ધ્યાનમાં રાખીને નીતિશ કુમારે પોતાનો વ્યૂહ ઘડવો જોઇએ.

# મહારાષ્ટ્ર ભાજપને મોટો આંચકો, એકનાથ ખડસે NCPમાં જોડાશે

મુંબઇ : મહારાષ્ટ્રમાં ભાજપના દિગ્ગજ નેતા એકનાથ ખડસે બુધવારે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ ચંદ્રકાન્ત પાટિલે રાજીનામું મંજૂર કરી દીધું છે.ખડસે શુક્રવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં સામેલ થશે. તેમની સાથે પુત્રી રક્ષા અને કેટલાક સમર્થકો પણ એનસીપીમાં જોડાઇ શકે છે. એવી ચર્ચાએ પણ વેગ મળ્યો છે કે એનસીપી કોટાથી ખડસેને કૃષિપ્રધાનપદ સોંપાઇ શકે છે. પોતાના રાજીનામા પત્ર અંગે ખડસેએ જણાવ્યું હતું કે, 'હું ભાજપથી નારાજ નથી, પરંતુ દેવેન્દ્ર ફડણવીસથી નારાજ છું. મારા પર જે આરોપ લાગ્યા તેની તપાસ થઇ અને કાંઇ મળ્યું નહીં. બાકી નેતાઓ પર આરોપ લાગ્યા તો તેમને ક્લીનચીટ આપવામાં આવી, પરંતુ મને નહીં. મેં પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. જનતા મારી સાથે છે અને હું એનસીપીમાં સામેલ થઇ જઇશ.'

એનસીપી પ્રદેશ અધ્યક્ષ જયંત પાટિલે પણ આ બાબતની સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે એકનાથ ખડસે શુક્રવારે બપોરે બે વાગે એનસીપીમાં સામેલ થશે. ખડસેના રાજીનામા અંગે ફડણવીસને પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે ,'ખડસેના રાજીનામા અંગે મારી પાસે પચારિક રીતે કોઇ જાણકારી નથી.

# સ્વદેશી સ્ટીલ્થ અદ્યતન યુદ્ધજહાજ INS કાવારત્તીને ભારતીય નેવીમાં જોડાયું

નવી દિલ્હી : ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ એમ. એમ. નરવણેએ વિશાખાપટ્ટનમ ડોક્યાર્ડમાં કાવારત્તીને નેવીને સોંપ્યુ તે સાથે સ્વદેશી સ્ટીલ્થ યુદ્ધજહાજ આઈએનએસ કાવારત્તી ભારતીય નેવીમાં જોડાયું છે. આ નવું યુદ્ધજહાજ અદ્યતન હથિયારોથી સુસજ્જ છે અને તેના સેન્સર સબમરીનને શોધીને કાર્યવાહી કરવા સક્ષમ છે અને નેવી નવી ટૂંકી રેન્જની એર ડિફેન્સ સિસ્ટમ મેળવવાની રાહ જોઈ રહ્યું છે. ઘરઆંગણે જ નિર્મિત નવા અદ્યતન યુદ્ધ જહાજને ગુરુવારે ભારતીય નેવીના બેડામાં સામેલ કરીને ભારતીય સૈન્યના વડાએ ઇન્ડિયન સબ-કોન્ટિનન્ટમાં ભારતના વિરોધીઓને મજબૂત સંદેશ આપ્યો છે. આ યુદ્ધજહાજને ભારતીય નેવીના ઇન-હાઉસ ઓર્ગેનાઇઝેશન ડિરેક્ટોરેટ ઓફ નેવલ ડિઝાઇન દ્વારા ડિઝાઇન કરાયું છે.

# ભારતીય સરહદે સૈન્ય ખડકવા પાછળ ચાઈનાનો મલીન ઈરાદો

•ભારતીય સૈનિકો લદ્દાખમાં અસાધારણ વીરતા દર્શાવી રહ્યા છે : રાજનાથસિંહ

નવી દિલ્હી/બિજીંગ : ચીન ભારત સાથે શાંતિવાર્તાનું માત્ર નાટક જ કરી રહ્યું છે. કેમ કે શાંતિ જાળવવી હોય તો સરહદેથી સૈન્ય-શસ્ત્રો ઓછા કરવા પડે. પરંતુ ચીન સરહદે સતત નવાં નવાં શસ્ત્રો ખડકી રહ્યું છે અને સૈન્ય સંખ્યા વધારી રહ્યું છે. એ તનાવભરી સ્થિતિ વચ્ચે ભારતે સોમવારે પકડાયેલા ચીની સૈનિકને મંગળવારે રાતે પરત ચીનને સોંપી દીધો હતો. ચીની સેનાનો કોર્પોરલ વાંગ યા લાંગ દેમચોક વિસ્તારમાંથી ઝડપાયો હતો. ભારતીય સેનાના સત્તાવાર બયાન પ્રમાણે કોર્પોરલ યાંગ ભૂલથી સરહદ પાર કરીને ભારત તરફ આવી ગયો હતો. ભારત-પાકિસ્તાન સરહદે મોટા ભાગના વિસ્તારોમાં ફેન્સિંગ કરેલું છે. ચીન સરહદમાં એવુ કોઈ બંધન નથી, મોટે ભાગે સરહદ ખુલ્લી છે. વળી જ્યાંથી એ ભારતમાં ઝડપાયો એ લદ્દાખનો દક્ષિણ વિસ્તાર ગીચ ઝાડી-ઝાંખરા ધરાવે છે. સરહદ પર સ્પષ્ટ માર્કિંગ ન હોવાથી કોઈ પણ ત્યાં ભુલુ પડી શકે છે. ચીની સૈનિકો સરહદ પાર લાંબો સમય રોકાવવા માટે કાયમી બંકર બનાવી રહ્યા છે. શિયાળામાં પહેરી શકાય એવા વસ્ત્રો અને અન્ય સાધન સામગ્રી તેમને પુરી પાડવામાં આવી રહી છે.

# કર્ણાટકમાં અકસ્માત રોકવા નવો નિયમો, હેલમેટ વિના બાઈક ચલાવી તો લાઈસન્સ રદ

બેંગાલુરુ : કર્ણાટક સરકારે રોડ અકસ્માતોને અટકાવવા વધુ આકરા નિયમો જાહેર કર્યા છે. કર્ણાટકમાં હવેથી જો કોઈ હેલમેટ પહેર્યા વગર વાહન ચલાવશે તો આવી વ્યક્તિનું ડ્રાઈવીંગ લાઈસન્સ જ સસ્પેન્ડ કરી દેવામાં આવશે, ઉપરથી મોટો દંડ પણ ફટકારવામાં આવશે. કાયદામાં સુધારા છતા તેનું પાલન ન થઈ રહ્યું હોવાથી હવેથી સીધા લાઇસન્સ જ સસ્પેન્ડ કરી દેવાનો નિર્ણય કર્ણાટક સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. સરકાર દ્વારા જારી એક આદેશ મુજબ જો કોઈ પણ વ્યક્તિ હેલમેટ વગર બાઇક ચલાવતું જોવા મળશે કે પકડાશે તો તેનું લાઈસન્સ ચોક્કસ સમય પુરતુ સસ્પેન્ડ કરી દેવામાં આવશે અને તેથી તે જ્યાં સુધી લાઈસન્સ સસ્પેન્ડ રહે ત્યાં સુધી કોઈ વાહન જ નહીં ચલાવી શકે. હાલ વિદેશોમાં પણ આ જ પ્રકારના કડક નિયમો છે.

# રાજકોટમાં પત્ની, મામાજીને છરાથી વેતરી નાખ્યાં, સાસુની હાલત ગંભીર

**• અગ્નિકાંડ ખેલનાર પિતા, બે માસૂમોની હાલત પણ ગંભીર**

રાજકોટ : ગૃહકંકાસમાં રાજકોટનો વધુ એક મુસ્લિમ પરિવાર હોમાયો છે. કંકાસથી તંગ આવી ઝનૂની બનેલા પતિએ સરાજાહેર પત્ની, મામાજીની બેવડી હત્યા કર્યા બાદ બે માસૂમ સંતાન સાથે પેટ્રોલ છાંટીને સળગી જઈ આઘાતનો પ્રયાસ કર્યો હતો.સર્જનાર ઘટનાએ કમ્પારી ઉપજાવી છે. છૂટાછેડાની માથાકૂટ બાદ સંતાનના કબ્જા માટે દંપતિ વચ્ચે વેરઝેરમાં સમગ્ર કાંડ સર્જાયો હોવાની વિગત સપાટી ઉપર આવી છે.

રાજકોટમાં રૂખડિયાપરામાં પત્ની, મામાજી અને સાસુ પર શખસે છરીના ઘા ઝીકી હુમલો કરતાં પત્ની, મામાજીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે સાસુને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવ બાદ યુવાને બે સંતાનો સાથે પેટ્રોલ છાંટી સળગી જઈ આપઘાતનો પ્રયાસ કરતાં તેને હોસ્પિટલમાં ખસેડાયા છે. ભાવનગર રોડ પર મનહરપરામાં રહેતી નાઝીયા ઈમરાન પઠાણ (ઉ.વ.૨૪) તથા તેની માતા ફિરાઝાબેનના ભાઈ નાઝીરભાઈ અફ્સરભાઈ પઠાણ (ઉ.વ.૪૭) રિક્ષામાં બેસીને જતા હતા તે દરમિયાન બાઈકમાં ધસી આવેલો ઈમરાન અલ્તાફ પઠાણે રૂખડિયાપરા ફાટક પાસે આંતરી છરીના ઘા ઝીંકી પત્ની નાઝીયા અને મામાજી નાઝીરની હત્યા કરી નાસી છૂટયો હતો. જ્યારે સાસુ ફિરોઝાબેનને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા છે.

ખૂન્નસથી પત્ની અને મામાજીની હત્યા કર્યા બાદ ઈમરાન ઉપર જાણે કાળ સવાર થયો હોય તેમ બે માસૂમ બાળકોને સળગાવી પોતે પણ સળગી ગયો હતો. પેટ્રોલ છાંટી આપઘાતનો પ્રયાસ કરનાર પિતા અને બન્ને સંતાનોની હાલત ગંભીર છે.

# અમદાવાદમાં રૂપિયા ૪૭૦ કરોડની હોસ્પિટલનું મોદી કરશે લોકાર્પણ

અમદાવાદ : દેશની પ્રથમ અત્યાધુનિક સૌથી મોટી હૃદય રોગ યુ.એન.મહેતા હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૪ ઓક્ટોમ્બરના દિવસે કરવામાં આવશે. ગુજરાત અને ખાસ કરીને અમદાવાદને સૌથી મોટી ભેટ મળવા જઈ રહી છે. ત્યારે આવો જોઈએ દેશની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ કેવી છે.

અમદાવાદમાં ૪૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી દેશની પ્રથમ અત્યાધુનિક સૌથી મોટી હૃદય રોગ યુ.એન.મહેતા હોસ્પિટલનું ઈ-લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૪ ઓક્ટોમ્બરના રોજ કરવાના છે. યુ.એન.મહેતા હોસ્પિટલમાં તાજા જન્મેલા બાળકોથી માંડીને વૃધ્ધાવસ્થા સુધીની તમામ ઉંમરના હૃદય રોગના દર્દીઓની સંપૂર્ણ સારવાર થશે. માહિતી પ્રમાણે હોસ્પિટલમાં ફાયરથી લઈ સિક્યોરિટીની અદ્યતન સુવિધાઓ પણ રાખવામાં આવી છે. ૪૭૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ હોસ્પિટલમાં હાલ ૪૫૦ બેડની વ્યવસ્થા છે. જે ભવિષ્યમાં વધીને ૧,૨૫૧ જેટલા બેડની સુવિધા થશે. ૮ માળની અને ૮ લાખ ચોરસફુટમાં આ અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉર્જા સંરક્ષણ માટે ૩ સ્ટાર હોસ્પિટલ, બાળકોનાં હૃદય રોગ માટેની આ ખાસ હોસ્પિટલ છે.

# ગિરનાર રોપ-વેનું પીએમ કરશે લોકાર્પણઃ દત્તાત્રેયના દર્શનનો લહાવો મળશે

ગાંધીનગરઃ ગુજરાતના આરોગ્ય, પ્રવાસન અને ખેડૂતોને લગતા વિવિધ પ્રકલ્પોનો દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૪મી ઓક્ટોબરે દિલ્હીથી વર્ચ્યુઅલી શુભારંભ કરાવશે એવું નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતુ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના સૌથી મોટા રોપ વે-ગિરનાર રોપવેનું પણ આ જ દિવસે લોકાર્પણ કરાશે. ગિરનારની ટોચ પર આવેલા ભગવાન દત્તાત્રેયના દર્શન માટે ૧૦ હજારથી વધુ પગથિયા ચડીને જવું પડતું હતું. એમાંથી યાત્રિકો-વૃદ્ધો, બાળકોને મુક્તિ મળશે અને રોપવે દ્વારા દર્શનનો લાભ લઈ શકશે. સાથે સાથે ગુજરાતના ઘરેણા સમાન એશિયાટીક લાયન જોવા માટે લાખ્ખો પર્યટકો દર વર્ષે ગુજરાત આવે છે તેમના માટે પણ આ રોપવેનું નવું નજરાણું આઈાદક બની રહેશે. રોપ વે દ્વારા ગિરનારના જંગલને જોવાનો અનેરો લહાવો પર્યાવરણ પ્રેમીઓને મળશે.

# જ્વેલર્સની ગેરરીતિની ટ્વિટ કરનાર સુરત BJP ઉ.પ્રમુખને ત્યાં ITના દરોડા

સુરત : નોટબંધી વખતે જવેલર્સ દ્વારા મોટાપાયે સોનાનુ વેચાણ કર્યુ હોવા છતાં થોડાક રૂપિયા ભરીને સમગ્ર કેસ પર પડદો પાડી દેવામાં આવ્યો હોવાની ફરીયાદ શહેર બીજેપી ઉપપ્રમુખ અને માજી આઈટી ઓફિસર પી.વી.એસ. શર્માએ ટ્વિટરના માધ્યમથી વડાપ્રધાન સહિતનાઓને કરી હતી. આ ફરિયાદ બાદ તેમના જ નિવાસસ્થાને અમદાવાદ અને વડોદરાના આઈટી અધિકારીઓએ દરોડાની કાર્યવાહી શરૂ કરી છે. બુધવારે રાત્રિના ૧૦:૩૦ કલાકની આસપાસ પોલીસ કાફલા સાથે આઈટીના અધિકારીઓ તેમના નિવાસ સ્થાને પહોંચીને દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. બુધવારે મોડી સાંજે અમદાવાદ અને વડોદરાના અધિકારીઓએ દરોડાની કાર્યવાહી શરૂ કરતાની સાથે જ પી.વી. એસ. શર્માનો મોબાઈલ જપ્ત કરીને તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં તેઓ પાસે કેટલા બેંક એકાઉન્ટ, કેટલા લોકર છે તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ તેઓની સાથે સંકળાયેલા બે વ્યક્તિને ત્યાં પણ અધિકારીઓએ તપાસ કરી હોવાની વિગતો જાણવા મળી છે. કારણ કે આવકવેરા વિભાગના ડીઆઈ વિંગને મળેલી ફરીયાદના આધારે પી.વી.એસ. શર્માને ૧ ઓકટોબરના રોજ નોટિસ મોકલી હતી.

# ગુજરાતમાં પક્ષપલટા પછી પેટાચૂંટણીમાં દારૂને મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કચ્છના નલિયામાં કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતાં તેમાંય રાજ્યસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ધારાસભ્યોએ જયપુર રિસોર્ટમાં દારૂ પીને મોજમસ્તી કરી તેવુ નિવેદન કરતાં પેટાચૂંટણીનો માહોલ ગરમાયો છે.કોંગ્રેસે પણ ભાજપ પર નિશાન તાકીને રાજકીય આક્ષેપ થકી વળતો પ્રહાર કર્યો છે.ટૂંકમાં,પેટાચૂંટણીમાં હવે દારૂના મામલે રાજનીતિ ગરમાઈ છે.

પક્ષપલટા પછી પેટાચૂંટણીમાં દારૂના મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે આવ્યાં છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા ભાજપ સરકાર પર એવા પ્રહારો કર્યા કે, આજે ગુજરાતમાં ગુંડારાજ છે. બુટલેગરોથી માંડીને જમીન માફિયાઓ બેફામ બન્યાં છે. જમીનમાફિયા ખુલ્લેઆમ ફાયરિંગ કરી રહ્યાંછે.ખંડણી ઉઘરાવી રહ્યાં છે. જમીન માફિયાઓ સાથે ભાજપના નેતાઓની જ ભાગીદારી છે.

# માનવતાના મુકિતદાતા તથા તારણહાર ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મોહંમદ (સ.અ.વ.)

**ઇસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

**ભાગ-૧**

આ જગતમાં વસતાં તમામ મુસલમાનો, તેઓ જયાં પણ રહેતા હોય, કોઈપણ જ્ઞાતિ, જાતિ કે વંશથી તેમનો સંબંધ હોય, તેઓ ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને પાલનહાર અલ્લાહના સર્વશ્રેષ્ઠ સર્જન, સમસ્ત માનવજાત માટે દયાના મહાસાગર તથા મુસલમાનોના છેલ્લા પયગંબર માને છે. જગતના લગભગ દોઢ અબજ મુસલમાનોની આ માન્યતાના ઉપસંહાર માટે ન તો કોઈ પ્રમાણપત્રની જરૂરત છે અને ન કોઈ સંશોધનની. જગતના સમસ્ત મુસલમાનોની આ માન્યતા અખુટ અને અતુટ શ્રદ્ધા પર આધારિત છે કે ખરેખર અને નિશંસક હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) મહાન અને સર્વશ્રેષ્ઠ હતા.

પણ આ માન્યતા અને શ્રદ્ધા તો મુસલમાનોની છે. ગેરમુસ્લીમોના અભિપ્રાયો તથા માન્યતાનું શું ? એ વાત તદ્દન નવાઈ પમાડે એવી છે કે કેટલીય સદીઓથી અસંખ્ય અગ્રગણ્ય તથા પ્રખ્યાત ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, બુદ્ધિજીવીઓ, ફીલ્સુફો, ઈતિહાસકારો તથા નેતાઓએ હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ની તુલના ટોચની વ્યકિતમાં કરેલ છે અને તેમની મહાનતા તથા શ્રેષ્ઠતાને સ્વીકારેલ છે. આ લેખમાં એવા અગ્રગણ્ય તથા પ્રખ્યાત ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, બુદ્ધિજીવીઓ, ફીલ્સુફો, ઈતિહાસકારો તથા નેતાઓના મંતવ્યો હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) વિષે આપવામાં આવેલ છે.

પ્રખ્યાત ગેરમુસ્લીમ લેખક તથા ઈતિહાસકાર માઈકલ હાર્ટે ઘણી જ મહેનત અને સંશોધન પછી એક પુસ્તક લખેલ છે જેનું નામ છે. 'THE 100 - A RANKING OF THE MOST INFLUENTIAL PERSONS IN HISTORY', જેનું ગુજરાતી ભાષાંતર આમ થાય છે. '૧૦૦ – જગતના ઈતિહાસમાં અતિ અસરકારક માનવીઓની તુલના'. આ અંગ્રેજી ભાષાના પુસ્તકમાં લેખકે જગતના માનવ ઈતિહાસમાં અતિ મહાન અસરો પાડી જનારા માનવીઓમાંથી તેમની મહાનતા તથા તેમના કર્તવ્યોના અનુસાર એકસો (૧૦૦) મહાન માનવીઓનો ટુંક પરિચય તથા ઈતિહાસ લખેલ છે. આ પુસ્તકમાં લેખકે મુસલમાનોના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને પ્રથમ શ્રેણીમાં મુકેલ છે, એટલે કે પુસ્તકના ૧૦૦ મહાન માનવીઓમાં તેમને પ્રથમ સ્થાન આપેલ છે. લેખક પોતે ખ્રિસ્તી હોવા છતાં હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને પ્રથમ સ્થાન આપવાનું કારણ આપતા લખે છે કે, 'જગતમાં મુસલમાનોની વસ્તી કરતાં ખ્રિસ્તીઓની વસ્તી બમણી છે, જેથી તે નવાઈની વાત લાગે છે કે મારા પુસ્તકમાં મુસલમાનોનાં પયગંબરને ખ્રિસ્તીઓના પયગંબર કરતાં પ્રથમ સ્થાન આપેલ છે. તેનું કારણ એ છે કે ઈસુ ખ્રિસ્તી સાહેબે (અ.સ.) ખ્રિસ્તી ધર્મના પ્રચાર તથા વિકાસ માટે જે પાઠ તથા પાત્ર ભજવેલ છે, તેની સામે હઝરત મોહંમદ સાહેબે (સ.અ.વ.) ભજવેલ પાઠ તથા પાત્ર બહુ જ મહત્વતા ધરાવે છે, કારણકે હઝરત મોહંમદ સાહેબ એક ધાર્મિક નેતા હોવા ઉપરાંત ગેરધાર્મિક નેતા પણ હતા અને તેમની લાવેલ અને સૂચવેલ જીવન જીવવાની પદ્ધતિ જીવનના દરેક ક્ષેત્રે આદર્શ સમાન અને સંપુર્ણ રીતે અપનાવવા લાયક છે.'

લેખક માઈકલ હાર્ટ વધુમાં તેના પુસ્તકના આરંભમાં લખે છે કે, 'ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબને મેં મારા પુસ્તકમાં પ્રથમ સ્થાનની પસંદગી આપેલ છે તે વાંચકોને નવાઈ પમાડી શકે છે અને બીજા ઘણા પ્રશ્નો ઊભા કરી શકે છે. પણ મારી પસંદગીનો આધાર એ છે કે હઝરત મોહંમદ સાહેબ જગતના પુરા ઈતિહાસમાં ફકત એક જ એવી વ્યકિત હતા જે ધાર્મિક ક્ષેત્રે તથા બિનધાર્મિક ક્ષેત્રે અત્યંત સફળ રહ્યાં છે.' તે ઉપરાંત એક બીજા ફ્રેન્ચ ગેરમુસ્લીમ ઈતિહાસકાર લા માર્ટીને મુસલમાનોના છેલ્લા પયગંબર મોહંમદ સાહેબને ભવ્ય અંજલી આપતા લખ્યું છે કે 'હઝરત મોહંમદ સાહેબ આ જગતમાં અત્યાર સુધી આવેલ માનવીઓમાં સર્વોત્તમ મહાન માનવી હતા.'

ક્રમશઃ

# બિડેન લોબીસ્ટનો 'નોકર' અને અમેરિકનોને લોહી લુહાણ કરનાર ગીધ છે : ડોનાલ્ડ ટ્રમ્પ

**• બિડેને સપ્ટેમ્બરમાં વિક્રમી ૩૮.૮ કરોડ ડોલર ભેગા કરતાં ટ્રમ્પ હતાશ**



એરી : સપ્ટેમ્બર મહિનામાં વિક્રમી ફંડ ઊભી કરનાર અને પ્રમુખપદની ચૂંટણીમાં પ્રમુખ ટ્રમ્પના ડેમોક્રેટિક હરિફ જો બિડેન પર પ્રહાર કરતાં કહ્યું હતું કે જો બિડેન તો લોબીસ્ટનો નોકર અને અમેરિકનોનો લોહી ચુસનાર ગીધ છે.ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેઓ ભંડોળ ઊભું કરનારાઓનો કિંગ બની શકે છે, પરંતુ બનવું નથી.બિડેને પોતાની ચૂંટણી જીતવાના પ્રયાસોમાં સપ્ટેમ્બરમાં ૩૮.૩ કરોડ ડોલર ઊભા કર્યા હતા જે એક નવો જ રેકોર્ડ છે. 'બિડન વૈશ્વિક, લોબીસ્ટ, માલદાર દાતાઓ અને અમેરિકનોનો લોહી ચુસનાર વોશિંગ્ટન વલ્ચર (ગીધ) છે.તમને ખબર હશે કે મેં અગાઉ પણ આવું કહ્યું હતું. મેં ક્યારે પણ વિચાર્યુ નહતું, કારણ કે તેઓ ખુબ ભંડોળ ઊભું કરી રહ્યા છે. ૩૦ લાખ ડોલર તેમણે ભેગા કર્યા હતા.હું પણ તમામ ભંડોળ ઊભું કરનારાઓમાં કિંગ બની શકું છું, પણ મારે બનવું નથી'એમ તેમણે મંગળવારે એક રેલીમાં કહ્યું હતું.

ચૂંટણી પ્રચારના છેલ્લા તબક્કામાં ટ્રમ્પ કરતાં બિડેનને વધુ દાન મળી રહ્યું હતું.ઉપરોક્ત આંકડા ફેડરલ ઈલેકશન કમિશન દ્વારા અપાયા હતા.બિડેન પાસે બેન્કમાં ૧૭.૭ કરોડ ડોલર જ્યારે ટ્રમ્પ પાસે ૬૩.૧ કરોડ ડોલર છે.સપ્ટેમેબરમાં બિડેનને ૩૮.૮ કરોડ ડોલર દાનમાં મળ્યા હતા. જ્યારે ટ્રમ્પને૨૪.૭૮કરોડ ડોલર મળ્યા હતા.

# અફઘાનિસ્તાનમાં વિઝા મેળવવામાં નાસભાગમાં મહિલા સહિત ૧૫ મોત

કાબુલ : અફઘાનિસ્તાનમાં જલાલાબાદ ખાતે આવેલાં પાકિસ્તાની દૂતાવાસ ખાતે વિઝા લેવા હજારો અફઘાન ઉમટી પડયાં હતાં. તે સમયે ધક્કામુક્કી બાદ મચેલી નાસભાગમાં ૧૧ મહિલા સહિત ૧૫નાં મોત થયાં હતાં. દૂતાવાસની બહાર ખુલ્લા મેદાનમાં હજારો અફઘાનો પાકિસ્તાનના વિઝા માટેનું ટોકન મેળવવા એકત્ર થયા હતા ત્યારે અવ્યવસ્થા સર્જાઈ હતી અને લોકોએ ભારે ધક્કામુક્કી કરી હતી જેને પરિણામે સર્જાયેલી નાસભાગમાં અસંખ્ય લોકો કચડાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૧ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયાં હતાં અને એક ડઝન જેટલા લોકો ગંભીર ઘાયલ થયાં હતાં, જેમા મોટાભાગનાં મહિલાઓ અથવા વરિષ્ઠ નાગરિકો હતાં. ઉપલબ્ધ માહિતી અનુસાર પાકિસ્તાનના વિઝા મેળવવા માટે આગલી રાતથી જ હજારો લોકોએ દૂતાવાસની બહાર લાઈન લગાવી દીધી હતી. ઘટના સ્થળે ઉપસ્થિત એક વ્યક્તિએ જણાવ્યું હતું કે કેટલાક અકળાયેલા લોકોએ ધક્કામુક્કી શરૂ કરી હતી અને તેથી ઘણા લોકો જમીન પર પડી ગયા હતા. ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી અને લોકો મેદાનની બહાર નીકળવા માટે નાસભાગ કરી હતી.

# કરાચીમાં ૨૪ કલાકમાં બીજીવાર વિસ્ફોટ, 3નાં મોત, ૫ ઈજાગ્રસ્ત

કરાચી : કરાચીના ગુલશન એ ઈકબાલ વિસ્તારના મસ્કન ચૌરંગીમાં બે માળના એક મકાનમાં ગુરૂવારે સવારે ભીષણ વિસ્ફોટ થયો હતો. પ્રારંભિક અહેવાલ મુજબ ત્રણ વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને અનેક લોકોને ઈજા થઈ હતી.

આ સમાચાર મળતાં તરત એન્ટી બોમ્બ સ્ક્વોડના જવાનો ઘટનાસ્થળે ધસી ગયા હતા. મકાનના બીજા મજલે વિસ્ફોટ થયો હતો. પોલીસ માનતી હતી કે ત્યાં કોઈ ગેરકાયદે વિસ્ફોટક બનાવી રહ્યું હશે. રાહત કાર્ય ચાલુ હતું.

પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું વિસ્ફોટનાં કારણોની તપાસ ચાલુ હતી. ઈજાગ્રસ્તોને તત્કાળ હૉસ્પિટલ ભેગા કરાયા હતા. નજરે જોનારા લોકોએ કહ્યું હતું કે વિસ્ફોટ એટલો ભીષણ હતો કે આસપાસનાં મકાનોની બારી પણ ખડી પડી હતી. મુબીના ટાઉન પોલીસના પ્રવક્તાએ કહ્યું કે કદાચ ઘરમાં ગેસ સિલિન્ડર ફાટવાથી પણ વિસ્ફોટ થયો હોઈ શકે. અમે તપાસ કરી રહ્યા હતા. હાલ પોલીસે આ વિસ્તારમાં અવરજવર બંધ કરાવી દીધી હતી. હજુ તો ગઈ કાલેજ એટલે કે મંગળવારે શીરીન જિન્ના કોલોની પાસે એક બસ ટર્મિનલના દરવાજે થયેલા વિસ્ફોટમાં પાંચ જણને ગંભીર ઈજા થઈ હતી. ચોવીસ કલાકમાં આ બીજો વિસ્ફોટ હતો.

# બ્રિટનમાં શસ્ત્રો અને દારૂગોળા રાખવાના આરોપસર ગુજરાતી સહિત ૪ સામે કેસ

**• નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા ૨૬ વર્ષના હિતેશ પટેલ અને બે સાથીદારોની પણ ધરપકડ**

લંડન : બ્રિટનની નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા લાંબા સમયથી કરવામાં આવી રહેલી કાર્યવાહીના અંતે જાહેર જીવન માટે જોખમ ઊભું કરવા અને સામેની વ્યક્તિને ઈજા પહોંચાડવા માટે એક ગુજરાતી યુવાન સામે શસ્ત્રો અને દારૂગોળો રાખવાનો કેસ કરાયો હતો.

ઉત્તર પશ્ચિમ ઈંગ્લેન્ડના ચેશાયરના ૨૬ વર્ષના હિતેશ પટેલને તેના અન્ય બે સાથીઓ બિલાલ ખાન અને ઉમર ઝહીર સાથે આજે માંચેસ્ટરની મેજીસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરાયો હતો. જંગી પાયે શસ્ત્રો પહોંચાડવા અને શસ્ત્રો રાખવાની એનઆઈએની તપાસના ભાગ રૂપે તેમના ચોથા સાથીદાર બ્રિટન નાગરિક રોબર્ટ બ્રાઝેન્ડેલની યુરોપીયન એરેસ્ટ વોરન્ટના આધારે સ્પેનમાંથી ધરપકડ કરાઈ હતી. બ્રાઝેન્ડલ પણ ચેશાયરમાં જ રહે છે જેને સ્પેનમાં રિમાંડ માટે કસ્ટડીમાં મોકલી અપાયો હતો અને હવે તેની બ્રિટન મોકલવાની પ્રત્યાર્પણની પ્રક્રિયા હાથ ધરાશે.

ચાલુ વર્ષે જુલાઈમાં જાહેર કરાયેલ ઓપરેશન વેનેટિક હેઠળ એનસીએની લાંબા સમયની તપાસના અંતે સ્પેનીશ પોલીસ આ ધરપકડ કરી હતી. આ તપાસના ભાગરૂપે, એનસીએ અને અમારી પોલીસ સૌથી ઘાતક મનાતા શસ્ત્રોને દૂર કર્યા હતા. અમારા દેશ અને સમાજમાં શસ્ત્રો લાવતા બદમાશોને અમે આ રીતે જ પકડી પાડીશું'એમ એનસીએના વડા નીલ ગાર્ડનરે કહ્યું હતું. એનસીએ દ્વારા ઓપરેશન વેનેટિકના એક ભાગરૂપે ચાલુ વર્ષની શરૂઆતમાં તપાસ શરૂ કરાઈ હતી.એન્ક્રોચેટ સંદેશા વ્યવહારની વૈશ્વિક એન્ક્રિપ્ટેડ સેવાના રહસ્યો શોધવા યુકેની આ એજન્સીએ કામગીરી કરી હતી.

# એશિયામાં પ્રભુત્વ ધરાવતા સૌથી વધુ શક્તિશાળી દેશોમાં અમેરિકા મોખરે

સીડની : એશિયાના દેશોમાં સૌથી વધુ પ્રભુત્વ ધરાવતા શક્તિશાળી દેશ તરીકે ફરી એકવાર અમેરિકાએ ટોચનું સ્થાન મેળવ્યું છે. એશિયા પેસિફિક દેશોમાં સૌથી વધુ વગદાર દેશ તરીકે ભારતનો ચોથો ક્રમ છે. કોરોનાને કારણે અમેરિકા તેમજ અન્ય દેશો દ્વારા ચીનને જવાબદાર ગણવામાં આવતા અને ચીનને ઈમેજ ખરડાવાને કારણે એશિયામાં ચીનનું પ્રભુત્વ ૫૦ ટકા ઘટી ગયું છે. એશિયા પેસિફિકના સૌથી વગદાર અને શક્તિશાળી દેશ તરીકે અમેરિકા. ચીન, જાપાન પછી ચોથા



નંબરે ભારતનો ક્રમ આવે છે. ટોચના સુપર પાવર તરીકે અમેરિકા ચીન કરતાં ૧૦ પોઈન્ટ આગળ છે. ઓસ્ટ્રેલિયાના સીડનીમાં લોવી ઈન્સ્ટિટયૂટ દ્વારા એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૦માં ૨૬ દેશોને જુદોજુદો રેન્ક આપવામાં આવ્યો છે.

કોરોના સામે અસરકારક રીતે લડવામાં નબળી કામગીરી, ચીન સહિતના દેશો સાથે ટ્રેડ વોર અને ઈરાન સહિત કેટલાક દેશો સાથે બહુપક્ષીય કરાર રદ કરવામાં આવ્યા પછી અમેરિકાએ આ મામલે તેનું પ્રતિષ્ઠિત સ્થાન ગુમાવ્યા છતાં પહેલો ક્રમ જાળવી રાખ્યો છે તેમ લોવીઝ એશિયન પાવર એન્ડ ડિપ્લોમસી પ્રોગ્રામના ચીફ હેર્વે લેમાહીયુએ જણાવ્યું હતું. મહત્ત્વના તમામ દેશો માટે કોરોના ગેમ ચેન્જર રહ્યો હતો.

# USમાં એપલ પ્રોડક્ટની દાણચોરી, રશિયન એરલાઈન્સ સ્ટાફની સંડોવણી

વોશિંગ્ટન : ૫૦ મિલિયન ડોલરના એપલ આઈફોન, આઈપેડ અને ઘડિયાળની રશિયામાં દાણચોરી કરવાના આરોપસર એરોફલોત એરલાઈન્સના ૮ કર્મચારીઓની અમેરિકામાં ધરપકડ કરી છે. અમેરિકાના પૂર્વ જિલ્લા ન્યૂયોર્કની એટર્ની ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ દાણચોરીના ગુનાનો એરોફલોત એરલાઈન્સના ૧૦ કર્મચારીઓ ઉપર આરોપ લગાવાયો છે. જ્યારે એ દસમાંથી ૮ની ધરપકડ થઈ છે. જ્યારે અન્ય બે ભાગેડુ છે.

વિદેશ વિભાગે એરોફલોતના ૧૧૩ કર્મચારીઓની વિઝા રિવોક કરી છે. આ તમામ દાણચોરીના કૌભાંડમાં સામેલ હોવાની આશંકા છે.

આ કેસની તપાસ એફબીઆઈ, કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન, ન્યૂયોર્ક સિટી પોલીસ ડિપાર્ટમેન્ટ સંયુક્ત રીતે કરી રહ્યા છે. તપાસ દરમિયાન આરોપી ક્રૂ સભ્યોના લગેજમાંથી લાખ્ખોના ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ મળી આવ્યાં હતાં. આ ડિવાઈસ પૈકી કેટલાક ચોરાયેલા હોવાનું નિવેદનમાં જણાવાયું હતું. ક્રૂના સભ્યોએ ૫૦ મિલિયનના વિઝા કેસ અને મર્ચન્ડાઈ-ઝની અમેરિકાથી રશિયામાં દાણચોરી એરલાઈનના મુસાફરો દ્વારા કરી હતી.

# પાક.માં લશ્કર સામે પોલીસની બગાવત, નવાઝ શરીફના જમાઈની ધરપકડ મુદ્દે મતભેદ

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફના જમાઈ સફદર અવાનની ધરપકડે દેશમાં ધરતીકંપ જેવી સ્થિતિ પેદા કરી હતી. પાકિસ્તાની લશ્કર વડા પ્રધાન ઈમરાન ખાનનો બચાવ કરી શકે એવી સ્થિતિ પણ રહી નહોતી. સફદર અવાનની ધરપકડના વિરોધમાં સિંધના પોલીસ તંત્રે ખુલ્લો બળવો જાહેર કર્યો હતો. દેશના રાજકારણમાં લશ્કરની વધી રહેલી પકડ સામે સિંધની પોલીસે વિરોધ વ્યક્ત કર્યો હતો. વિરોધ પક્ષોના સંગઠન સામે નમતું જોખીને લશ્કરી વડા જનરલ કમર જાવેદ બાજવાએ સફદરની ધરપકડની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. પાકિસ્તાનના સિંધ પ્રાંતની રાજધાની સમા કરાચીમાં ગયા રવિવારે ૧૮મી ઓક્ટોબરે સંગઠિત વિરોધ પક્ષના મોરચા પાકિસ્તાન ડેમોક્રેટિક મૂવમેન્ટે જબરદસ્ત રેલી યોજી હતી.

# નાસાએ 33 કરોડ કિમી દૂર આવેલા સૂક્ષ્મ ગ્રહ ઉપરથી નમૂના મેળવ્યા

વોશિંગ્ટન : નાસાના અવકાશયાન ઓસિરિસ-રેક્સે ચાર વર્ષની યાત્રા બાદ મંગળવારે સાંજે પૃથ્વીથી ૩૩.૪૦ કરોડ કિલોમીટરના અંતરે આવેલા સૂક્ષ્મગ્રહ બેન્નુની સપાટી પર ઉતરીને ત્યાંની માટી, ધૂળ અને ખડકોના નમૂના મેળવીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. આ સમગ્ર કવાયત અમેરિકાના ડેનેવરમાં સ્થિત લોકહીડ માર્ટિન સ્પેસ સેન્ટર દ્વારા પાર પાડવામાં આવી હતી. સાંજે જાહેર કરવામાં આવ્યું હતું કે, 'અવકાશયાન બેનૂની સપાટીને સ્પર્શ કરી ગયું છે. નમૂના લેવાની પ્રક્રિયા ચાલી રહી છે.' નમૂના મેળવવા માટેની સાડાચાર કલાકની કોશિશમાં અવકાશયાને આ સૂક્ષ્મ ગ્રહની સપાટી પર પહોંચવા માટે ત્રણ અલગ-અલગ કોશિશ કરી હતી. જેમાં સૌપ્રથમ આ અવકાશયાન નમૂના મેળવવા માટે તે જે લગભગ બે વર્ષથી ભ્રમણકક્ષામાં ભ્રમણ કરે છે એનાથી નીચે આ સૂક્ષ્મ ગ્રહ તરફ ઊતર્યું હતું. બાદમાં સાંજે ૬.૧૨ વાગ્યે એણે બેન્નુની સપાટીને સ્પર્શ કરી હતી. એના ૧૧ ફૂટના રોબોટિક આર્મ્સે આઠ મીટરના વ્યાસવાળી જગ્યા પર તરફ નીચેની દિશા તરફ હતા. એ પછી ખૂબ જ પ્રેશરાઈઝડ નાઈટ્રોજન છોડવામાં આવતા સપાટી પર રહેલી વસ્તુઓ ઉપર ઊડી હતી અને એ નમૂનાઓને એકત્રિત કરવામાં આવ્યા હતા, પરંતુ એ પૃથ્વી સુધી પહોંચવામાં ૨૦૨૩ સુધી રાહ જોવી પડશે.

# સિંગાપોરમાં સગીરાને કિસ કરનાર ભારતીય મૂળના યુવકને સાત મહિનાની જેલ

સિંગાપોર : સગીરાને ચુંબન કરનાર અને સેક્સ એક્ટ કરવા ફરજ પાડનાર ભારતીય મૂળના એક યુવાનને સાત મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી.ઈન્સટાગ્રામ પર સગીરાને ગયા વર્ષે મળેલા ૨૬ વર્ષના ચેલ્લમ રાજેશ કન્નમે સગીરાને લલચાવવાનો ગુનો કબુલ્યો હતો. સજા કરવા બળજબરીથી બંધી બનાવવાનો પણ સામે ગુનો દાખલ કરાયો હતો.કોર્ટને કહેવામાં આવ્યું હતું કે ગયા વર્ષે ચેલ્લમે સગીરાને મળ્યો હતો. પરિણીત અને એક બાળકીનો પિતા ચેલ્લમ જાણતો હતો કે એ સગીરા છે છતાં તેને મેસેજ મોકલતો હતો.ગયા વર્ષે ઓગસ્ટમાં તેઓ એક બીજાને રૂબરૂ મળ્યા હતા અને સગીરા માટે તે સિગારેટનો પેકેટ લાવ્યો હતો.સગીરાએ ફરી તેને મળવા સંમંતી દર્શાવી હતી. તેમની વચ્ચેની બીજી મુલાકાતના ત્રણ દિવસ પહેલાંસગીરાએ ચેલ્લમને પોતાના માટે આલ્કોહોલ લાવવા વિનંતી કરી હતી.

# ધવનના 5000 રન



ધવને ૧૩મી સિઝનમાં સતત બે સદી ફટકારવા ઉપરાંત આઇપીએલમાં પાંચ હજાર રન પૂરા કરવાની પણ સિદ્ધિ મેળવી હતી. તેણે અત્યાર સુધી ૧૬૯ મેચમાં ૫૦૪૩ રન બનાવ્યા છે. તેનો સર્વશ્રોષ્ઠ સ્કોર અણનમ ૧૦૬ રનનો રહ્યો છે. એક જ સિઝનમાં બે સદી નોંધાવવાના મામલે ધવને ક્રિસ ગેઇલ, શેન વોટસન તથા હાશિમ અમલાની બરોબરી કરી હતી.

# પ્લેઓફ માટે આઈપીએલ રોમાંચક તબક્કામાં



આઇપીએલ ટીર૦ લીગમાં ગુરૂવાર સુધીમાં ૪૦ મેચો રમાઈ ચૂકી છે અને અંતિમ ચારમાં સ્થાન મેળવવા માટેનો જોરદાર જંગ હજુ પણ જારી છે. બુધવારે કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે વિજય હાંસલ કરીને માત્ર ચેન્નઇના સુકાની ધોની જ નહીં પરંતુ કિંગ્સ ઇલેવન પંજાબ, રાજસ્થાન રોયલ્સ તથા સનરાઇઝર્સ હૈદરાબાદ માટે પ્લે ઓફમાં સ્થાન મેળવવાની આશા જીવંત રાખી હતી. બેંગ્લોરના વિજયના કારણે પ્લે ઓફની રેસ વધારે રસપ્રદ બની રહી છે અને ટોચની ત્રણ ટીમોને બાકી રાખતાં એક સ્થાન માટે દાવેદારી રજૂ કરનાર બાકીની પાંચ ટીમો અન્ય ટીમોના પરિણામ ઉપર પણ સતત નજર રાખશે.

દિલ્હી કેપિટલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તથા મુંબઇ ઇન્ડિયન્સનું પ્લે ઓફમાં પહોંચવું લગભગ નિશ્ચિત થઈ ચૂક્યું છે. દિલ્હી અને બેંગ્લોરના ૧૪-૧૪ પોઇન્ટ છે. મુંબઇ હાલમાં ૧૨ પોઇન્ટ ધરાવે છે. મુંબઇએ હજુ માત્ર નવ મેચ રમી છે અને તેને હજુ પાંચ મેચ રમવાની બાકી છે. આ સ્થિતિમાં ત્રણેય ટીમો બેથી ત્રણ મેચો જીતીને પ્લે ઓફમાં સીધો પ્રવેશ મેળવી શકે છે. કોલકાતા નાઇટ રાઇડર્સને બેંગ્લોર સામેના પરાજયના કારણે તેનો નેટ રનરેટ માઇનસ (–૦.૮૨૮)માં પહોંચી ગયો છે. આ સ્થિતિમાં તેણે વધારે સારા માર્જિનથી બાકીની મેચો જીતવી પડશે. સતત પાંચ મેચ હાર્યા બાદ કિંગ્સ ઇલેવન પંજાબે ટૂર્નામેન્ટમાં જોરદાર પુનરાગમન કર્યું છે. બાકીની ચારેય મેચ જીતીને પંજાબ પ્લે ઓફ માટે ક્વોલિફાય કરી શકે છે. ૧૦ મેચમાં આઠ પોઇન્ટ સાથે રાજસ્થાન રોયલ્સની ટીમ છઠ્ઠા ક્રમે છે. તેનો રનરેટ માઇનસ (–૦.૫૯૧)માં છે. સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ નવ મેચમાં છ પરાજય સાથે સાતમા ક્રમે છે અને તેની પાસે છ પોઇન્ટ છે. બંને ટીમોએ બાકીની તમામ મેચ જીતવી પડશે.

### પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| દિલ્હી | ૧૦ | ૭ | ૩ | ૧૪ |
| બેંગ્લોર | ૧૦ | ૭ | ૩ | ૧૪ |
| મુંબઈ | ૯ | ૬ | ૩ | ૧૨ |
| કોલકાતા | ૧૦ | ૫ | ૫ | ૧૦ |
| હૈદરાબાદ | ૧૦ | ૪ | ૬ | ૮ |
| પંજાબ | ૧૦ | ૪ | ૬ | ૮ |
| રાજસ્થાન | ૧૧ | ૪ | ૭ | ૮ |
| ચેન્નઈ | ૧૦ | ૩ | ૭ | ૬ |

## ધવન સદીની મદદથી દિલ્હીએ ચેન્નાઈને હરાવ્યું

શારજાહ : દિલ્હી કેપિટલ્સએ આઈપીએલ -૧૩ ની ૩૪ મી મેચમાં ત્રણ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને પોઇન્ટ ટેબલમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. શારજાહમાં શનિવારે સાંજે રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા, ત્યારબાદ દિલ્હી કેપિટિલ્સે શિખર ધવન (૧૦૧ નોટઆઉટ)ની સદીની મદદથી ૧૯.૫ ઓવરમાં જ લક્ષ્ય પાપ્ત કરી લીધું.

## ખરાખરીના જંગમાં રાજસ્થાનને હૈદરાબાદે ૮ વિકેટે પરાજય આપ્યો

રાજસ્થાન રૉયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ મુકાબલામાં હૈદરાબાદનો ૮ વિકેટે વિજય થયો છે. આઈપીએલ-૨૦૨૦ની ૪૦મી મેચમાં હૈદરાબાદે ટોસ જીતીને પહેલા ફીલ્ડિંગ પસંદ કરી હતી. પહેલા બેટિંગમાં આવેલી રાજસ્થાને ૨૦ ઑવરમાં ૬ વિકેટે ૧૫૪ રન બનાવ્યા હતા. ૧૫૫ રનના પડકારને હૈદરાબાદે ૨ વિકેટ ગુમાવીને ૧૮.૧ ઑવરમાં પાર પાડ્યો.

## કલકત્તાનું કંગાળ પ્રદર્શન, સિઝનનો સૌથી નાનો ૮૫ રનનો ટાર્ગેટ આપ્યો

અબુ ધાબીમાં કલકત્તા અને બેંગલોર વચ્ચે રમાયેલી મેચમાં બેંગલોરનો ૮ વિકેટથી વિજય થયો છે. કલકત્તાએ આપેલા સિઝનના સૌથી નાના ૮૫ રનના લક્ષ્યને બેંગલોરે ૧૩.૩ ઓવરમાં ચેઝ કરી લીધો. બેંગલોરે ૧૩.૩ ઓવરમાં ૮૫-૨ રન બનાવ્યા. બેંગલોરની આ ૭મી જીત હતી અને તે ૧૦ મેચોમાં ૧૪ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલ પર રન રેટના આધાર પર બીજા ક્રમે પહોંચી ગયું છે.

## નિકોલસ પૂરનની ફિફ્ટીની મદદથી પંજાબે દિલ્હીને ૫ વિકેટે હરાવ્યું

નવી દિલ્હી : અબુ ધાબીમાં રમાયેલી મેચમાં પંજાબે બાજી મારી હતી. તેણે હાલની સિઝનમાં ટોપ ચાલી રહેલી દિલ્હીને ૫ વિકેટથી પરાજય આપ્યો હતો. દિલ્હીના ૧૬૪ રનના જવાબમાં પંજાબની ટીમે ૧૯ ઓવરમાં ૧૬૭/૫ રન બનાવ્યા. આ પંજાબની જીતની હેટ્રીક રહી. પંજાબની જીતમાં ક્રિસ ગેઈલે ૨૯ રન, નિકોલસ પુરને શાનદાર ફિફ્ટી જેમાં તેણે ૨૮ બોલમાં ૫૩ રન કર્યા હતા.

# ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ૩૨ ખેલાડીની પસંદગી કરાશે, પરિવારને ''નો એન્ટ્રી''

નવી દિલ્હી : ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જનારી ભારતીય ટીમના ૩૨ સભ્યોની જાહેરાત કરે તેવી સંભાવના છે. ભારતીય ટીમ વર્તમાન આઈપીએલ પૂરી થયા બાદ યુએઈથી સીધી ઓસ્ટ્રેલિયા રવાના થશે જ્યાં તે ટેસ્ટ, વન-ડે તથા ટી૨૦ શ્રેણી રમશે. ત્રણેય ફોર્મેટ માટે કુલ ૩૨ સભ્યોની પસંદગી કરાશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચની શ્રોણી પહેલાં ત્રણ ટી૨૦ ઈ ન્ટરનેશનલ તથા ૩ વન-ડે મેચની શ્રોણી રમાશે. આ પ્રવાસ બે મહિનાનો હોવાના કારણે કોઈ ખેલા ડીને પ્રવાસની અધવચ્ચેથી ટીમના બાયો-બબલમાં સામેલ કરવો BCCI માટે મુશ્કેલ બનશે. બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે પસંદગી સમિતિને તેઓ ઈચ્છે તેટલી મોટી ટીમને પસંદ કરી શકે છે તેવો નિર્દેશ કરી દેવામાં આવ્યો છે. અમે ઓસ્ટ્રેલિયાના પૂરા પ્રવાસ માટે બેક-અપ ખેલાડી તૈયાર રાખવા માગીએ છીએ. જો કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય તો અમારે કોઈ ખેલાડીને ભારતથી મોકલવો પડે તેવી સ્થિતિ ઊભી થાય નહીં તેવું અમે ઈચ્છી રહ્યા છીએ. સહાયક સ્ટાફ સહિત કુલ ૫૦ લોકો ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા એડિલેડ રવાના થશે. પ્રવાસમાં ખેલાડીઓ પરિવાર સાથે રાખી શકશે નહીં.

# કોચ સાથે મતભેદો, સિંધૂ ૧૦ દિવસ પહેલાં નેશનલ કેમ્પ છોડી લંડન પહોંચી

નવી દિલ્હીઃ ભારતની સ્ટાર શટલર પીવી સિંધૂએ હૈદરાબાદ ખાતે ચાલી રહેલા નેશનલ કેમ્પને પડતો મૂક્યો છે અને તે ૧૦ દિવસ પહેલાં જ લંડન પહોંચી ગઈ છે. સિંધૂએ શા માટે કેમ્પને છોડી દીધો છે તે અંગે વિવિધ અટકળો થઈ રહી છે અને વિવાદને આમંત્રણ મળ્યું છે. સિંધૂના પિતાએ આક્ષેપ કર્યો છે કે હૈદરાબાદમાં પીવી ઉચ્ચ સ્તરીય ટ્રેનિંગ કરી શકતી નથી. નેશનલ કોચ પુલેલા ગોપીચંદે આ બાબતે કોઈ માહિતી આપી નહોતી. એવી પણ અટકળો કરવામાં આવી રહી છે કે પારિવારિક વિવાદના કાર ણે સિંધૂ લંડન પહોંચી છે. જોકે ભારતીય ખેલાડીએ આ બાબતને નકારી નાખી છે.



પીવી સિંધૂએ ટ્વિટર ઉપર ખુલાસો કર્યો હતો કે ન્યૂટ્રિશિયન તથા રિકવરીની જરૂરિયાતોને પૂરી કરવા માટે હું કેટલાક દિવસ પહેલાં લંડન આવી છું. મારા પરિવારમાં કોઇ પણ પ્રકારનો વિવાદ નથી. હું એવી પણ સ્પષ્ટતા કરવા માગું છું કે મારે મારા કોચ ગોપીચંદ સાથે પણ કોઈ મતભેદો નથી. એકે ડેમીમાં પણ મને ટ્રેનિંગની સગવડો અંગે કોઈ મુશ્કેલી નહોતી. બીજી તરફ સિંધૂના પિતાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૮ની એશિયન ગેમ્સ પછી ગોપીચંદ પીવી સિંધૂની ટ્રેનિંગમાં કોઇ રસ દાખવી રહ્યા નથી. તેને પ્રેક્ટિસ માટે કોઇ તેના સ્તરનો કોઈ પાર્ટનર આપવામાં આવતો નથી. ગોપીચંદના વલણથી તે નારાજ થઈ છે.



# US સહિત 5 દેશમાં 60%થી વધુ કોરોનાના કેસ

વોશિંગ્ટન : વિશ્વમાં અત્યારસુધીમાં કોરોના સંક્રમણનો ભોગ બનેલા લોકોની સંખ્યા ચાર કરોડના આંકડાને પાર કરી ચૂકી છે. જોકે અત્યારસુધીમાં ત્રણ કરોડથી વધુ લોકો રિકવર પણ થઈ ગયા છે. વિશ્વમાં કોરોના અત્યારસુધીમાં ૧૧,૩૭,૯૬૮ લોકોનાં મોત થયા છે. વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪.૧૬ કરોડની નજીક પહોંચી ગઈ છે. કુલ દર્દીઓનો આંકડો ૪,૧૫,૯૮,૪૪૩ થયો છે. ૩,૦૯,૬૭,૮૩૦ લોકો સાજા થયા છે. એક્ટિવ કેસની સંખ્યા ૯૪,૯૨,૬૪૫ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૩૮,૬૧૫ નવા કેસ આવ્યા છે અને ૬૮૪૯નાં મોત થયા છે. વિશ્વમાં સૌથી વધુ સંક્રમિતોની સંખ્યા ધરાવતા ૫ દેશો અમેરિકા, ભારત, બ્રાઝિલ, રશિયા અને આર્જેન્ટિનામાં સંક્રમણના કુલ પૈકી ૫૮ ટકા અર્થાત ૨.૩૫ કરોડ નોંધાયા છે. જાણકારોનું કહેવું છે કે વિશ્વ કોરોના સંક્રમણના ચોથા મોજા તરફ આગળ વધી ચૂક્યું છે. અમેરિકામાં હાલ ત્રીજુ મોજું ચાલી રહ્યું છે. આ ઉપરાંત ચીનમાં ૧૧ જેટલી વેક્સિન તૈયાર થઈ રહી છે. જોકે કેટલીક રસીનો ઉપયોગ ઈમરજન્સીમાં કરવા છુટછાટ અપાઈ છે. બાકી રસીને હજી મંજૂરી નથી મળી. બીજી તરફ ઈઝરાયલમાં સંક્રમણના કેસ ઘટતાં પ્રતિબંધોમાં રાહત અપાઈ અપાઈ રહી છે. જો રશિયાની વાત કરવામાં આવે મોસ્કોમાં વીતેલા ૨૪ કલાકમાં વધુ ૫૦ સંક્રમિતોના મૃત્યુ નોંધાયા હતા. તે સાથે જ અહીં મૃતકોની સંખ્યા ૬ હજારને પાર થઈ ચુકી છે. બ્રિટનમાં વીતેલા ૨૪ કલાકમાં ૧૬ હજારથી વધુ કેસ નોંધાયા છે.



## ઈટલીના લોમ્બાર્ડીમાં ફરી ૧૧ હજાર કેસ, 3 અઠવાડિયા માટે કર્ફ્યુ

લોમ્બાર્ડી : લોમ્બાર્ડી સૌથી વધારે પ્રભાવિત શહેર બની ગયું છે, ૧૧,૭૦૦થી વધારે નવા કેસ સામે આવ્યા જે એક દિવસ પહેલાના છેલ્લા રેકોર્ડ ૧૦,૯૨૫થી વધારે હતો. ઈટલીના ઉત્તરીય લોમ્બાર્ડી વિસ્તારમાં ત્રણ અઠવાડિયા માટે રાત્રીના સમયે કર્ફ્યૂ લગાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. દેશવ્યાપી લોકડાઉન પૂર્ણ થયાં બાદ આ દેશમાં કોરોના વાઈરસ સામે ઉઠાવવામાં આવેલું સૌથી સખ્ત પગલું છે. કર્ફ્યૂ રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી લગાવવામાં આવશે અને તેને ગુરુવાર રાત્રેથી લાગૂ કર્યા બાદ ૧૩ નવેમ્બર સુધી રહેવાની શક્યતા છે. આ સાથે જ વીકએન્ડમાં મધ્યમ અને મોટાં શોપિંગ મોલ બંધ રહેશે.

## અસ્ટ્રાઝેનેકાની રસી અપાતા વોલન્ટિયરનું બ્રાઝિલમાં મોત

અસ્ટ્રાઝેનેકાની વેક્સિન ટ્રાયલનાં વોલન્ટિયરનું બ્રાઝિલમાં મોત થતા ફરી એકવાર વેક્સિનની ટ્રાયલમાં અવરોધો સર્જાયા છે. અસ્ટ્રાઝેનેકા અને ઓક્સફર્ડ યુનિવર્સિટીને સંયુક્ત રીતે કોરોનાની વેક્સિન વિકસાવવા થોડા સમય પહેલા મંજૂરી અપાઈ હતી. જો કે બે વ્યક્તિને તેની આડઅસર થતા ટ્રાયલ રોકવામાં આવી હતી. હવે બ્રાઝિલમાં એક વોલેન્ટિયરનું વેક્સિન લીધા પછી મૃત્યુ થયાનાં સમાચારથી ફરી એકવાર ટ્રાયલમાં અવરોધો સર્જાયા છે. જો કે મૃતકને હજી વેક્સિનનો ડોઝ આપવામાં ન આવ્યો હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

## ફ્લુ શોટ્સ લીધા બાદ સા.કોરિયામાં ૧૩નાં મોત

દુનિયાભરમાં કોરોનાની વેક્સિનની રાહ જોવાઈ રહી છે. તેની સાથે ફ્લુ શોટ્સ આપવાનું પણ આયોજન થઈ રહ્યું છે. જોકે, સાઉથ કોરિયામાં હાલ એવી સ્થિતિ સર્જાઈ છે, કે જેણે કોરોનાની રસી કેટલી અસરકારક રહેશે તેના પર મોટો સવાલ ઊભો કર્યો છે. સાઉથ કોરિયાના સત્તાવાર આંકડા અનુસાર, હાલના દિવસોમાં ફ્લુ શોટ્સ લીધા બાદ ૧૩ લોકોનાં મોત થયા છે. દેશના આરોગ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ અનુસાર, ૧૩માંથી છ લોકોના મોતને ફ્લુ શોટ સાથે કંઈ લાગતું-વળગતું ના હોવાનું જાણવા મળ્યું છે. જેથી, હાલ ૧.૯ કરોડ લોકો જેટલા લોકોને ફ્રીમાં વેક્સિન આપવાનું ચાલુ રખાશે. કોરિયા ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન એજન્સીએ દેશની સંસદમાં જણાવ્યું હતું કે મોતનો આંકડો વધી રહ્યો છે, પરંતુ ફ્લુ શોટ્સને કારણે આ મોત થયા હોવાની શક્યતા નહીંવત હોવાનું લાગી રહ્યું છે. સાઉથ કોરિયાએ આ વર્ષે ટ્વીન્ડેમિકને નિવારવા ફ્લુની ૨૦ ટકા વધુ રસી ઓર્ડર કરી છે.

## હવે ચીનમાં બ્રુસેલોસિસ નામની બીમારીનો કહેર, અનેક રાજ્યો ઝપેટમાં

બેઈજિંગ : ચીનમાંથી ઉદ્ભવેલા કોરોના વાયરસે આખી દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. તેવામાં ચીનમાં વધારે એક ચેપી બીમારી ફેલાઇ રહી છે. ચીનમાં હવે બ્રુસેલોસિસ નામની બીમારી ઝડપથી ફેલાઇ રહી છે. ચીનના અનેક રાજ્યોમાં હજારો લોકો આ બીમારીની ઝપેટમાં આવ્યાના સમાચાર મળી રહ્યા છે. આ બીમારી બ્રુસેલોસિસ નામના બેક્ટેરિયાના કારણે ફેલિ રહી છે. ચીની અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ બીમારીનો પહેલો કેસ ગયા વર્ષે જુલાઇમાં એક બાયોફાર્માસ્યુટિકલ કંપનીમાં લીકેજ બાદ સામે આવ્યો હતો. ગયા મહિને ગાંસુ પ્રાંતની રાજધાની લાન્ચોના સ્વાસ્થ્ય આયોગે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૩૨૪૫ લોકોને આ બેક્ટેરિયાનો ચેપ લાગ્યો છે.

## ન્યૂઝીલેન્ડમાં ઘણા સમય બાદ નવા ૨૫ કેસ નોંધાયા

ન્યૂઝીલેન્ડમાં ૨૫ નવા કેસ નોંધાયા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. મંત્રાલયના નિવેદન અનુસાર, ઘણા લાંબા સમય બાદ એક દિવસમાં એક સાથે આટલા વધારે કેસ સામે આવ્યા છે. તેમાંની બે ઘટના કોમ્યુનિટી ટ્રાન્સમિશનની છે તથા તેના સિવાયના તમામ કેસ આઈસોલેશન સાથે સંકળાયેલા છે. બીજી તરફ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનનો એક અમેરિકામાં કોવિડ-૧૯ના કારણે મૃત્યુનો જે આંકડો જાહેર કરવામાં આવ્યો છે તે બમણો થઈ શકે છે. કૈમ્પેનિયાના દક્ષિણી ક્ષેત્રમાં મંગળવારે જાહેરાત કરી કે તે આ નિયમનું પાલન કરશે.







# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

**Dr. Salim Kapadia** DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

---

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



## MOTEL KING :Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL – NEAR COCHRANE**<br>Asking Price: $1,100,000<br>SOLD CONDITIONAL | **27 ROOM MOTEL – IN SARNIA**<br>Asking Price: $1,649,000<br>SOLD – OCTOBER 2020 | **12 ROOM MOETL – NEAR NORTH BAY**<br>Asking Price: $849,000<br>SOLD – SEPTEMBER 2020 |
| **42 ROOM MOTEL – NORTH OF TIMMINS**<br>In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business<br>About 30% down payment require<br>**Asking Price: $1,300,000** | **15 ROOM MOTEL – B/W LONDON & SARNIA**<br>Just off Hwy 402, about 4.8 acres commercial lot, 5 rooms with Kitchenette, many rooms given to workers on weekly & monthly basis. Easy operation & Low operating costs, schools near by<br>**Asking Price: $999,000** | **12 ROOM MOTEL – HUNTSVILLE/MUSKOKA**<br>Asking Price: $1,100,000<br>SOLD – OCTOBER 2020<br><br>**30+ ROOM MOTEL – NR. SAULT STE. MARIE**<br>Seller willing to hold mortgage at 35% down<br>**Asking Price: $2,000,000** |
| **18 ROOM MOTEL – 1.5 HRS FORM OTTAWA**<br>With 3 BR Apt, 8 rooms top to bottom renovated like new, rest partially renovated. Only motel in town, No competition. 14 rooms given to monthly customers since long time for steady & regular income. Price to Sell. Good for first time buyer.<br>**Asking Price: $799,000** | **27 ROOM MOTEL – NR. THUNDER BAY AIRPORT**<br>Well maintained rooms & huge house. Within the city on prime intersection, year round business + additional income from Commercial tenants (coffee shop & beauty salon). Price reduced. VTB available<br>**Asking Price: $1,999,000** | **OTHER MOTELS FOR SALE**<br>Niagara Falls - $ 2 M to $ 5 M<br>Bruce Peninsula area - $ 1M to $ 2.5M<br>Other small motels in Ontario<br>Principal Buyer- need to sign B R A on particulars<br><br>**FRANCHISE MOTELS & HOTELS FOR SALE**<br>Asking Price: $3M to $7M, Small VTB Available<br>3 to 7 Hrs. About 40% down payment require<br>Please call for more info |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke